ભક્તકવિશ્રી

છીતસ્વામી

જશવંત મહેતા

પ્રવીણ પુસ્તક ભંડાર
લાભ ચેમ્બર્સ, મ્યુ. કૉર્પો. સામે, ઢેબર રોડ, રાજકોટ.

BHAKTA-KAVISHRI CHHITSWAMI
By : Jashvant Mehta
Published by : Pravin Prakashan Pvt. Ltd., Rajkot - 360 001

પ્રકાશક :
પ્રવીણચંદ્ર એમ. પટેલ
પ્રવીણ પ્રકાશન પ્રા. લિ.,
લાભ ચૅમ્બર્સ, મ્યુ. કૉર્પો. સામે,
ઢેબર રોડ, રાજકોટ.
ફોન : 232460 / 234602

© લેખકના

પ્રથમ આવૃત્તિ : ૧૯૯૮

કિંમત : રૂા. ૩૦

મુદ્રક :
પ્રવીણ પ્રકાશન પ્રા. લિ.
વેરાવળ (શાપર),
જિલ્લો : રાજકોટ.
ફોન : (028275) 2764 / 2967

માનવીના "માંયલા"માં
ભક્તિ, જ્ઞાન અને "તત્ત્વ"નો
વાણી દ્વારા
ત્રિવેણીસંગમ સર્જતા
તત્ત્વચિંતક
મિત્ર
ડૉ. સર્વેશ વોરાને

સપ્રેમ

- જશવંત મહેતા.

"ભઈ અબ ગિરિધર સૌં પહચાન"

"ભઈ અબ ગિરિધર સૌં પહચાન" અને "હમ તો શ્રી વિઠ્ઠલનાથ ઉપાસી" - જેવા ભક્તિ, નિષ્ઠા અને સમર્પણ ભાવથી છલકતા "અષ્ટ સખા"વૃંદના ભક્તકવિ "છીતસ્વામી" વિષે કહેવાય છે કે - પુષ્ટિસંપ્રદાયના "વાલિયા" લૂંટારા શ્રી વલ્લભનંદન ગુસાંઈજીની કૃપાથી "વાલ્મીકિ" બની ગયેલા કવિરત્ન હતા. આ અર્થ વાચ્યાર્થમાં જ લેવાનો છે, કારણ કે "વાલ્મીકિ" તો એના જ નહીં, પણ આજના યુગના પણ મહાકવિ હતા જેમણે "રામાયણ" જેવો મહાન ગ્રંથ જગતને આપ્યો. પરંતુ એક વાત હકીકત છે કે "છીતસ્વામી" એમની યુવાવસ્થામાં તામસી પ્રકૃતિના બ્રાહ્મણ-કુળ ને ચતુર્વેદી કુળના - વિપથગામી બની ગયેલા છળ, કપટ, બીભત્સ વર્તન, દાદાગીરી અને લૂંટફાટના રસ્તે ચડી ગયેલા એક "દુષ્ટ" જીવ હતા...પુષ્ટિસંપ્રદાયના શ્રીમદ્ વલ્લભાચાર્યજીના આત્મજ "માનવપારખુ" ઝવેરી શ્રી વિઠ્ઠલનાથજીની સાથે છલ કરી પોતાના અહમ્‌નું - જ્ઞાનનું પ્રદર્શન કરવા ગોકુલ આવેલા "છીતસ્વામી" શ્રીગુસાંઈજી સાથેની પ્રથમ મિલને જ મળેલી "દૃષ્ટોદૃષ્ટ"ના પરિણામે...શ્રી વલ્લભનંદનના પરમ ભક્ત - સેવક એવા તો બની ગયા કે જિંદગીભર "હમ તો શ્રી વિઠ્ઠલનાથ ઉપાસી" રટતા રહ્યા. શ્રી નવનીતલાલજી અને શ્રી ગોવર્ધનનાથજીની સદાય સેવા કરતાં કરતાં પણ જેની સાથે "ભઈ અબ ગિરિધર સૌં પહચાન" - એવા ગુસાંઈજીમાં પણ "ગિરિધર"નાં દર્શન કરતાં... "છીતસ્વામી ગિરિધરન શ્રી વિઠ્ઠલ"ની અંતિમ પદપંક્તિ સાથે પદો લખતા રહ્યા, ગાતા રહ્યા.

"છીતસ્વામી"નાં પદોના કોઈ સંગ્રહો પ્રકાશિત થયેલા જાણવામાં આવ્યા નથી. ખાસ કોઈ પ્રમાણિત પ્રાચીન સંગ્રહોમાંથી જડતાં નથી. એમના જીવનકાળ દરમિયાન જે કાંઈ પદો એમનાં છૂટાછવાયા સ્વરૂપે - ધોળપદોની હસ્તપ્રતોમાંથી મળ્યાં છે...એની સંખ્યા બસોથી વધુ નથી. ઋતુઋતુમાં શ્રી ગોવર્ધનનાથજી સમક્ષ ગિરિરાજજીમાં કે ગોકુલમાં શ્રી નવનીતપ્રિયાજી સમક્ષ જે કાંઈ પદો - અષ્ટસખાઓ દ્વારા ગવાતાં રહ્યાં, તેમજ પ્રસંગને અનુરૂપ વસંત, હોળી, દીપાવલી, જન્માષ્ટમી, ઇત્યાદિ પ્રસંગો વખતે વધાઈ, કીર્તન, રસિયાનાં પદો રચાતાં રહ્યા, કર્ણોપકર્ણ સંભળાતાં રહ્યાં - જે કાંઈ સચવાતાં રહ્યાં - એના જે સંગ્રહો કાંકરોલી વિદ્યાસભા દ્વારા પ્રગટ થતા રહ્યા, એમાં "છીતસ્વામી"નો બસો પદોનો સંગ્રહ જે ઉપલબ્ધ છે એ જ અને એટલું જ છે છીતસ્વામીનું પદસાહિત્ય, જે આજે પુષ્ટિસંપ્રદાયની હવેલીઓમાં, મંદિરોમાં ગવાતું રહ્યું છે. આ હવેલીઓ, મંદિરોમાં પણ કેટલીક સચવાઈ રહેલી જીર્ણશીર્ણ હસ્તપ્રતોમાંથી પણ "છીતસ્વામી"ની કેટલીક રચનાઓ કાંકરોલી વિદ્યાસભાના ગ્રંથમાં ગ્રંથસ્થ થઈ છે. એ સંપ્રદાયના પુષ્ટિભક્તો - પદસાહિત્યના રસિયાઓ માટે ખૂબ જ આનંદની વાત છે...

કાળની પતઝડમાં પણ "છીતસ્વામી"નાં કેટલાંક પદો આજે પણ ટકી રહ્યાં

છે...એ કવિની સંનિષ્ઠ સાધના અને ભક્તિભાવનાનાં દ્યોતક છે.

છીતસ્વામીના સાહિત્યનો વિચાર કરીએ તો એમનાં પદોને ત્રણ વિભાગમાં વહેંચી શકાય:

(૧) વર્ષોત્સવ પદો: જેમાં જન્માષ્ટમી, દિવાળી, હોળી, વસંત, રક્ષાબંધન ઇત્યાદિ સંપ્રદાયમાં ઊજવાતાં અનેક પર્વોની ઉજવણી નિમિત્તે જેવા કે

"સકલભુવન કી સુંદરતા વૃષંભાનુ ગોપ કેં આઈ રી
જાકૌ જસુ ગાવત સિબ, મુનિજન, નિગમ ચતુર્મુખ બાઈરી (રાધાષ્ટમી-વધાઈ)
"ગોવર્ધન કી સિખર ચારૂ પર ફૂલી નવ માધુરી જાઈ
મુકુલિત ફલદલ સઘન મંજરી સુમનસ-સોભા બહુતૈ ભાઈ ।। (વસંત)

"આયૌ રિતુરાજ સાજ, પંચમી વસંત આજ"
મૌરે દ્રુમ અતિ અનૂપ અંબ રહે ફૂલી (વસંતપંચમી)

"સુરંગી હોરી ખેલૈ સાંવરો શ્રી વૃંદાવન માંઝ
વ્રજ કી નવલ જુ નાગરી, ઘિરિ આઁઈ સબસોઝ (હોળી)

વર્ષોત્સવનાં પદો ૫૭ની સંખ્યામાં શોધખોળના પરિણામે મળ્યાં છે.

છીતસ્વામીના હસ્તે લખાયેલાં શ્રી ગુંસાઈજી પરનાં ઉત્સવ પરની વધાઈનાં પદો, આશ્રયપદો પણ વર્ષોત્સવના વિભાગમાં જેવાં કે

"જબ તેં ભૂતલ પ્રગટ ભએ
તવ તેં સુખ બરસત સબહિનિ પર આનંદ અમિત દએ! (ગુંસાઈજી પરની વધાઈ)

આ વધાઈપદોમાં એક આશ્ચર્ય એ રહ્યું છે કે શ્રી વલ્લભ પર છીતસ્વામીનું એક પણ પદ મળતું નથી...આ અંગે સંશોધનની જરૂર છે, કારણ કે શ્રી વિઠ્ઠલનાથજી પર વારી ગયેલા છીતસ્વામીના હાથે શ્રીવલ્લભની વધાઈનાં પદો ન રચાયાં હોય એવું બને નહીં.

(૨) લીલા પદો : શ્રીમદ્ ભાગવત અને એમાં પણ દશમસ્કંધના બાળલીલાના પ્રસંગો પર "અષ્ટસખા"ના સાહિત્યસર્જનમાંથી અઢળક પદોનો ભંડાર મળે છે. અષ્ટસખાઓનાં કાવ્યોના વિષયોમાં બાળલીલાનાં કાવ્યોનો પ્રકાર સૂરદાસ, કુંભનદાસ, પરમાણંદદાસ, નંદદાસ ઇત્યાદિ દ્વારા ખૂબ જ સફળ રીતે - "કાવ્યત્વ"સભર ખેડાયો છે. દાણલીલા, માનલીલા, પલના, હિંડોળા, શૃંગાર, શયન, ગ્વાલ, મંગળા...ઇત્યાદિની પદરચનાઓમાં છીતસ્વામીનો ફાળો સુપેરે સારો રહ્યો છે. લગભગ ૧૦૬ પદોનું નિર્માણ જેવાં કે...

"પ્રાત ભયૌ જાગૌ બલિ મોહન! સુખદાઈ (મંગળા)

"કરત કલેઉ મોહનલાલ (કલેઉ)

"ભોગ સિંગાર મૈયા...સુનિ મૌંકો... (શૃંગાર)

"ભોજન કરત નંદલાલ, સંગ લિએ ગ્વાલબાલ (છાકભોજન)

"નાગર નંદલાલ કુંવર મોરનિ સંગ નાચે (સ્વરૂપવર્ણન)
"રાધિકા સ્યામસુંદર કો પ્યારી (સ્વામિની- સ્વરૂપવર્ણન)
"આધી આધી અંખિયનિ ચિત્તવતિ પ્યારી જ
આધૌ આધૌ મનભયૌ જાત ગિરિધર કો (યુગલસ્વરૂપ)
"ગિરિધરલાલ મનોહર મૂરતિ નિરખિ નૈન ચિત્ત રહ્યો લૂભાઈ (આસક્તિ)
"આગેં કૃષ્ણ, પાછેં કૃષ્ણ, ઈત કૃષ્ણ, ઉત કૃષ્ણ (આસક્તિ-અવસ્થા)
"અહો! વિધના! તોપૈં અંચરા પસારિમોગૌ
જનમુ - જનમુ દીજૈ યાહી વ્રજં બસિધૌ (પ્રાર્થના)
"મધુર મોહનમુખ હિં મુરલી બાજૈ (મુરલીવાદન)
"આરતી કરતિ જસુમતિ મુદિત લાલ કૌં (આરતી)
"મેરી કહ્યૌં તૂ માનતિ નૌ હિનૈ (માન)
"નંદનંદન સંગ રાધિકા નાગરી
કરત રતિ - કેલિ અતિ કુંજ કેં સદનમેં (પરસ્પર સંમિલન)
"પૌઢી પિય સંગ વૃષભાનુ - કુમારી (શયન)

આ લીલાપદો નિત્યકીર્તન-સ્વરૂપે શ્રીજીબાવા અને શ્રી નવનીતલાલજીનાં દર્શન સમયે રચાતાં રહ્યાં હતાં.

(૩) પ્રકીર્ણ પદો : પ્રકીર્ણ પદોની સંખ્યા લગભગ ૨૮ની છે જેમાં વિનંતી, આશ્રય, માહાત્મ્ય ઇત્યાદિ પ્રકારનાં પદો સીમિત છે.

આમ બધાં મળીને લગભગ ૨૦૦ પદોનું છીતસ્વામીનું સાહિત્ય કાંકરોલી વિદ્યાસભાના પરિશ્રમ - ઉદ્યમના પરિણામે ભાવકને મળે છે. અન્ય અષ્ટછાપ કવિઓના મુકાબલે છીતસ્વામીનાં પદોની ઉપલબ્ધિ સંખ્યાની દૃષ્ટિએ ખૂબ જ ઓછી છે. મંદિરો, હવેલીઓ, શ્રીવલ્લભ કુળના બાળકો તેમજ પદસાહિત્યના રસિયા વૈષ્ણવજનોનાં ઘરોમાં હજી પણ છીતસ્વામીનાં પદો કદાચ સચવાયાં હોય તો એને પ્રકાશિત કરી આપણા પુષ્ટિ-પદસાહિત્યને વધુ ને વધુ સમૃદ્ધ કરવાની તાતી જરૂર આજના પ્રક્ષુબ્ધ કાળમાં - જે કાળ પંદરમી સદીના અંધકારમય વાતાવરણની યાદ આપે છે એવા સમયે પ્રકાશિત કરવાની જરૂર છે. પુષ્ટિસંપ્રદાયનું આવું અમૂલ્ય શબ્દધન અંધારિયા ખૂણામાં સડતું રહે- તો એ સંપ્રદાયની - સંપ્રદાયના આચાર્યોની - વૈષ્ણવોની - સાહિત્યરસિકોની એક મોટી શરમ છે.

છીતસ્વામીના ભાવુક હૃદય પર ભક્તિસુધાનું જે અમીવર્ષણ થયું - એમાંથી કવિ છીતસ્વામીનો જન્મ થયો છે એ એક નિ:શંક વાત છે. છીતસ્વામીનો પૂર્વકાળ જોઈએ તો...આ માનવી સંસારસાગરના ખારા પાણીમાંથી શ્રીવલ્લભનંદનની અનહદ કૃપાના કારણે બહાર નીકળી ભક્તિના શીતલ માધુર્યનો કર્તા બની રહ્યો...એ એક

મોટી વાત છે. છીતસ્વામી શાસ્ત્રીય સંગીતના પ્રખર જ્ઞાતા હતા - પરિણામે એમના હૃદયમાંથી સ્ફુટ થતી પદાવલિઓ આપોઆપ લય, તાલ અને ભાવનો ત્રિવેણીસંગમ બનીને જ પદસાહિત્યની અસ્ખલિત વહ્યે જતી ધારાઓનો એક ભાગ બની...એમાં લુપ્ત થઈ જતો હોય છે. એમની રચનાઓમાં માધુર્યનો ભાવ સદાય છલકાતો રહ્યો છે. છીતસ્વામી પરની “ગિરિધરન શ્રી વિઠ્ઠલ”ની કૃપા જ એની કાવ્યશક્તિ બની રહેલી. શ્રી ગુસાંઈજીએ “છીતુચૌબે”ની જગ્યાએ પ્રથમ મિલને જ “છીતુસ્વામી” કહી શરણાગતિનો ભાવ જે પ્રગટાવી દીધો એ એક મોટી ચીજ હતી. શરણાગતિની દૃઢભાવનાની સ્થાપનાના પરિણામે દીનતા, નિઃસાધનતા, અકર્મણ્યતા, સાધનભાવ અથવા સાધનશૂન્યતાએ છીતસ્વામીના સ્વભાવમાં મહાન પરિવર્તન લાવી દીધું હતું. એમનામાં વિવેક, ધૈર્ય, આશ્રય અને વિશ્વાસ જાગ્યાં અપરિગ્રહવ્રત દ્વારા. એમણે એ જીવનને વધુ ને વધુ સમૃદ્ધ બનાવ્યું.

છીતસ્વામીનાં પદો સાહિત્યિક દૃષ્ટિએ - શૈલીની દૃષ્ટિએ અન્ય અષ્ટછાપ કવિઓની તુલનામાં સર્વોત્કૃષ્ટ નથી. કાવ્યશૈલી શિથિલ છે. “છીતસ્વામીનાં પદો પર સૂરદાસ, કુંભનદાસ તેમજ ગોવિંદસ્વામીનાં પદોની છાયા ક્યારેક દેખાય છે. આમ છતાં ભાવાભિવ્યક્તિની દૃષ્ટિએ એમનાં પદોની અવગણના ન કરી શકાય. કવિની પ્રાણશક્તિમાં જેટલી ભાવાનુભૂતિ સમૃદ્ધ - એટલો કવિ એની કાવ્યરચનામાં સમૃદ્ધ. ભાવ અને ભક્તિ એકબીજાનાં પૂરક સદાય રહ્યાં છે. ભાવ આત્માભિવ્યક્તિ છે, તો ભક્તિ આત્મનિષ્ઠા છે. બન્નેના સમન્વય અને સંતુલનમાંથી ઉત્તમ કોટિના કાવ્યની સૃષ્ટિ સર્જાતી હોય છે. ભાવ અને ભક્તિની એકરૂપતા - કાવ્ય અને જીવનની એકરૂપતા પણ ક્યારેક બની જાય છે. “છીતસ્વામી” એમના “વિઠ્ઠલ ગિરધર”ના ભાવબંધનમાં એટલા તો એકાકાર થઈ ગયા હતા કે એ સાનભાન ગુમાવી બેસતા હતા. ભક્તકવિઓ હંમેશાં એમના બાહ્ય સ્વાતંત્ર્યને ઘણીવાર ભૂલી જતા હોય છે અને ઈશ્વરમાં તદુપતાનું નિરૂપણ કરતા રહ્યા છે. છીતસ્વામી કોમળહૃદયી કવિ હતા. એમની ભાવસૃષ્ટિ સમૃદ્ધ હતી જે એમનાં કાવ્યપુષ્પોથી ફલિત થાય છે. એમનું સંગીતનું જ્ઞાન પણ અગાધ હતું. પરિણામે એમની રચનાઓ તાલ, લય અને સ્વરને એકસૂત્રે બંધાયેલી નજરે પડે છે. એમનાં પદોમાંની રસાનુભૂતિ - ભક્તમાનસની લીલાનુભૂતિમાંથી સર્જાતી રહે છે અને ગંગાયમુનાના સરળ પ્રવાહની જેમ ભાવકના હૃદયમાં વહ્યા કરે છે...એમનાં પદોમાં વર્ણનવિષયોની પુનરાવૃત્તિ જવલ્લે જ જોવા મળે છે.

અંતમાં, ભાવ અને ભક્તિના સમન્વયના કવિ છીતસ્વામીના હૃદયમાંથી જે ઊર્મિ પ્રગટ થઈ...અને એ ઊર્મિના આધારે હૃદયતલના ઊંડાણેથી જે ગાનલહરી પ્રગટ થઈ - એ પદલહરીમાં જ ભક્તકવિ - એના પ્રિયતમ - શ્રી ગોવર્ધનધરના પ્રેમપાશમાં બંધાઈને જે વિવશતાના અધિકારી બને છે એ વિવશતા - એ ભાવ એ કાવ્ય...

- જશવંત મહેતા

જે વસુદેવ કિયે પૂરન તપ

"અષ્ટસખા" ગ્રંથમાળાનો પાંચમો મણકો -" ભઈ અબ ગિરિધર સૌં પહચાન" - ભક્તકવિ "છીતસ્વામી"નાં જીવનકવન પર આધારિત ગ્રંથ ગુજરાતના મારા વિશાળ વાચકવર્ગ સમક્ષ રજૂ કરતાં છીતસ્વામીનાં જ પદ "જે વસુદેવ કિયે પૂરન તપ"ની પંક્તિ જ યાદ આવે છે. મારા યુવાન મિત્ર શ્રી ગોપાલભાઈએ મારી કલમે આલેખાયેલી "અષ્ટસખા"ની શ્રેણીના ગ્રંથો પ્રગટ કરવાની મનીષા પ્રગટ કરી ત્યારે અંતરમાં આનંદ તો થયો, પરંતુ આ કાર્ય પણ એક "તપશ્ચર્યા" છે એનું ભાન તો જેમ-જેમ એકએક ભક્તકવિ પર લેખનકાર્ય કરતો ગયો તેમ-તેમ થવા માંડ્યું.

"છીતસ્વામી"નાં જીવનકવન પર આધારિત આ નવલકથાના આલેખનનું તપ "વસુદેવે" જ પૂર્ણ કર્યું છે એવું હું માનું છું.

"પુષ્ટિસંપ્રદાય"નાં મારાં પ્રકાશનોને પણ ગુર્જરપ્રજાએ મારાં અગાઉનાં સર્જનોની જેમ જ હોંશેહોંશે વધાવી લીધાં છે એનો સંતોષ અને આનંદ વ્યક્ત કરું છું.

મારી સર્જનપ્રક્રિયામાં શ્રી વલ્લભકુળના આચાર્યો, પુષ્ટિસંપ્રદાયના વિદ્વાન શાસ્ત્રીઓ, ભક્તો, જ્ઞાનીજનો ઉપરાંત તત્ત્વચિંતકોનો તેમજ અપ્રાપ્ય સંદર્ભગ્રંથો મેળવી આપનાર અનેક મિત્રોનો ખૂબખૂબ આભારી છું. 'અષ્ટસખા' ભક્તકવિઓનાઆઠપુસ્તકોની સંપૂર્ણ હસ્તપ્રતો તેનું પ્રૂફરીડીંગ અત્યંત કાળજીપૂર્વક અને ભાવપૂર્વક ખૂબજ નિષ્ઠાથી પ્રોફેસર શ્રી નટુભાઈ રાજપરાએ આ કાર્ય કરેલ છે તે બદલ હું તેનો અત્યંત આભારી છું. પ્રવીણ પ્રકાશનના મારા યુવામિત્રો શ્રી ગોપાલભાઈ, પ્રવીણભાઈ અને અન્ય સહકાર્યકરોને પણ આ પ્રસંગે યાદ કરી લઉં છું. આભાર. પ્રતિભાવ આવકાર્ય.

- જશવંત મહેતા

પ્રીતમ પ્રીતિ તેં બસ કીનોં ।
ઉર અંતર તેં સ્યામ મનોહર નેકહું જાન ન દીનોં ॥
સહિ નહિં સકત બિછુરનોં પલ ભરિ ભલૌં નેમું યહ લીનોં ।
"છીતસ્વામી" ગિરિધરન શ્રી વિઠ્ઠલ ભક્તિ કૃપા રસ ભીનોં ॥

- છીતસ્વામી

બાદર ઝૂમિ ઝૂમિ બરસન લાગે ।
દામિની દમકત ચૌંકિ સ્યામ ઘન ગરજન સુનિ સુનિ જાગે ॥
ગોપી દ્વારેં ઠાઢી ભીંજતિ મુખ દેખન કારન અનુરાગે ।
"છીતસ્વામી" ગિરિધરન શ્રી વિઠ્ઠલ ઓતપ્રોત રસ પાગે ॥

- છીતસ્વામી

મોંકો બલ હૈ દોઉ ઠૌર કૌ ।
ઈક બલ મોંકોં હરિભક્તનિ, કૌ દૂજૈં નંદકિસોર કૌ ॥
મન ક્રમ બચન ઈહૈ વ્રત લીનૌ નાહિ ભરોસૌ ઔર કૌં ।
"છીતસ્વામી" ગિરિધરન શ્રી વિઠ્ઠલ શ્રી વલ્લભ સિરમૌર કૌ ॥

- છીતસ્વામી

પિય નવરંગ ગોવર્ધનધારી ।
અભિનવ રસ સિંગાર સરસ શ્રી વિઠ્ઠલ પ્રભુ ચિત્ત ચારી ॥
સુખદ, સરૂપ, સુખદ હિત ચિતવનિ, વૃંદાવિપિન-વિહારી ।
"છીતસ્વામી" સુખ સુલભ સુપથ શ્રી વલ્લભ - મત અનુસારી ॥

- છીતસ્વામી

આજુ મૈં દેખે નંદ-નંદન પિય ।
મોર મુકુટ મકરાકૃતિ કુંડલ, નિરખિ - નિરખિ હુલસ્યૌ મેરૌ હિય ॥
નટવર-ભેષ સુદેસ સ્યામ કૌ દેખિ, ન મોહૈ એસી કૌન તિય ।
"છીતસ્વામી" ગિરિધરનલાલ છબી ચિત્ત હી વિચારત મુદિત ॥

- છીતસ્વામી

"સૂર સૂર જસ હૃદે પ્રકાસત, પરમાણંદ બઢાવત ।
"છીતસ્વામી" ગોવિંદ જુગલ બસ, તન પુલકિત જલ આવત ॥

- રસિકદાસ

અ-નુ-ક્ર-મ

૧. પહેલી જ મુલાકાતમાં જિતાઈ ગયા / ૧૩
૨. શ્રીવિઠ્ઠલની કૃપાથી ખોટો રૂપિયો સાચો થઈ ગયો / ૧૮
૩. 'હમ તો શ્રી વિઠ્ઠલનાથ ઉપાસી' / ૨૨
૪. બીરબલનું પુરોહિતપદ છોડી દીધું / ૩૦
૫. શ્રી વિઠ્ઠલ પ્રગટ કૃષ્ણ અવતાર / ૩૫
૬. મોંકો બલ હૈ દોઉ ઠોરકો / ૪૧
૭. ભઈ અબ ગિરિધર સૌં પહેચાન / ૪૮

છીતસ્વામી

જન્મ સમય-સ્થાન : સંવત ૧૫૭૨, મથુરા

દીક્ષા : સંવત ૧૫૯૨

ગોલોક વાસ : ૧૬૪૨

નામ : છીતસ્વામી

જ્ઞાતિ : મથુરાના ચતુર્વેદી બ્રાહ્મણ

દિન-નિત્યલીલા : સુબલસખા

રાત્રી-નિત્યલીલા : પદ્માસખી

નિકુંજનાયક : શ્રીનાથજી બાહુ-કટિ

આસક્તિ : વિઠ્ઠલનાથજીના સ્વરૂપમાં

શ્રી ગિરિરાજજીમાં અધિકૃત દ્વાર : ગિરિરાજનું અપ્સરાકુંડ

દુપાલા : શૃંગારના પ્રેમી

દર્શન : સંધ્યા આરતી

વ્રજમાં સ્થાન : અપ્સરાકુંડ

પુષ્ટીમાર્ગીય અમારા શ્રેષ્ઠ પ્રકાશનો

બસો બાવન વૈષ્ણવોની વાર્તાઓ (ત્રણ જન્મની લીલા ભાવના સાથે)	શાંતિલાલ એમ. મહેતા	૩૦૦-૦૦
ચોર્યાસી વૈષ્ણવની વાર્તાઓ	શાંતિલાલ એમ. મહેતા	૧૨૫-૦૦
બૃહદ્ શિક્ષાપત્ર	શાંતિલાલ એમ. મહેતા	૧૫૦-૦૦
વ્રજ પરિક્રમા	શાંતિલાલ એમ. મહેતા	૧૦૦-૦૦
ચોર્યાસી બેઠકજીનું ચરિત્ર	શાંતિલાલ એમ. મહેતા	છપાય છે
મધુરાષ્ટકમ્	શાંતિલાલ એમ. મહેતા	૧૫-૦૦
સર્વોત્તમ સ્તોત્ર (સટીક)	શાંતિલાલ એમ. મહેતા	૩૩-૦૦
નિત્ય નિયમ પાઠ	શાંતિલાલ એમ. મહેતા	૧૫-૦૦
ષોડષ ગ્રંથો	શાંતિલાલ એમ. મહેતા	૨૦૦-૦૦
ભ્રમરગીત રસબોધિની	શાંતિલાલ એમ. મહેતા	૧૧૦-૦૦
બ્રહ્મસંબંધનો ગદ્યમંત્ર	શાંતિલાલ એમ. મહેતા	૨૫-૦૦
શ્રીનાથજીનું પ્રાકટ્ય	શાંતિલાલ એમ. મહેતા	૨૫-૦૦
શ્રીકૃષ્ણ: શરણં મમ	શાંતિલાલ એમ. મહેતા	૨૫-૦૦
શ્રદ્ધાંજલિ (ધૂન-ભજન-કિર્તન-આરતી સંગ્રહ)	મનમોહન કૃષ્ણ	૨૫-૦૦
પુષ્ટિ સુધા બિંદુ	જયંત જી. ગાંધી	૪૫-૦૦
ભલે પ્રગટ્યા શ્રી વલ્લભદેવ	જશવંત મહેતા	૧૧૦-૦૦
વંદુ શ્રી વિઠ્ઠલવર વૃજરાય	જશવંત મહેતા	૧૧૫-૦૦
ભક્તકવિશ્રી કુંભનદાસ	જશવંત મહેતા	૫૫-૦૦
ભક્તકવિશ્રી સૂરદાસ	જશવંત મહેતા	૫૦-૦૦
ભક્તકવિશ્રી નંદદાસ	જશવંત મહેતા	૩૫-૦૦
ભક્તકવિશ્રી ચતુર્ભુજદાસ	જશવંત મહેતા	૩૦-૦૦
ભક્તકવિશ્રી છીતસ્વામી	જશવંત મહેતા	૩૦-૦૦
ભક્તકવિશ્રી ગોવિંદસ્વામી	જશવંત મહેતા	
ભક્તકવિશ્રી પરમાનંદદાસ	જશવંત મહેતા	
ભક્તકવિશ્રી કૃષ્ણદાસ	જશવંત મહેતા	

પ્રવીણ પુસ્તક ભંડાર

લાભ ચેમ્બર્સ, મ્યુ. કોર્પો. સામે, ઢેબર રોડ, રાજકોટ.
ફોન : ૨૩૨૪૬૦/૨૩૪૬૦૨

૧. પહેલી જ મુલાકાતમાં જિતાઈ ગયા

"અબે સુનો હૈ કી અડેલ સોં ગોકુલ કો ફકીર આયો હૈ."

મથુરાના વિશ્રામઘાટ પર પથરા પર ભાંગ વાટતો પડછંદકાય "છીપો" કટાક્ષમાં બોલી ઊઠ્યો.

"હાં ભૈયા સુનો તો હૈ બડો વિદ્વાન, જ્ઞાની સંત હૈ-"

મથુરાના પાંચ માથાભારે ચોબાઓમાંનો બીજો ચોબો ઘોઘરા અવાજે બોલી ઊઠ્યો.

ઉનાળાના દિવસો હતા. ગરમીથી બચવા મથુરા ગામના કેટલાક અલ્લડ, અલમસ્ત જમુનાજીના છોરાઓની ટોળકી ઠઠ્ઠા-મશ્કરી કરતી, ભાંગ વાટવાની ક્રિયા કરી રહી હતી. વચ્ચે વચ્ચે મોટા કર્કશ અવાજે "જમુનામૈયા" કી જે બોલાવતા, તો વળી કોઈક ગોરી, કોઈક સાંવરી યુવાન કન્યાઓ જલ ભરવા કે યમુનાજીમાં સ્નાન - આચમન કરવા વિશ્રામઘાટના પગથિયે ઘૂમટો તાણી આવતી તો, આ ઇશ્કમિજાજી તોફાની પંડાઓ, લગભગ ખુલ્લી અર્ધી જાંઘ પર થાપટ મારતાં "ગોરી તેરો કહાન જમુનાતટ આયો" જેવી પંક્તિઓ લલકારતા, મૂછો પર તાવ દેતા, યુવાન લલનાઓની મશ્કરી કરતા હતા.

બિચારી ગભરુ "છોરીઓ", ઝટપટ યમુનાપાન કરી, ઘડૂલો ભરી, માથાભારે "છીત"ના પાંચ તોફાની ગુંડાઓથી બચવા ઝડપી પગલે વિશ્રામઘાટ છોડી, બજાર તરફ વળી જતી.

છીત અને એની પાંચ ગુંડાઓની ટોળકીની મથુરા ગામમાં ભારે ધાક હતી. લુચ્ચા, લફંગા ઠગ લોકોની એ ટોળી હતી. છીત ચોબો એ બધાનો સરદાર હતો. મથુરાના માથુર ચતુર્વેદી બ્રાહ્મણ પરિવારમાં સંવત ૧૫૭૨માં જન્મેલા "છીત"ના વડીલોનો "તીર્થગોર" તરીકેનો વ્યવસાય હતો. બચપણથી જ તામસી પ્રકૃતિનો તોફાની "છીત" એની ઉંમરના ચારપાંચ પંડાઓના છોકરાઓ સાથે મસ્તીતોફાન સાથેસાથે વધતી જતી ઉંમરમાં ગુંડાગીરી, ચોરી, લૂંટફાટ તેમજ યુવાન કન્યાઓની બીભત્સ મશ્કરીઓથી નામચીન ગુંડા તરીકે પ્રખ્યાત થઈ ગયો હતો.

આખો દિવસ વિશ્રામઘાટ પર બેસી આવતી-જતી સ્ત્રીઓની મશ્કરી કરવી, પરગામથી આવી ચડેલા યાત્રાળુઓને ઠગવા અને ગુંડાગીરી કરી પજવવા, બસ એ જ એ ગુંડાટોળીનાં કાર્યો હતાં. મથુરાની પ્રજા આ ગુંડાઓથી ત્રાસી ગઈ હતી. હાકેમ આગળ ફરિયાદ કરવા ગયેલા બેચાર સજ્જન પર હુમલા કરી - સમસ્ત પ્રજાને મૂંગીમંતર કરી દીધી હતી.

આજે મહાશિવરાત્રીનો દિવસ હતો. "શિવભક્ત" "છીત" એની ટોળકી સાથે વહેલી સવારથી વિશ્રામઘાટ પર અડિંગો જમાવીને બેઠો હતો. મહાશિવરાત્રીના પર્વને

કારણે વિશ્રામઘાટ પર આબાલવૃદ્ધ - મથુરાવાસીઓની સારી એવી ભીડ જામી હતી. એમાં મથુરાની યુવતીઓ પણ "સોળ સજી શણગાર" હોંશભરી ઘરની બહાર લાજના ઘૂમટાઓ તાણી, રંગબેરંગી સાડીઓ પહેરી, વિશ્રામઘાટ તરફ યમુનાપાન અને સ્નાન કરવા આવતી હતી, ત્યારે જ પાંચ ગુંડાઓમાંનો સરદાર છીપો અભિમાનથી ચકચૂર દશામાં બોલી ઊઠ્યો:

"અબે સુનો હૈ કી અડેલસે ગોકુલ કો ફકીર આયો હૈ."

છીત ચોબાની ટોળકી આજે ભોલે શંકરનો જન્મદિન મનાવી રહી હતી. આ ટોળકી માટે "ભાંગપાન"નો અને તોફાનમસ્તીનો દિવસ હતો. "બમ બમ બોલે...જય શિવશંકર"ના મોટા અવાજો સાથે ભાંગના લોટાના લોટા પીને બજારમાં, ઘાટ પર અને અંધારી ગલીઓમાં છાકટા થઈ છીત - ચોબાની ટોળી દિવસ દરમિયાન રખડ્યા કરવાની હતી...

"અબે જ્ઞાની, સંત કાયકો?" છીત ચોબો તૈયાર થયેલી ભાંગનો મોટો લોટો ગટગટાવી જતો બોલ્યો.

"અબે છીત, સૂનો હૈ જ્ઞાનવાર્તામેં બડો પક્કો હૈ ઔર બડોં બડોંકી છૂટ્ટી કર દી હૈ ઉન્હે." - ટોળીનો જ એક ચોબો બોલ્યો.

"ઔર જાદુ ટોના ભી જાનત હૈ"

"અબે ક્યા જાનત હૈ, હંમાર કસોટી મૈં સે નીકલ જાય તો માનું કી વો બડો સંત હૈ. મેરી ઠગવિદ્યા કો પહચાન લે તો માનું કી વો ભી કોઈ હૈ બાકી..." છીતો આગળ બોલતો અટકી ગયો. એની ચકળવકળ આંખોમાં નશો જામતો જતો હતો.

"છીતા, ઓ છીતા!"

"બોલ કાહી બાત હૈ?"

"મૈં કહુ ચલ ઉનકી કસોટી કરને ગોકુલ ચલે."

"હાં હાં ચલો...ઉસકી તો છૂટ્ટી કર દૂંગો...મૈં કોન...છીતા ઉસ્તાદ!"

"અબે ઉસ્તાદ, તેરી ઠગવિદ્યા કી કમાલ કર કે દીખાવ તો મૈં જાનું કી તું બડો ચાલાક, ઉસ્તાદ ઠગ હૈ."

"દેખ અગર ઉસ ગોકુલકા ફકીર કો ઠગ દીયો, તો કલ "ચકાચક" ઔર "ભાંગપાની" તેરી ઔર સે લૂંગો હાં!"

"કબુલ હૈ ઉસ્તાદ...મેરી ઔર સે "ચકાચક" ઔર ભાંગપાની... જય ભોલેનાથ..."

"હર હર ગંગે...જય જમુનામૈયા..."

જમુનામૈયાનો જયજયકાર બોલાવતી છીતુની ટોળીએ વાતાવરણમાં ધમધમાટી બોલાવી દીધી.

“અબે...નંદા...સુનો હૈ ગોકુલકે ગોંસાઈ ભામન હૈ ક્યા!”

“હાં, છીતા!”

“તો વો ભી ભામન...હમ ભી ભામન...બાત જમેગી...ઔર હમ તો ઠહરે પૂરે તીર્થગોર...પૂરાનકાલસે...ઔર વો ગોસાંઈ...”

“છીતુ...વો તો બડે બડે કો સેવક બનાતો ફિરતો હોવે...બડે બડે ધનિક ઉસકે ચરણમેં સોનાચાંદી કે ઘરેને ભેટ ધરતે હૈં...પૂરા જાદુટોના જાનત હૈ...જરા સાવધાન રહિયૌ, મેરે યાર!”

“અરે તુમ ભી દેખત રહીયો યે છીતુ ઉસ્તાદ કી કમાલ...હાં તું એક કામ કર.” છીતાએ એનો કાર્યક્રમ ઘડવા માંડ્યો.

“બોલ છીતા, ક્યા કરના હૈ?”

“તું એક ખોખલા નારિયેલ લેકે આ...ઔર વો અપના રૂપમલ મારવાડી કે પાસસે ખોટા રૂપૈયા લેકે આ.” છીતો બોલ્યો.

છીતાનો સાથીદાર ખોખલું નારિયેળ અને ખોટો રૂપિયો લઈ આવ્યો. ઉસ્તાદ છીપાએ નાળિયેરનાં થોડાંક છોડાં ખોલીને કાચલીમાં કાણું પાડીને રાખોડી ભરી કાણું પૂરી, છોડાં સરસ રીતે ગોઠવીને મલકાતો બોલી ઊઠ્યો: ,

“અબ દેખિયો યે “છીતુસ્વામી” કી કમાલ!”

બીજા દિવસે વહેલી સવારે આખીય ટોળકી ધમાચકડી બોલાવતી ઘડીકમાં રામધૂન તો ઘડીકમાં ગોપાલધૂન...તો ઘડીકમાં ‘ગોવિંદ બોલો હરિ ગોપાલ બોલો’ની ધૂન સાથે તો વળી ઘડીકમાં રામલીલા, કૃષ્ણલીલા કે નવટંકીનાં ગીતોની પંક્તિઓના મોટા અવાજ સાથે ગોકુળમાં પ્રવેશી. છીપાની ટોળકીનાં પરાક્રમોથી પરિચિત એવા દુકાનદારોએ ટપોટપ એમની દુકાનો બંધ કરવા માંડી...છીપો જ્યારે જ્યારે એની ટોળકી સાથે ગોકુલગામમાં આવતો ત્યારે આતંક છવાઈ જતો. લૂંટફાટ, ગાળગલોચ અને મારામારી કર્યા વગર એ રહેતો નહીં.

શ્રી નવનીતપ્રિયાજીનાં ઉત્થાપનનાં દર્શનથી પહોંચી શ્રી વિઠ્ઠલનાથજી ઠકરાણી ઘાટ પર છોકરના વૃક્ષ નીચે બિરાજતા સંધ્યાવંદન - કરતા ધ્યાનસ્થ દશામાં બેઠા હતાં. એમની સાથે દામોદરદાસ હરસાની અને બીજા પણ કેટલાક સેવકો હતા. છીતને બજારમાં કોઈકે કહ્યું કે શ્રી વિઠ્ઠલનાથજી શ્રી ગુસાંઈજી ઠકરાણીઘાટ પર બિરાજે છે, એટલે એ એની ટોળકી સાથે એ દિશામાં વળ્યો.

છીત ચોબાએ શ્રી વિઠ્ઠલેશજીની અનોખી પ્રતિભા વિષે ઘણું સાંભળ્યું હતું. છીત રસિયો જીવ હતો. મથુરાની ષોડશી કન્યાઓ પર, જમુનામૈયા પર, ગોકુલ-વૃંદાવનની કુંજગલીઓમાં ભગવાન શ્રીકૃષ્ણે કરેલી રાસલીલા પર એ ક્યારેક સરસ પદો રચતો...ક્યારેક ગાતો પણ ખરો, પરંતુ એની આ કલાપ્રવૃત્તિ, કાર્યપ્રવૃત્તિ - એનામાં રહેલી રાજસ અને તામસ વૃત્તિમાં દબાઈ જતી. રાતદિન બુદ્ધિ અને ચતુરાઈનો

ઉપયોગ લોકોને ઠગવામાં, હેરાન કરવામાં જ એ વધુ કરતો. પરિણામે એના હૈયામાં દબાયેલી કલાપ્રવૃત્તિને - એ સત્‌ને ક્યારેય બહાર પ્રગટવાનો મોકો જ મળતો નહોતો. ખુદ "છીતો" જ એ દિશામાં લાપરવાહ હતો.

શ્રી વિઠ્ઠલેશજી ઠકરાણીઘાટ પર ધ્યાનસ્થ દશામાં શ્રી નવનીતપ્રિયાજી તેમજ શ્રી ગોવર્ધનનાથજી સાથે તન, મન અને બુદ્ધિનું અનુસંધાન કરતા ઈશ્વરભક્તિમાં લીન હતા ત્યાં જ કોઈકનો પદરવ થયો અને તરત જ

"મહારાજ દંડવત સ્વીકારજો"નો અવાજ કાને પડતાં જ પુષ્પની પાંદડીઓ ધીમે ધીમે પ્રભાતના પહોરમાં ખીલે એ રીતે શ્રી વલ્લભનંદનનાં નેત્રો ધીમે ધીમે ખૂલ્યાં. નજર સામે એક અલમસ્ત બેફિકરા, આંખોમાં ગર્વ અને સમગ્ર અંગમાં તામસ અને રાજસના ભાવો પ્રગટાવતો પડછંદકાય છીત ચોબો ખડો હતો. એના ચહેરા પર તિરસ્કારપૂર્ણ અભિમાન છલકતું હતું.

"કોણ, છીતસ્વામી...આવો આવો!"

છીતચોબાને આશ્ચર્ય થયું. પ્રથમ મિલને જ શ્રી વિઠ્ઠલેશજી ઓળખી ગયા હોય તેમ એને માનથી નામ સાથે બોલાવ્યો. છીતસ્વામી એક ક્ષણ પૂરતા અવાક્ બની ગયા...

થોડીવાર પહેલાં જ...

"મિત્રો, આપણે બધાએ એકસાથે જવાનું નથી. તમે બધા જ મારા જેવા પાકા ઉસ્તાદો છો, પરંતુ હું એમની નજીક સાવ એકલો જઈશ અને આ ગોકુલના ફકીરના ધતિંગોનું સર્વેક્ષણ કરીશ અને પછી જરૂર પડશે તો તમને બોલાવીશ...આ શિકાર મારો છે અને મને એને માપવા દો."

છીપાએ એના મિત્રોને છોકરના વૃક્ષથી થોડેક દૂર ઊભા રાખીને કહ્યું.

"સારું...પણ જરૂર પડે તો હાક મારજે, છીતુ."

"હોવે..." કહેતો છીતુ ઠકરાણીઘાટ પરની શ્રી મહાપ્રભુજીની બેઠક પાસે આવેલા છોકરના વૃક્ષ નીચે ધ્યાનસ્થ દશામાં બિરાજેલા શ્રીવલ્લભનંદન પાસે ગયો.

"કોણ, છીતસ્વામી...આવો...આવો."

છીત ચોબાને આશ્ચર્ય થયું. પ્રથમ મિલને જ શ્રી વિઠ્ઠલેશ એને ઓળખી ગયા હોય એમ એને માનથી નામ સાથે બોલાવ્યો. એક બાજુ દામોદરદાસ હરસાણીજી તો બીજી બાજુ નંદદાસજી ઊભા હતા. છીત ચોબાની જગ્યાએ શ્રી વિઠ્ઠલેશે એને "છીતસ્વામી" કહ્યો. એના આશ્ચર્યનો પાર ન રહ્યો. મથુરાથી નીકળ્યા ત્યારે ગોકુલના આ ફકીરને એની ઠગવિદ્યામાં કેવા ગૂંચવી દેવા એના અનેક નુસ્ખાઓનો સરંજામ લઈને એ આવ્યો હતો. શ્રી વલ્લભનંદનની મધુર-મિષ્ટ વાણીના શ્રવણ સાથે જ એ સરંજામના પોટલાની ગાંઠો ઢીલી પડવા માંડી.

એણે એક નજર તેજરાશિ શ્રી વિઠ્ઠલેશ પર નાખી અને એકાદ ક્ષણ પૂરતી એ ઝળહળતી આંખો સામે મંદમંદ સ્મિતપૂર્ણ કરુણા વરસાવતી તેજોમૂર્તિને જોઈ એની સમગ્ર કાયામાં કંપ પ્રસરી ગયો.

એ વિસ્ફારિત નયને...આકુળવ્યાકુળ હૈયે કેટલીય પળો સુધી મંદમંદ સ્મિત વેરતાં શ્રીવલ્લભનંદન વિઠ્ઠનાથજીને બસ જોતો જ રહ્યો.

જોતો જ રહ્યો...જોતો જ રહ્યો...બસ જોતો જ રહ્યો...

૨. શ્રીવિઠ્ઠલની કૃપાથી ખોટો રૂપિયો સાચો થઈ ગયો

"અરે છીતસ્વામી, જાગો...ક્યાં હતા અત્યાર સુધી?"

વાતાવરણમાં ગંભીર પ્રેમાળ સ્વર જાગી ગયો.

"હેં...હેં...હા...હા" - છીતસ્વામી તંદ્રામાંથી મધુર રવના શ્રવણ સાથે ઝબકીને જાગી ગયા. આંખો સામે એ જ તેજોમૂર્તિ મંદ મંદ કૃપાળુ સ્મિત વરસાવતી હતી. એમની સમગ્ર કાયામાં રણઝણાટી પ્રસરી ગઈ. રોમેરોમ જાગી ઊઠ્યાં.

"નહીં નહીં...આમ કોઈની પ્રતિભામાં અંજાઈ જાય એ બીજો... આ છીતો નહીં" - અહમ્‌નો અજગર જે તેજધારાથી એક ક્ષણ પૂરતો અંજાઈને સંકોરાઈ ગયો હતો તે શરીરને ટટ્ટાર કરતો ફૂંફાડા મારતો ખડો થઈ ગયો.

"મહારાજ, સેવકની આ નાનકડી ભેટ સ્વીકારશો?" - કહેતો છીતો શ્રી વલ્લભનંદનના ચરણે ઢળી પડ્યો. કોને ખબર કેમ ખુદ છીતાને એના કાર્ય માટે આશ્ચર્ય થતું હતું. ચાર આંખો મળતાં જ સમગ્ર અંગમાં કંઈક વિચિત્ર ભાવો સર્જાઈ જતા હતા. એ એની બે આંખો શ્રી વિઠ્ઠલેશજીનાં નેત્રો સાથે મિલાવી શકતો નહોતો. ચાર આંખોનું તારામૈત્રક તૂટી જતાં ફરી પેલો અભિમાનનો અજગર ફેણો ઊભી કરતો ખડો થઈ જતો હતો.

છીપાએ એના ખભે લટકાવેલા ખેસમાં બાંધેલા ખોખરા પાણીવિહોણા નારિયેળને ખેસમાં વીંટાળીને શ્રી વિઠ્ઠલેશજીના ચરણે - ખોટા રૂપિયા પર મૂકીને ધર્યું. શ્રી વિઠ્ઠલેશે પ્રસન્નતાપૂર્ણ હાસ્ય રેલાવતાં એમનાં ખભે લટકતા ઉપરણાને ઊંચકી છીતાના ખેસમાં વીંટળાયેલા નારિયેળ પર મૂકી દીધો. શ્રી વિઠ્ઠલેશજીના ચહેરા પર એ જ નિર્મળ કરુણામય સ્મિત વિલસી રહ્યું હતું.

છીતો શ્રી વિઠ્ઠલેશજીના ચહેરા પર બદલાતા જતા ભાવોને જોઈ રહ્યો. એને હતું કે જો વિઠ્ઠલેશજી સાચા સંત હશે તો દિવ્યદૃષ્ટિથી જ પાણી વગરના નારિયેળ અને ખોટા રૂપિયાની એની "ઠઠ્ઠા"- રમતને પામીને ગુસ્સે થઈ જશે અને એ ગુસ્સામાં એમનું સંતપણું ધોવાઈ જશે, અને જો નારિયેળ-સિક્કાને પારખી જ નહીં શકે તો પછી કાંઈ સવાલ જ થવાનો નહોતો.

એ આખાય ગોકુલગામમાં...અને વ્રજમંડળમાં ઢંઢેરો પીટીને શ્રી વિઠ્ઠલેશજીને "ઢોંગી સંત" તરીકે બદનામ કરશે... શ્રી વિઠ્ઠલેશજી તો એ જ એનું મધુર હાસ્ય વાતાવરણમાં વેરી રહ્યા હતા.

"દામોદરદાસજી..." - શ્રી વિઠ્ઠલેશજી બોલ્યા.

"આજ્ઞા, કૃપાનાથ!" દામોદરદાસ હરસાણીને, છોકરડા સરખા ઉદંડ છીતા પર

મનોમન તિરસ્કાર આવતો હતો. વૃદ્ધ અનુભવી શ્રી વલ્લભના પ્રથમ સેવકને થતું હતું કે શ્રી વલ્લભનંદન - આવા અજડ - અજ્ઞાની - સારાય વ્રજમંડળમાં જેની ઠગવિદ્યાથી બદનામ છે એવા આ મથુરાના ચોબા પર નાહકની કૃપા વરસાવે છે. એ આ “તોફાન” પર ગુસ્સામાં કાંઈ પણ બોલે ત્યાં તો-

“દામોદરદાસજી, મારી તૃષા આ નારિયેળના પાણીથી છિપાવવી છે. જલદી એને ફોડવાનો પ્રબંધ કરો.”

દામોદરદાસજીએ શ્રી વિઠ્ઠલેશજીનો ઉપરણો નારિયેળ પરથી ઉઠાવી, શ્રી વિઠ્ઠલેશજીના ચરણે નારિયેળ ધરી, ઠકરાણીઘાટના એક પગથિયાની કિનાર સાથે... “જય જમુના મૈયા” કરતાં પછાડ્યું...અને એ જ ક્ષણે નારિયેળમાંથી જલધારાનો વિસ્ફોટ થયો અને છીતાની આંખો ફાટી ગઈ. એનું માથું નમી ગયું. શ્રી વિઠ્ઠલેશજીના ચરણ પાસે પડેલો ખોટો રૂપિયો પણ શ્રી વિઠ્ઠલેશજીએ એમની હથેળીમાં લીધો. એક પળમાં જ એમણે

“અરે કૃષ્ણદાસ, આ રૂપિયાનું પરચૂરણ કરાવી અહીં ઊભેલા આ ગરીબ ભૂલકાંઓ વચ્ચે વહેંચી દ્યો.”

“અરે કૃષ્ણદાસ...રૂપિયો આપો, હું પરચૂરણ આપું.”

“ના...ના...કૃષ્ણદાસ, એ રૂપિયો અહીં લાવો. હું તમને પરચૂરણ આપીશ.”

“હું-”

“નહીં હું-”

“રૂપિયો મને આપો.”

“રૂપિયો મને આપો.”

“રૂપિયો મને આપો.”

વાતાવરણમાં હંગામો થોડીક ક્ષણો માટે મચી ગયો.

ખોટા રૂપિયાનું પરચૂરણ આપવા માટેની વૈષ્ણવો વચ્ચેની હુંસાતુંસી પર છીતો મનમાં હસવા લાગ્યો.

કૃષ્ણદાસ મેઘને રૂપિયાનું પરચૂરણ એક વૈષ્ણવ પાસેથી જ્યારે મેળવ્યું ત્યારે છીતાની આંખો ફાટી ગઈ. ખોટો રૂપિયો સાચો બની પરચૂરણમાં વેરાઈ ગયો હતો.

કેમ જાણે એક ખોટો છીતો...સાચો દૈવી જીવ બની...વૈષ્ણવોના હૃદયમાં વેરાઈ ગયો ન હોય!

શ્રી વિઠ્ઠલેશના ચહેરા પર તો એ જ પ્રસન્ન સ્મિત પલકી રહ્યું હતું. છીતાએ પ્રસન્નવદન શ્રીવલ્લભનંદન સામે જોયું. ચહેરા પરના સ્મિત પાછળ કોઈ પણ પ્રકારના અભિમાનનો કે એને “માત” કર્યાનો, એને હરાવ્યાનો ગર્વ નહોતો. એ જ મંદ મંદ કરુણાસભર સ્મિત.

છીતો બેબાકળો બની શ્રી વિઠ્ઠલેશજીના ચરણમાં ઢળી પડતો, આંખોમાંથી

અશ્રુના શ્રાવણ ભાદરવાની હેલી વરસાવતો રડતો રડતો બોલી ઊઠ્યો:

"કૃપાનાથ, મારો અપરાધ ક્ષમા કરો. હું કપટી પાપી પતિત તમારી સાથે છલ કરવા...તમારી સુગંધિત પવિત્રતા પર મારી પાપી ઠગવિદ્યાનો ડંખ મારવા આવ્યો હતો. તમારા સાચજૂઠનાં લેખાં લેવા આવ્યો હતો. આપ તો, કૃપાનાથ, ભગવાનના અવતાર છો. આ ખાલી નારિયેળ જેવો હું અભિમાનથી ભર્યો ભર્યો તમારી કસોટી કરવા આવ્યો. ખોટા રૂપિયા જેવી મારી ઠગવિદ્યાનો બોદો રણકાર સંભળાવવા આવ્યો હતો, પરંતુ કૃપાનાથ, તમે તો મારી આબરૂ સાચવી...મારા પાપકર્મને પુણ્યકાર્યમાં ફેરવી નાખ્યું. કૃપાનાથ, બધાં જ પાપો માફ કરી મને શરણે લ્યો."

"છીતસ્વામી...ઊઠો...તમે પતિત જીવ છો જ નહીં. પાપી પણ નથી...આપણો પુષ્ટિમાર્ગ તો પ્રમેયનો માર્ગ છે - પ્રમેય એટલે ભગવદ્-શક્તિ, ભગવદ્-ભક્તિ અને ભગવદ્-ઇચ્છાની પ્રબળતાનો માર્ગ છે. તમે લોકવિરુદ્ધ-ધર્મવિરુદ્ધ કાર્ય કર્યું જ નથી, મારા વ્હાલા ગોવર્ધનનાથે તમારી પાસે કરાવ્યું છે. એની કૃપા વગર પાંદડુંય હલતું નથી. મારા ગોવર્ધનધરે જ તમને નિમિત્ત બનાવી કરેલા આ કાર્ય પાછળ પણ ઈશ્વરની કંઈક મરજી જ હશે. માણસમાત્રના જીવનમાર્ગમાં પ્રભુ માણસની પરીક્ષા લેતો હોય છે. તમારી પણ પરીક્ષા આ રીતે કરી અને પછી જ શરણમાં લેશે. તમારું મૂળસ્વરૂપ "દૈવી" છે...છીતસ્વામી...તમે તમારા મૂળસ્વરૂપને જાણો...તમારા મન પર તામસ-રજસની રજ દુ:સંગના કારણે ચડી ગઈ હતી. ભગવત્કૃપાથી મેં તો ધૂળને ખંખેરવાની જ પ્રવૃત્તિ કરી છે ને તમારા મૂળસ્વરૂપનું જ્ઞાન કરાવ્યું છે. તમે મનમાં જરાયે રંજ ન રાખશો."

"પ્રભુ...પ્રભુ, તમારી દયાનો કોઈ પાર નથી. આ પાપી જીવમાં તમને "દૈવી" જીવનાં દર્શન ક્યાંથી થયાં? હું તો રોજ જમુનાજીના ખોળે સ્નાન કરું છું, પાઠ કરું છું, પૂજા કરું છું, પરંતુ મને ક્યારેય મારામાં રહેલા "પુણ્યત્વ"નાં દર્શન થયાં નથી." એ જ વખતે હરસાણીજીએ શ્રી વિઠ્ઠલેશજીનાં ચરણ પકડ્યા કરતાં છીતને કહ્યું:

"ભાઈ, તારું તો આયખું સુધરી ગયું અને ગુરુ બિન જ્ઞાન જગતમાં કોઈને મળ્યું છે તે તને મળે?"

શ્રી વિઠ્ઠલેશે ગંભીર સ્વરે છીત-ચોબાને કહ્યું :

"સ્વામી શાનો...હું તો આપનો દાસ છું. આજ્ઞા કરો."

"સાંભળ્યું છે કે તમે તો ખૂબ જ સુંદર પદોની રચના કરો છો. જમુનામૈયા તમારાં પદોથી ખૂબ પ્રસન્ન છે. તો ભલા એકાદ પદ અમને પણ સંભળાવો ને."

"ગુરુદેવ, આ તમે શું કહ્યું? હું અને પદ્યકાર...પ્રભુ, થોડાક શબ્દોનાં ચોસલાં મતિ પ્રમાણે ગોઠવું છું. મારાં એ જમુનામૈયા અને મારા વ્હાલા આગળ મારા ખોટા રૂપિયા જેવા ખોટા શબ્દોનાં જોડકણાં છે જોડકણાં!"

"છીતસ્વામી, શ્રી વિઠ્ઠલેશજીના હાથમાં આવેલો ખોટો રૂપિયો પણ જો એમની

કૃપાથી સાચો થઈ જાય છે, તો તમારાં જોડકણાં પણ કેમ કવિતા - પદો નહીં બની જાય? શ્રી વિઠ્ઠલેશજીનું નામ લઈને તમને ગમે તેવું પદ આ ઠકરાણીઘાટ પાસે બિરાજતાં જમુનામૈયાને ને ગુરુદેવને સંભળાવો.” કૃષ્ણદાસ મેઘને કહ્યું.

“હા...છીતસ્વામી...કાંઈક સંભળાવો.”

“કરુણાનિધાન...આપના શરણે આવ્યા વગર આ પાપી, કુટિલ રસનાથી પ્રભુને કેવી રીતે રીઝવી શકીશ?”

“છીતસ્વામી...ભક્તિરસથી ભરપૂર એવી વાણીના તમે તો જ્ઞાતા છો...તમારાં પદો વિષે અગાઉ અમે સાંભળ્યું છે...તમે મારા નવનીતપ્રભુના લાડલા જીવ છો. તમારા હૃદયમાં બિરાજેલો મારો નાથ - ગોવર્ધનધર જ તમને કશુંક ઠાકોરજીને પ્રિય એવું પદ ગવડાવશે.” શ્રી વલ્લભનંદન બોલ્યા.

“પ્રભુ...મારા ગોવર્ધન...મારા શ્રીજીબાવા...મારા શ્રીવલ્લભ આપ જ છો...આપ થકી હું નવો જ અવતાર પામ્યો છું...કૃપાનાથ “અબ તો ભઈ ગિરિધર સૌં પહચાન!”- બોલતા બોલતા દ્રવિત થઈ ગયા...ઘડીભર તો સાનભાન ગુમાવી બેઠા...અને એ જ ધ્યાનસ્થ વાતાવરણમાંથી એમના મુખમાંથી પદ સરી પડ્યું

ભઈ અબ ગિરિધર સૌં પહચાન।
કપટરૂપ ધરિ છલિયે આયો
પુરુષોત્તમ નહીં જાન
ભઈ અબ ગિરિધર સૌં પહચાન
છોટો બડો કછુ નહિ જાન્યો
છાઈ રહ્યો અજ્ઞાન
“છીતસ્વામી” દેખત અપનાયો
શ્રી વિઠ્ઠલ કૃપાનિધાન...
ભઈ અબ ગિરિધર સૌં પહચાન.

- આખુંય વાતાવરણ વિઠ્ઠલમય - ગિરિધરમય બની ગયું.

છીતસ્વામીની ધીમે ધીમે ખીલેલી આંખો અને અંગ શ્રી વિઠ્ઠલેશના ચરણમાં કેટલીય પળો સુધી સ્થિર થઈ ગયાં.

૩. 'હમ તો શ્રી વિઠ્ઠલનાથ ઉપાસી'

"છીતસ્વામી!"

- અચાનક તંદ્રામાંથી જાગૃત કરતો શ્રી વિઠ્ઠલેશજીનો મધુર સ્વર છીતસ્વામીને કાને પડ્યો.

"કૃપાનાથ..." - છીતસ્વામી આગળ બોલી ન શક્યા. હજી પણ એ તો "ભઈ અબ ગિરિધર સૌં પહચાન"ના રંગમાં જ હતા. હવે એમને બીજું કશું જ સૂઝતું જ નહોતું. સૃષ્ટિમાં એમનું કંઈ પણ કહી શકાય તેવું સમસ્ત સંપૂર્ણ શ્રી વિઠ્ઠલેશજીના શરણે એમણે સમર્પણ કરી દીધું હતું. હવાના એક ઝોકે એક માનવીની જિંદગીમાં અનોખું, અદ્‌ભુત પરિવર્તન આણી દીધું હતું.

"તમારા ચાર સાથીઓ બહાર ઊભા છે એને ભૂલી ગયા?" - શ્રી વિઠ્ઠલેશે હસતાં હસતાં કહ્યું.

"પ્રભુ...ભલે ઊભા તીર પર અને ભલે જોતા આ "છીત"નો તમાશો."

"છીતસ્વામી...આ નારિયેળની કરચોનો પ્રસાદ તો તમારા એ સાથીઓ વચ્ચે વહેંચી આવો."

"હા, પ્રભુ...એમના જીવનો પણ ઉદ્ધાર ભલે થઈ જતો...મારા ભેરુઓને હું આપની આજ્ઞાથી પ્રસાદ આપી આવું."

- કહેતાં છીતસ્વામી નારિયેળના કાચલામાં પ્રસાદી લઈ બહાર નીકળ્યા...

"અરે છીતુ...આટલી બધીવાર ક્યાં હતો? ગોકુલના ફકીરને તારી ઠગવિદ્યાના સાણસામાં લીધા કે નહીં? એનો ભાંડો ફોડી નાખ્યો હોય તો...બોલી નાખ, યાર. આપણે આખુંય ગોકુળ ગજાવી નાખીએ" - ઘણા લાંબા સમય પછી શય્યાબેઠકમાંથી બહાર નીકળેલા દોસ્ત છીતાને જોઈ મિત્રો ઘેરી વળ્યા અને એકીઅવાજે બોલવા માંડ્યા.

"અરે, છીતુ, ક્યાં હતો?"

"મને ખબર નથી, દોસ્તો! કે હું ક્યાં હતો? પરંતુ એક વાત તો સાચી છે કે હું એવાના સાંનિધ્યમાં હતો કે મારો બેડો પાર...મારા ભવની ભાવટ ભાંગે તેવા માહોલમાં હું હતો..."

"એટલે? સમજાયું નહીં."

જવાબમાં છીતસ્વામી મસ્તીથી "ભઈ અબ ગિરિધર સૌં પહચાન" ગાવા માંડ્યા અને બોલી ઊઠ્યા...

"દોસ્તો, આમ તો હું કૃષ્ણની વાતો બચપણથી સાંભળતો આવ્યો છું, પણ શ્રી ગોવર્ધનધરનું પ્રત્યક્ષ મિલન આજે થયું."

"હોય નહીં, છીપા, તારી બુદ્ધિ તો બહેર મારી ગઈ નથી ને!" - એક ઠગમિત્ર બોલ્યો.

"અરે હોય! આજે મેં એમને ઓળખ્યા...મારી સામે જ બિરાજે છે...એ જ કૃષ્ણ...આ ભગવાનનું સ્વરૂપ નહીં ઓળખવાથી હું કપટ કરીને એમને છેતરવા આવ્યો. હું પામર જીવ ક્યાં અને પ્રગટ પુરુષોત્તમ ક્યાં! આટલી વાત પહેલાં મને કેમ ન સમજાઈ? જ્યાં અંધકાર છવાયેલો હોય ત્યાં વસ્તુનું સાચું રૂપ દેખાય ક્યાંથી? અંતરમાં અંધકાર છવાયેલો હતો તેથી મેં કુટિલતા કરી. પણ મારા સ્વામી વિઠ્ઠલેશ સેવાકૃપાના ભંડાર છે...મને જોતાં જ આ દુષ્ટ જીવને- મને અપનાવી લીધો."

"અરે આ છીતિયો...તો ગયો કામથી... ભામ્મન ચેલો થઈ ગયો! અલ્યા આ ગોકુલના ફકીરે તો તને જોતાં વેંત મૂંડી નાંખ્યો ને શું?" પાંચની ટોળકીના એક મિત્રે કહ્યું...

"ભાઈઓ, હું તો આ અસાર સંસારસાગરમાં ડૂબી રહ્યો હતો. ત્યાં આ કપટીની બાંય પકડીને મારા શ્રી વિઠ્ઠલે બહાર કાઢ્યો...મારાથી થઈ ગયેલા ખોખરા નારિયેળ અને ખોટા રૂપિયાના કપટને વિશાળહૃદયી મહાત્મા ગુસાંઈજીએ જલભરેલું શ્રીફળ અને ખોટામાંથી સાચા રૂપિયાની શોધ કરી એ કાંઈ ઓછું કાર્ય છે?"

- મિત્રોને થયું કે એનો દોસ્ત "છીતિયો" જે રીતના રંગો કરી રહ્યો છે - એમાંથી કોઈ પણ પ્રકારની "ભૌતિક" મદદ હવે એમને નહીં મળે, કારણ કે દોસ્ત છીતો...હવે એમના કામથી ગયો માની છીતસ્વામીની મશ્કરી કરતા એને છોડીને ચાલ્યા ગયા. છીતસ્વામીના હાથમાં નારિયેળના પ્રસાદની કાછલી ઠઠ્ઠી રહી...

છીતસ્વામી મિત્રોને જતા કેટલીય વાર સુધી જોતા રહ્યા.

એ દોડીને શ્રી વિઠ્ઠલેશજીના ચરણે જઈ બેસી ગયો.

"છીતસ્વામી, મોહમાયાથી ભરપૂર સંબંધો છોડતાં બહુ દુઃખ થાય છે કે શું?" - જવાબમાં છીતસ્વામી બોલી ઊઠ્યા:

"કૃપાનાથ...આ દુઃખ તો ક્ષણિક છે...વર્ષોજૂના - કદાચ યુગયુગ-જૂના આ મોહમાયાનાં ઝાળા આ જીવ પર ભાઈ, બહેન, મિત્રો, સગાંઓના નામે બાઝી ગયાં હતા...એ તો આપના પ્રથમ દર્શને...આપની પ્રેમાળ વાણી સાંભળતાં...આપનું શરણ સ્વીકારતાં જ ખરી પડ્યાં...આપ સમા તેજસ્વી તેજોમૂર્તિ પ્રકાશધરે મારાં સર્વ પાપોનો ક્ષય કરી નવો જન્મ આપ્યો..." કહેતાં છીતસ્વામીએ શ્રી વિઠ્ઠલેશજીના સાંનિધ્યમાં એક નવું જ પદ ઉપાડ્યું...

હૌં ચરણાત પત્રકી છૈયાં ।
કૃપાસિંધુ શ્રી વલ્લભનંદન બહ્યો, જાત રાખ્યો ગહિ બહિયા ॥
નવ શીખ શરદ ચન્દ્રમા મંડલ, ત્રિવિધ તાપ મેથી છિનમહિયા ।
"છીતસ્વામી" ગિરિધરન શ્રી વિઠ્ઠલ સુજસ બખાન સકત શ્રુતિ નહિયાં ॥

"છીતસ્વામી...તમે તો આખુંય વાતાવરણ ભક્તિમય બનાવી દીધું ને શું!" "મહારાજ...હું તે કોણ? આ બધું જ આપની કૃપાનું ફળ છે. આપશ્રી જ શ્રુતિ અને વેદનો પાર છો...આપનું જ્ઞાનામૃત ઝીલવાનો અધિકાર આ સેવકને પ્રાપ્ત થાય તેવી પ્રાર્થના."

સંધ્યા આરતીનો સમય થતાં જ શ્રી ગુંસાઈજીએ છીતસ્વામીને બોલાવ્યા:

"છીતસ્વામી, ગોકુલ આવ્યા છો તો આપણા લાડલેલાલ નવનીતપ્રિયાજીનાં દર્શન કર્યાં?"

"કૃપાનાથ, આપની આજ્ઞા અને કૃપા થાય તો દર્શન થાય."

"સાયં આરતીનાં દર્શન ખૂલ્યાં છે, તો તમે દર્શનમાં પહોંચો...બાલગોપાલ લાડલેલાલ નવનીતપ્રિયાજીનાં દર્શન કરી આયખાને અજવાળો." શ્રી વલ્લભનંદને આજ્ઞા કરતાં કહ્યું.

છીતસ્વામી... "લાડલે લાલકી જે...શ્રી નવનીત પ્યારે કી જે"ના જયઘોષ કરતા નિજમંદિરમાં પ્રવેશ્યા...

વિશાળ પરિસરમાં અનેક વૈષ્ણવો "લાડલેલાલ"નાં દર્શન કરવા આવ્યા હતા. ચહેરા પર આર્દ્રભાવ ખીલતો જતો હતો. હૃદય ગદ્‌ગદિત અને આંખોમાં વિરહ-તાપનાં આંસુ...તન અને મન "લાલન"માં ખોવાઈ જવા તડપી રહ્યાં હતાં. છીતસ્વામીના હૈયામાં આ પળોમાં એક "ખાલીપણું" સર્જાઈ ગયું. "ચિત્ત ચોંટ્યું...કુંવર કાન્હમાં" જેવી પરિસ્થિતિ છીતસ્વામીની થઈ ગઈ...

સુવર્ણજડિત સિંહાસન પર નાનકડા નવનીતપ્રિયાજી પ્રસન્નચિત્તે બિરાજતા હતા. છીતસ્વામી લાડલેલાલનાં દર્શન કરતાં ભાવવિભોર થઈ ગયા...આંખોમાંથી આંસુની ધારા વહેવા માંડી. અંતરમાંથી શબ્દો સરી પડ્યા...

આજુ મૈં દેખે નંદ-નંદન પિય ।
મોર મુકુટ મકરાકૃતિ કુંડલ, નિરખિ હુલસ્યો મેરૌ હિય ॥
નટવર મેષ સુદેસ સ્યામ કૌ દેખિ, ન મોહૈ ઐસી કૌન મિતિય ।
"છીતસ્વામી" ગિરિધરનલાલ - છબિ ચિત્ત હી વિચારત મુદિત...હોત જાય ॥

અને અંતિમ ચરણ પદનું પૂરું કરે ત્યાં તો એમની આંખો ફાટી ગઈ...

એક ક્ષણ પહેલાં જ પરિસરમાં બિરાજમાન ગુસાંઈજી...નિજમંદિરમાં શ્રી નવનીતપ્રિયાજીના સિંહાસનની જમણી બાજુએ ઊભા ઊભા લાડલેલાલને પંખો કરી રહ્યા છે. છીતસ્વામી શ્રી વલ્લભનંદનને આ સ્થળે જોઈ વિચારમાં પડી ગયા. હજી હમણાં તો એ મંદિરમાં દર્શન કરવા પહોંચ્યા ત્યારે શ્રીગુસાંઈજી તો બહાર બેઠા હતા. મંદિરમાં પ્રવેશવાનો રસ્તો તો એક જ હતો...તો શ્રી વિઠ્ઠલેશજી નવનીતપ્રિયાજીની સેવામાં ક્યાંથી આવી ગયા - કેવી રીતે આવી ગયા?

એ ઝડપથી મંદિરના પરિસરમાંથી બહાર નીકળી, શ્રીગુસાંઈજીની બેઠક તરફ

ગયા. તો પ્રસન્નચિત્તે શ્રી વલ્લભનંદન ગાદી પર બેઠકજીમાં બિરાજમાન હતા.

છીતસ્વામી મનોમન એક વાત સમજી ગયા...

ગુરુ - ગોવિંદની એકતાનાં અદ્‌ભુત દર્શન છીતસ્વામીને આ ક્ષણોમાં થઈ રહ્યાં હતાં...અને શ્રીગુસાંઈજીનાં ચરણ પકડી લેતાં ગદ્‌ગદિત સ્વરે બોલી ઊઠ્યા...

"વાહ, કૃપાનાથ...આપે તો મારા પર અનહદ કૃપા કરી!"

"કેમ કેમ...નવનીતપ્રિયાજીનાં દર્શન ન થયાં?"

"થયાંને પ્રભુ...પરંતુ એક સ્વરૂપે નહીં...ગુરુ-ગોવિંદનાં બન્ને સ્વરૂપે દર્શન આપી આપે તો મારું આયખું ઉજાળી નાખ્યું...અને કૃપાનાથ...ભગવાન એનાં અનેકવિધ સ્વરૂપોમાં આ સૃષ્ટિ પર...અનેક સ્થળે...એક જ ભાવે બિરાજતો હોય છે એનું આપે જ્ઞાન કરાવ્યું...કૃપાનાથ..."

"છીતસ્વામી...સાંયકાળ થયો છે...શયન આરતીનાં દર્શન કરી...મહાપ્રસાદ લઈ...તમે નિરાંતે મથુરા જાઓ" - શ્રીગુસાંઈજી બોલ્યા.

"કૃપાનાથ...હવે આ જીવ માટે કેવું મથુરા...કેવું કાશી...હવે તો જ્યાં આપ...ત્યાં આપનો આ સેવક..."

"હમ તો શ્રી વિઠ્ઠલનાથ ઉપાસી
હમ તો શ્રી વિઠ્ઠલનાથ ઉપાસી
સદા સેવું શ્રી વલ્લભનંદન
કહાં કરું જાય...મથુરા...યા કાશી
ઇનહી છાંડ ઔર જો ધાવે
સો કહીએ અસુરાસી
"છીતસ્વામી" ગિરિધરન શ્રી વિઠ્ઠલ
બાની નિગમ પ્રકાસી

"છીતસ્વામી" ગિરિરાજમાં મારો ગોવર્ધનનાથ બિરાજે છે...તમે કાલે સવારે શ્રી ગોવર્ધનનાથજીનાં દર્શન કરી આવો..."

જેવી આજ્ઞા, કૃપાનાથ!"

- રાત્રે છીતસ્વામી ઠકરાણીઘાટ પર જ સૂઈ રહ્યા. વહેલી સવારે "જય જય લાડલેલાલ" કરતાં ઊઠી ગયા. ગોકુલમાં સાતેય સ્વરૂપનાં દર્શન કરી, શ્રી ગુંસાઈજીનાં બેઠકજીમાં દર્શન કરી

ગિરરાજધરણ, શ્રીજી તમારે શરણ..
ગિરિરાજધરણ, શ્રી વલ્લભ તમારે શરણ
ગિરિરાજધરણ, શ્રી વિઠ્ઠલ તમારે શરણ

એ જાપ કરતા યમુના પાર કરી શ્રી ગિરિરાજજીની તળેટીમાં "દંડવતી શિલા"ને

દંડવત્ કરી - હળવા પગલે, હૈયામાં દીનતા, વિરહ અને દર્શનની ઉત્કંઠાના ભાવ સાથે રાજભોગનાં દર્શનના સમયે શ્રી ગોવર્ધનનાથજીના મંદિરમાં પહોંચી, શ્રીજીબાવાના મનોહર મુખારવિંદનાં દર્શન કરતાં દ્રવિત થતાં બંધ આંખે ગદ્ગદિત સ્વરે ગાઈ ઊઠ્યા:

ગોવલ્લભ ગોવર્ધન વલ્લભ ।
શ્રી વલ્લભ ગુણ ગીને ન જાય ॥
ભુવકી રેણુ, તરૈયા નભકી ।
ધનકી બૂંદ પરત લીખાય ॥
જીનકે ચરન કમલ કર વંદિત ।
સંતત હોત સદા ચિત્ત ચાય ॥
“છીતસ્વામી” ગિરિધરન શ્રી વિઠ્ઠલ ।
નંદનંદનકી સબ પરછાંઈ ॥

“ગોવર્ધનનાથકી જે... શ્રીજીબાવાકી જે” ના નાદ સાથે રાજભોગની આરતીનાં દર્શન કરવા છીતસ્વામીની આંખો ખૂલી ગઈ...ફરી આંખો વિસ્ફારિત થઈ ગઈ...શ્રીજીબાવાની બાજુમાં જ પ્રસન્ન-સ્મિત-મઢ્યા ચહેરાવાળા શ્રી વલ્લભનંદન - શ્રીગુસાંઈજીને ઊભેલા જોયા.

“અરે...આ શું...ગોકુલમાં બિરાજતા શ્રી વિઠ્ઠલેશ આ ક્ષણે અહીંયાં ક્યાંથી? ગોકુલથી યમુના પાર કરી ગિરિરાજ ક્યારે પધાર્યા? ક્યાંથી પધાર્યા...”

એનું હૈયું દ્રવિત થતું બોલી ઊઠ્યું - ગુરુ અને ગોવિંદની જોડીનાં દર્શને છીતસ્વામીને થયું કે એનું આયખું ધન્ય ધન્ય થઈ ગયું...અંતરમાં ભક્તિનો, ગુરુકરુણાનો, ભાવનો પ્રકાશ વિસ્તરતો ગયો...હૈયું ફરીફરી પોકારી ઊઠ્યું :

“આપ હી વલ્લભ, આપ હી વિઠ્ઠલ, આપ હી શ્રીનાથજી.
મૈં મુરખ જનમ ગવાયો...ઢૂંઢત યે જગ સારો”

વાહ મારા ગોવર્ધનધર...આપ જ શ્રી વિઠ્ઠલેશ...અને શ્રી વલ્લભનંદન આપ જ શ્રી ગોવર્ધનનાથ...

“જો વસુદેવ કિયે પૂરન તપ
સાંઈ ફલ ફલિત શ્રી વલ્લભ દેહ
જે ગોપાલ હુતે ગોકુલમેં
સોઈ અબ આય બસે નિજ ગેહ
જે વે ગોપવધુ હી બ્રજમેં
સોઈ અબ બેદ ઋચા ભઈ તેહ
“છીતસ્વામી” ગિરિધરન શ્રી વિઠ્ઠલ
તેઈ એઈ કછુ ન સંદેહ”

"તેઈ એઈ કહ્યુ ન સંદેહ" - છીતસ્વામી કેટલીય ક્ષણો સુધી આ વાક્યનું રટણ કરતા રહ્યા.

શ્રી વસુદેવજીએ "શ્રીકૃષ્ણ પધારે મારે આંગણેજી" રે માટેનું તપ કર્યું હતું, એવું જ તપ શ્રી વલ્લભે એમના પૂર્વજોના પગલે પગલે કર્યું અને શ્રી વિઠ્ઠલનાથજી સ્વયં પ્રગટ્યા...એ એની આંખે - સદેહે નીરખ્યું - અનુભવ્યું...વ્રજવધૂઓના સ્વરૂપે વેદની ઋચાઓ વ્રજભૂમિમાં પ્રગટી...અને છીતસ્વામી ફરી એક વખત ગાઈ ઊઠ્યા...

"તેઈ એઈ કહ્યુ ન સંદેહ"

શ્રી ગુસાંઈજીના ચહેરા પર રમતા નિર્મળ સ્મિતે છીતસ્વામીના હૃદયને આનંદથી છલકાવી દીધું.

ભીતરમાંથી શ્રી ગુસાંઈજી બહાર પધાર્યા એટલે છીતસ્વામીએ શ્રી વલ્લભનંદનનાં ચરણ પકડી લીધાં...અને ગળગળા અવાજે-

"કૃપાનાથ...આપે મારી ખૂબ તાવણી કરી...હવે કૃપા કરી શરણ લ્યો...જીવનો ઉદ્ધાર કરો."

"છીતસ્વામી...અત્યારે તો રાજભોગનો પ્રસાદ લ્યો. તન અને મન પવિત્ર કરો..."

"કૃપાનાથ...તમારા આ અભિનવ દર્શને જ ખોળિયું રાગદ્વેષ, તૃષ્ણા, અહમ્, ઇત્યાદિથી ખાલી ખાલી થઈ ગયું છે...સદાનો ધાંધલિયો, દુષ્ટ, અભિમાની "છીતુ" શ્રીજીબાવાનાં...શ્રી નવનીતલાલજીનાં અને આપનાં દર્શને "એકોહમ્ બહુસ્યામ્"ના સ્વરૂપનાં દર્શને "ખાલી ખાલી" થઈ ગયો છે. કૃપાનાથ, આપની કૃપાના અમીવર્ષણથી, આપના સ્મરણથી, આપની મનને માધુર્યથી ભરી દેતી મુખાકૃતિથી મારા ખાલી - વિરહી હૈયાને ભરી દ્યો, મારા નાથ!"

છીતસ્વામીના શબ્દોથી શ્રી વલ્લભનંદન ભીંજાઈ ગયા. એકીટશે છીતસ્વામી સામે જોઈ રહ્યા.

"ક્યાં બે દિવસ પહેલાંનો ઠગ છીતો..અને ક્યાં અત્યારનો જમુનાજીના જળપ્રવાહ જેવો નિર્મળ છીતસ્વામી! એના પર પણ પેલા નારિયેળનાં છાલાં જેવા મોહ, મત્સર, મદ અને કુટિલતાનાં આવરણો જડાઈ ગયાં હતાં. અંદરના "દૈવી જીવ"ની દિવ્યતા પર અજ્ઞાન, કુટિલતા, અહંકાર ઇત્યાદિનાં જામી ગયેલાં બાવાં આજે પ્રભુદર્શનથી દૂર થયાં હતાં અને અંતરમાં દબાયેલું દૈવત્વ પુનઃ પ્રગટ થઈ રહ્યું હતું."

"છીતસ્વામી...ચાલો ગોકુળમાં, આપણા લાડલેલાલના સાંનિધ્યમાં, એમની કૃપાથી - એમની આજ્ઞાથી હું તમને એમના શરણે ધરી દઈશ..."

"જેવી પ્રભુની ઇચ્છા...આજ્ઞા."

એ દિવસે છીતસ્વામીએ આખા દિવસનો ઉપવાસ કર્યો. બીજા દિવસે વહેલી

સવારે ખળખળ વહેતાં યમુનાજીમાં પ્રસન્નચિત્તે સ્નાન કરવા ઊતર્યા ત્યારે હૈયું બોલી ઊઠ્યું:

"વાહ મારી જમુનામા...વાહ મારી મૈયા...પ્રભુના શરણે જતાં પહેલાં હું તારા શરણે આવ્યો છું... તારો ખોળો ખૂંદવા આવ્યો છું.." અને છીતસ્વામીએ યમુનાષ્ટકના પાઠ શરૂ કર્યા.

"નમામિ યમુનામહં સકલ-સિદ્ધિ-હેતું મુદા..."

અંતરમાંથી એક પછી એક શ્લોક ઊછળતો ગયો...યમુનામૈયા પણ... એકએક શ્લોકના શ્રવણ સાથે પ્રસન્ન થતાં બે કાંઠે ઊછળવા માંડ્યાં... "છીતસ્વામી"નો કટિ સુધીનો દેહ શ્રી યમુનાજલમાં ડૂબવા માંડ્યો...અને મસ્તીમાં છીતસ્વામીએ લલકાર્યું

"સઘોષ-ગતિ-દન્તુરા સમધિરૂઢ દોલોત્તમા
મુકુંદરતિવર્ધિની જયતિ પદ્મબંધો સુતા"

"નમોસ્તુ યમુનેસદા..."નો શ્લોક પૂર્ણ થતાં જ શ્રી યમુનાજીના જલતરંગોએ ઉછાળો મારી છીતસ્વામીના મસ્તકને ભીંજવી દીધું. વહેતા વાયરાની સાથે ગતિ મેળવતાં - એના જેવા અનેક એમનાં સંતાનોને પયઃપાન કરાવતાં શ્રી યમુનાજીનું ધ્યાન ધરતા છીતસ્વામીના અંતરમાંથી પદ સરી પડ્યું...

"જા મુખતે શ્રી યમુને નામ આવે
તા પર કૃપા કરે શ્રી વલ્લભ પ્રભુ
સોઈ શ્રી યમુનાજી કો ભેદ પાવે
તન, મન, ધન, સબ લાલ ગિરિધરનકોં
દેકે ચરણ જબ ચિત્ત લાવે
છીતસ્વામી ગિરિધરન શ્રી વિઠ્ઠલ
નેનન પ્રગટ લીલા દિખાવે"

યમુનાજીમાં સ્નાન કરી "અપરસ"માં છીતસ્વામી નવનીતપ્રિયાજીના મંદિરમાં શ્રી યમુનાજીના પદની "શ્રી યમુને અરિ પ્રાણવતિ, પ્રાણ અરૂ પ્રાણસુત"ની પંક્તિ ઉચ્ચારતા પ્રવેશ્યા, ત્યારે શ્રી વલ્લભનંદન પરિસરમાં એમની રાહ જોતા બેઠા હતા.

"આવો, છીતસ્વામી!"

"કરુણાનિધાન...યમુનામૈયાએ કૃપા કરી એના પ્રાણપતિ શ્રી ગોવર્ધનધર પાસે આ જીવને પહોંચાડવા આપ પાસે મોકલ્યો છે..."

શ્રીગુસાંઈજીએ શ્રી નવનીતપ્રિયાજીના સાંનિધ્યમાં શૃંગારનાં દર્શન સમયે છીતસ્વામીને "અષ્ટાક્ષર મંત્ર" દ્વારા બ્રહ્મસંબંધનું દાન કર્યું. છીતસ્વામીને મંત્રનું રટણ કરતાં થયું કે અષ્ટાક્ષરનો એક એક અક્ષર જેમ જેમ એ જપતા ગયા તેમ તેમ શ્રીમદ્ ભાગવતની કથામાં પેલા ધૂંધૂકારીની પેલી સાત ગાંઠો જેમ જેમ ફૂટતી જતી હતી તેમ તેમ એમના જીવનમાં પણ બંધાયેલી કુટિલતાની, શઠતાની, દુષ્ટતાની, હિંસાની,

રાગદ્વેષ ઇત્યાદિની એક એક ગાંઠ ફટાફટ તૂટવા માંડી હતી. અષ્ટાક્ષરના એક એક મંત્રે, એક એક અક્ષરે એમના અંગના અણુઅણુમાં ભક્તિના ભાવ એવા તો ઉછાળ્યા કે શ્રી અષ્ટાક્ષર મંત્ર પૂરેપૂરો હૃદયમાં ઊતરતાં જ એમનું મસ્તક શ્રી વિઠ્ઠલેશજીના ચરણમાં ઢળી પડ્યું. અંતર ભાવવિભોર બની ગયું.

"છીતસ્વામી, તમારી કીર્તનસેવાથી શ્રી ગોવર્ધનનાથજી ખૂબ જ પ્રસન્ન રહેશે. તમે અલખને ઓટલે બેસી જ્યાં પણ હો ત્યાંથી શ્રીજીની પ્રસન્નતાનાં પદોથી વ્રજભૂમિને ગજાવતા રહેજો..."

"કૃપાનાથ...હવે તો મારું ગોકુળ...મારું ગિરિરાજ...મારું વ્રજ...તમારાં ચરણોમાં જ છે...જ્યાં બિરાજો આપ, ત્યાં પાછળ પાછળ હું...મને શ્રીજીનું શરણ આપો, કૃપાનાથ"- છીતસ્વામી બોલ્યા.

"છીતસ્વામી...તમે તો લીલાના દૈવી જીવ છો...તમારું સ્વરૂપ...તમારો આત્મા...તમે પિછાનો...શ્રીજીની નિત્યલીલાના તમે "સુબલ" - દિવસના સખા સ્વરૂપે છો..રાત્રીકાલીન લીલાની પદ્માસખી છો...તમારો શ્રી ચન્દ્રાવલીજી ઉપરનો પ્રેમભાવ એટલો ઉત્કટ હતો કે પૃથ્વી પર તમને મારા પર વિશેષ આસક્તિ રહે છે..." શ્રી ચન્દ્રાવલીસ્વરૂપ શ્રીગુસાંઈજી મર્મીલું બોલ્યા.

"કરુણાનિધાન...આપે અષ્ટાક્ષરમંત્ર સાથે સ્વરૂપજ્ઞાન પણ ઉપલબ્ધ કરી મને કૃતાર્થ કર્યો...મારા પ્રભુ!"-

અને છીતસ્વામી શ્રી વિઠ્ઠલેશજીને દંડવત્ કરતાં ગાઈ ઊઠ્યા.

"પ્રગટ બ્રહ્મ પૂરન યા કલિ મૈં, પ્રગટે શ્રી વિઠ્ઠલનાથ"
પતિતપાવન, મનભાવન જે પગ ધરત હૈ તિનહી માથ ॥
ભવસાગર અપાર તરિવે કોં, અવલંબન દૈં તિનહી હાથ ।
"છીતસ્વામી" ગિરિધરન શ્રી વિઠ્ઠલ ગાવત ગુન ગન ગાથ ॥

૪. બીરબલનું પુરોહિતપદ છોડી દીધું

આગ્રાના રાજમાર્ગ પર આવેલા વિશાળ મહેલના પ્રવેશદ્વાર પાસે આવીને છીતસ્વામી ઊભા રહી ગયા. ટૂંકા પનાનું ધોતિયું, સફેદ બંડી, હવામાં ફરફરતા ખુલ્લા વાળ, માથે ઝાંપીજી...અને ડોલતા ડોલતા છીતસ્વામીએ એક નજર એમના યજમાન બીરબલના ભવ્ય મહેલ પર નાખી.

અકબર બાદશાહના રાજદરબારના નવ રત્નોમાંનો બીરબલ એની આગવી બૌદ્ધિક પ્રતિભાથી સમગ્ર દરબારનો જ નહીં પણ બાદશાહ અકબરના વિશાળ સામ્રાજ્યનો એક ઝળહળતો સિતારો હતો. હાજરજવાબીપણું એના સ્વભાવનું આગવું લક્ષણ હતું. રાજ્યના અનેક પ્રશ્નોને બીરબલ એની બુદ્ધિની સરાણે ચડાવી, એના બુદ્ધિકૌશલથી ઉકેલી નાખતો. છીતસ્વામીનો એ યજમાન હતો. બીરબલ એનું ખૂબ જ માન રાખતો. અલ્લડ છીતસ્વામીને દર વર્ષની શરૂઆતમાં ગુરુદેવની આજીવિકારૂપે - વર્ષાસન બીરબલે બાંધી આપેલું...વરસમાં એક વાર છીતસ્વામી આગ્રા બીરબલના મહેલમાં જતા, ઠાઠમાઠથી યજમાનની મહેમાનગતિ માણતા - સત્સંગ કરતા - પદો ગાતા અને એનું વર્ષાસન લઈ વ્રજમાં પાછા ફરતા

"અકબર બાદશાહના અમાત્ય બીરબલજી ઘરમાં છે કે?"

પ્રવેશદ્વાર પર ચોકી કરતા પહેરેગીરને છીતસ્વામીએ પ્રશ્ન કર્યો.

"અરે ગુરુદેવ...પધારો...પધારો..." દર વર્ષે વર્ષાસન લેવા આવતા છીતસ્વામીને પહેરેગીર એમની ભાષા અને પહેરવેશ પરથી ઓળખી ગયો...અને ઉમળકાભર્યો આવકાર આપતો બોલી ઊઠ્યો પગે લાગ્યો.

"કલ્યાણમસ્તુ..." ગોર મહારાજ છીતસ્વામીએ પહેરેગીરને આશીર્વાદ આપ્યા.

ગવાક્ષમાં ઊભેલા બીરબલની નજર પ્રવેશદ્વાર પર પધારેલા ગોર મહારાજ - છીતસ્વામી પર પડી. હર્ષભેર ગવાક્ષમાંથી સીધો પ્રવેશદ્વાર પર આવી...

"ગુરુદેવ...તમે? પધારો...પધારો..." - કરતો છીતસ્વામીને પગે લાગ્યો -

"કલ્યાણમસ્તુ...ક્ષેમકુશળ તો છોને...?" - છીતસ્વામીએ યજમાનને આશીર્વાદ આપતાં એમની પ્રેમાળ નજર એના પર નાંખી.

જરિયાન વાઘામાં સજ્જ એવા બીરબલને જોતાં જ છીતસ્વામીને ગોકુલમાં ઠકરાણીઘાટ પર એકત્રિત થયેલા - દિલ્હી આગ્રાની ખેપ મારી ગોકુલમાં આવેલા યાત્રાળુઓની સાંભળેલી વાતો યાદ આવી ગઈ.

"આપણા અકબર બાદશાહે - સાંભળ્યું છે કે સર્વધર્મસમભાવની ભાવના જગતમાં પ્રસારતો - સુખ, શાંતિ અને ધાર્મિક સહિષ્ણુતા પ્રગટ કરતો એક નવો ધર્મપંથ શરૂ કર્યો છે."

એક યાત્રાળુ બોલતો હતો.

"હાં ભાઈ... "દીને-ઇલાહી" એવું કાંઈક નામ પણ બાદશાહ સલામતે એ ધર્મનું આપ્યું છે."

"બાદશાહના દરબારનાં અગ્રણી નવરત્નોમાંના એક એવા બીરબલ અને અબુલફઝલનો આ ધર્મની સ્થાપનામાં - બાદશાહ અકબરના હૈયામાં વસેલી "સર્વધર્મ-સમભાવ"ની ભાવનાને મૂર્તિમંત કરવામાં મોટો ફાળો છે. દરેક ધર્મનાં શાસ્ત્રોનો ઊંડો અભ્યાસ કરીને એની સરળ, પવિત્ર વિચારધારાઓને આ નવા ધર્મમાં સમાવી માનવ-કલ્યાણનો પંથ ઊભો કર્યો છે. હમણાં હમણાં સમગ્ર ઉત્તરાખંડમાં આ ધર્મનો પ્રચાર અને પ્રસાર ખૂબ જ થઈ રહ્યો છે...અને બીરબલ આ બધી પ્રવૃત્તિના મૂળમાં છે." બીજા યાત્રાળુએ કહેલી વાત છીતસ્વામીને યાદ આવી ગઈ.

- બીરબલે પણ છેલ્લા એકાદ વર્ષમાં - છીતસ્વામીની જિંદગીમાં આવી ગયેલા આશ્ચર્યજનક આકસ્મિક પરિવર્તનના સમાચાર સાંભળ્યા હતા...બાકી ઠગવિદ્યામાં પ્રવીણ, રાતદિન ગુંડાગર્દીમાં રચ્યાપચ્યા રહેતા એના ગુરુદેવમાં "ગુરુભાવે" દર વર્ષે - દાણાપાણી અને ઘરખર્ચની વ્યવસ્થાથી વિશેષ રસ લેતો નહોતો. "છીતસ્વામી" દ્વારા વારતહેવારે મથુરાની પ્રજાની થતી કનડગતના સમાચારથી એ ક્યારેક દુ:ખી પણ થઈ જતો...પરંતુ ગોકુલના ફકીર ગુંસાઈજી અને બાદશાહ અકબરના ખાસ સ્નેહ સંબંધોના કારણે સારા એવા પરિચયમાં રહેતા પ્રધાન બીરબલ અને બાદશાહ અકબરે ગુસાંઈજીને શરણે "છીતો" ગયો છે એના સમાચાર સાંભળ્યા હતા.

"ગુરુદેવ..આપના ખાસ ખંડમાં ઠાકોરજી સાથે પધારો...સવારનો પ્હોર છે...તો સ્નાનાદિક કાર્યથી પરવારી "સેવા"માં પધારો. આપણા ભગવાન માટેની સામગ્રીની વ્યવસ્થા થઈ રહી છે." - બીરબલે વિનયપૂર્વક છીતસ્વામીને કહ્યું.

માથા પરની ઝાંપીજી સાથે પ્રસન્ન ચહેરે છીતસ્વામી એમના અલાયદા ખંડમાં પહોંચ્યા ત્યારે સેવા અંગેની બધી જ તૈયારી થઈ ચૂકી હતી.

"છીતસ્વામી"એ ટૂંકા સમયમાં પણ આ વિસ્તારમાં સારી એવી સુવાસ પ્રસરાવી હતી.

સ્નાનાદિક કાર્ય પતાવીને છીતસ્વામીએ મંગલાચરણના શ્લોકોના પઠનથી વાતાવરણને ભરી દીધું...

બીરબલ એના ગોર મહારાજનો "નવો અવતાર" જોઈ રાજી થયો. એને શ્રી ગુસાંઈજી મહારાજ યાદ આવી ગયા શ્રી વલ્લભ યાદ આવી ગયા...બીરબલને એની યુવાન દીકરી પણ યાદ આવી ગઈ. ગુસાંઈજીની એ પરમભક્ત હતી. અવારનવાર એ આગ્રાથી વ્રજમાં બિરાજતા ગુસાંઈજીને ચરણસ્પર્શ કરવા, પ્રવચનો સાંભળવા, શંકાઓનું સમાધાન કરવા જતી. દીકરીની શ્રીગુસાંઈજી પ્રત્યેની અનન્ય શ્રદ્ધાને બીરબલ વંદન કરતો - એની પ્રશંસા કરતો. અલબત્ત, બીરબલે જેનું લૂણ ખાતા હોઈએ એનું લૂણ

અદા કરવા - બાદશાહને ખુશ રાખવા “દીને-ઇલાહી” ધર્મનો અંગીકાર કર્યો હતો... પોતે “દીને-ઇલાહી” ધર્મના પાયાનો પથ્થર છે...એનો એને અહંકાર પણ હતો.

“છીતસ્વામી” સેવામાં પ્રવૃત્તિમાન થતાં જ વહેલી સવારે શ્રી વલ્લભનંદનને યાદ કરતું પદ એમણે વાતાવરણમાં છેડ્યું

“જય...જય...શ્રી વલ્લભ રાજકુમાર ।
પર પાખંડ - કપટ - ખંડન, કર સકલ વેદ ધૂરધાર ॥
પરમ પુનિત તપોનિધિ પાવન તન સોભા જિત માર ।
દુરિત દૂરેત અચેત પ્રેતગતિ, હતિત પતિત ઉદ્ધાર ॥
નિજમતિ સુદઢ સુકૃત હરિપદ, નવવિધ ભજન પ્રકાર ।
નિજ મુખ કથિત, કૃષ્ણ લીલામૃત સકલ જીવ નિસ્તાર ॥
નહિ મતિ નાથ! કહાં લૌં બરનોં અગનિત ગુન બન સાર ।
“છીતસ્વામી” ગિરિધરન શ્રી વિઠ્ઠલ પ્રગટ કૃષ્ણ અવતાર ॥

બીરબલના કાને પદની છેલ્લી પંક્તિ “શ્રી વિઠ્ઠલ પ્રગટ કૃષ્ણ અવતાર” પડી અને એના આશ્ચર્યનો પાર ન રહ્યો. એ મનોમન વિચારમાં પડી ગયો. એને થયું પણ ખરું કે “છીતસ્વામી”ય ખરા છે...ગુરુદેવને પ્રગટ “કૃષ્ણ અવતાર” માનીને બેઠા છે...તો આમ કેમ? સંસારમાં, ધર્મમાં ગુરુ ગુરુસ્થાને હોય અને ઈશ્વર ઈશ્વરને સ્થાને હોય. ગુરુમાં ઈશ્વરનું સ્વરૂપ નિરૂપવું બીરબલને પ્રતીતિકર ન લાગ્યું, પરંતુ એ પળોમાં એ શાંત રહ્યો.

“છીતસ્વામી” પૂરી મસ્તીમાં આવી ગયા હતા. એમણે બીજું પદ ઉપાડ્યું. એ જ એમનું પ્રિય પદ “જો વસુદેવ કિયે પૂરન તપ”

આ પદના એક એક શબ્દ છૂટા પાડતા છીતસ્વામી એ પદના અંતિમ ચરણ “તેઈ એઈ કછુ ન સંદેહ” - કહી ગુરુગોવિંદ એક જ છે...એ શ્રદ્ધા પર દઢ વિશ્વાસની મહોર મારી દીધી ત્યારે બુદ્ધિશાળી બીરબલથી રહેવાયું નહીં. એને મનમાં વિચાર પણ આવ્યો કે...

“અરે, આ તે કેવો ભક્ત...જગન્નિયંતા - સૃષ્ટિના સર્જનહાર - ભગવાન કૃષ્ણ- તો માનવીની શ્રદ્ધાનું - એના બધા જ પરિતાપો દૂર કરનારું - એક અનન્ય આ અસાર સંસાર પાર કરવાનું - અવિનાશી - મૂર્ત - અમૂર્ત બળ છે... માણસનો ભવસાગર પાર કરાવનારો અંતિમ સહારો છે...આવી મહાન અવતારી વ્યક્તિ સાથે “છીતસ્વામી” જેવો એના આશરે જીવતો - એક બ્રાહ્મણ છે. એની બુદ્ધિ કુંઠિત થઈ ગઈ છે. ગુરૂ અને ગોવિંદ વચ્ચેનો ભેદ સમજવા જેટલી પણ એની શક્તિ નથી અને બુદ્ધિમાન, શ્રદ્ધેય પુરુષ એવા શ્રી વિઠ્ઠલેશમાં શ્રીનાથજીનાં દર્શન...કરતો થઈ જાય એ એની લઘુતા છે. બીરબલને ગુસ્સો આવ્યો...“છીતસ્વામી”ના બુલંદ અવાજથી એ વિસ્તાર પણ ગાજી ઊઠ્યો હતો. બાજુમાં જ શહેનશાહ અકબરનો વિશાળ મહેલ હતો.

છીતસ્વામીના મધુર કંઠે ગવાતી પદની પંક્તિઓમાં અહંવાદીને રાગડા તણાતા લાગ્યા. એ ધૂંધવાતા સ્વરે બોલી ઊઠ્યો :

"પુરોહિતજી...આમ સવારના પહોરમાં મોટે મોટેથી ગાઓ છો...ખબર છે ને બાજુમાં જ જહાંપનાહ અકબરનો મહેલ આવેલો છે...તમારા ઢંગધડા વગરના આ રાગડાથી અને વિશેષ તો તમે આ ગુસાંઈજી જે આપણા ગુરુદેવ છે એમને પ્રકટ "કૃષ્ણ અવતાર" કહી...જગન્નિયંતા ભગવાન સાથે એક ગાડે બેસાડી દ્યો છો એ શાસ્ત્રની દૃષ્ટિએ પણ કેટલું યોગ્ય? બાદશાહ અકબરના કાને તમારા આ પદની પંક્તિઓ પહોંચશે - અને વળી તમે "તેઈ એઈ, એઈ તેઈ..." જેવા શબ્દો દ્વારા બન્ને સ્વરૂપ એક છે એવું કહી...અલ્લાહ અને ઓલિયાને એક સ્વરૂપે યાદ કરો છો એ બાદશાહ કેમ સાંખી લેશે?"

"છીતસ્વામી"એ ઊંચે જોયું, એમના હૃદયને બીરબલના અભિમાની ઉચ્ચારણે હચમચાવી નાખ્યું, રાતદિન રાજકારણના કલુષિત દાવપેચ લડાવવામાં ડૂબેલા બીરબલને જે વસ્તુ સમજવી અઘરી છે, ગુરુ અને ગોવિંદ કઈ હસ્તી છે, એની જેને જાણ નથી, એ માનવી આવા તર્કો શું કામ કરતો હશે? છીતસ્વામીને બાદશાહ અકબરનો "દીને-ઇલાહી" ધર્મ યાદ આવી ગયો. "સર્વધર્મસમભાવ"ની એક ઉદાત્ત ભાવના પર રચાઈ રહેલા ધર્મના પાયામાં બીરબલ જેવા રાજકારણીઓએ ચંચૂપાત કરી...ધર્મ અને રાજકારણને જે રીતે ગૂંચવી માર્યું હતું અને એના પરિણામે એક રાજકારણી ધર્મધુરંધર ધર્મજ્ઞાતા હોવાનો અહમ્ લઈને ફરવા માંડ્યો હતો- એ એક ખતરનાક વસ્તુ ધર્મ માટે તેમજ એના અને એના બાદશાહ માટે હતી...ધર્મના મૂળભૂત અર્થથી જે અજ્ઞાન છે એવા રાજકારણીઓને યોગ્ય પાઠ ભણાવી - એમને એમનું સ્થાન બતાવી દેવાનો સમય પાકી ગયો હોય એવું છીતસ્વામીને લાગ્યું.

છીતસ્વામી આમેય તામસ ભક્ત હતા. એમની માન્યતામાં અડગ શ્રદ્ધા રાખતા વૈષ્ણવ હતા. એમની માન્યતાથી વિરુદ્ધનું એ કાંઈ પણ ક્યારેય - કોઈ કાળે પણ સહન કરી શકતા નહોતા.

"બીરબલજી, અમે તો અલખને ઓટલે આવી ચડેલા ખુદાના ખલકના ઓલિયા બંદાઓ છીએ..ઈશ્વરનું ભજન કે અલ્લાહની બંદગી વખતે...અમે તમારી આ દુનિયા - તમારા શહેનશાહો - તમારી સમૃદ્ધિઓ...વૈભવો બધું જ ભૂલી જતા હોઈએ છીએ...તમારા બાદશાહની ઊંઘ બગાડવા નહીં, પણ લખચોરાસીના ફેરા પછી ખુદાની રહમથી મળેલા આ મનખ્યા દેહના ઉદ્ધારના સમયે તમારો બાદશાહ જો ઊંઘતો હોય તો અમે અમારાં ભજનોથી પદોથી જગાડવાનો - મોહની નિદ્રામાંથી જાગ્રત કરી પરવરદિગારના દરબારમાં પેશ થવાનો દરવાજો દેખાડતા હોઈએ છીએ. તમારો જહાંપનાહ સમજુ છે, વિવેકી છે, આગલા જનમનો ભ્રષ્ટ દેવાત્મા છે...એ મારી પાસે કાંઈ પણ સંશય કરશે, પ્રશ્ન કરશે તો હું એને બરોબર જવાબ આપીશ. એ અમારી વાતનો - વિચારનો - મર્મ સમજી જશે...એને અમારા ગુરુદેવ શ્રી ગુસાંઈજીના સ્વરૂપનો અનુભવ છે...પરિચય

છે...એ મ્લેચ્છ હોવા છતાં સંસ્કારે એ સમજુ, ઉદારચિત્ત - સાચા અર્થમાં ધર્મને - મઝહબને જાણનારો - પચાવનારો મર્મી રાજપુરુષ છે, જ્યારે તમે...હિંદુ હોવા છતાં...ગુરુ અને ગોવિંદની પરંપરા જાણનારા, બન્ને એક જ છે...એના સંપૂર્ણ જ્ઞાતા એવા તમે જ ખરા "મ્લેચ્છ" છો... કે જેણે શ્રી ગુસાંઈજીના સ્વરૂપને જાણ્યા વગર - પામ્યા વગર એમની અલૌકિકતામાં આવી અશ્રદ્ધા જગાડી." - કહેતાં બીરબલ ઝાંપીજીમાં એમના નવનીતપ્રિયાજીને પોઢાડતા ઊભા થઈ ગયા...અને માથે ઝાંપીજી પધરાવતા...

"બીરબલજી...મારા ગુરુ અને ગોવિંદની એકતામાં - સ્વરૂપમાં શંકા જગાડનારા તમારા ઘરનું આ ક્ષણથી પાણી પણ હરામ છે...મારે તમારું વર્ષાસન પણ જોઈતું નથી...કે નથી તમારો યજમાન- પુરોહિતનો સંબંધ જાળવવો. આજથી આપણા યજમાન-પુરોહિતના સંબંધો પર માનજો કે છીણી મુકાઈ ગઈ છે...

અને "છીતસ્વામી" ધીમા પગલે, અંતરમાં જાગેલા ઉદ્વેગ અને ક્રોધને શાંત પાડતા ગોકુલની દિશામાં

"છીતસ્વામી...ગિરિધરન શ્રી વિઠ્ઠલ
તેઈ એઈ, એઈ તેઈ, કછુ ન સંદેહ"

ગાતા ગાતા ચાલી નીકળ્યા...

બીરબલ ફાટી નજરે દુર્વાસાના અવતાર સમા એના તામસી પુરોહિતને જતા જોઈ રહ્યો...બસ જોતો જ રહ્યો.

૫. શ્રી વિઠ્ઠલ પ્રગટ કૃષ્ણ અવતાર

શહેનશાહ અકબર એના સુવર્ણજડિત નિદ્રાસન પર સૂતો હતો. વહેલી સવારનો સમય હતો. હલકી હવા ખુલ્લી બારીમાંથી આવી રહી હતી...વિહગગણોના કલરવથી આકાશ ગુંજી રહ્યું હતું.. પૂર્વની દિશાના આકાશમાંથી ધીમે ધીમે વિલીન થતો અંધકાર - ષોડશી કન્યાના ચહેરા પર ખીલતી "ગુલાબી" આકાશના ચહેરા પર મઢી જતો વિદાય લઈ રહ્યો હતો. બંધ પોપચાંમાં બિડાયેલાં નેત્રોની ભ્રમર ફરફરી ઊઠી...

"જય...જય... શ્રી વલ્લભ રાજકુમાર..."

પવનની પાલખીમાં ઝૂલતા, કોઈક સુમધુર કંઠે વાતાવરણમાં ઊઠતા શબ્દોની સૂરાવલિ...નિદ્રિત બાદશાહના કર્ણપટ પર વીખરાતી જતી હતી... ધીમે ધીમે ભ્રમર ફરફરતી હતી...બંધ પોપચાં ઊઘડું ઊઘડું થતાં હતાં... બાદશાહ અકબર - સુમધુર કંઠના કામણથી ભીંજાતો જતો હતો. એને મજા આવતી હતી...બંધ આંખો ખોલવાની ઇચ્છા થતી નહોતી. ધ્યાનસ્થ - અર્ધનિંદ્રિત અવસ્થામાં એ મધુર કંઠનું રસભર્યું પાન કરતો હતો. આવું સરસ પદ વહેલી પરોઢમાં સંભળાવતા "તાનસેન" પર ઝૂમી જતા અકબર બાદશાહ...હજી તો ભર્યા દરબારમાં તાનસેનને આ પદ ગાવા માટે "માનઅકરામ" ભેટ આપી એની કલાને અભિનંદવાનો વિચાર કરતા બંધ આંખો સાથે શય્યામાં પડ્યા પડ્યા "વાહ વાહ" ઉચ્ચારતા હતા, ત્યાં જ પદની અંતિમ પંક્તિ સાંભળતાં જ ચમક્યા.

"છીતસ્વામી" ગિરિધરન શ્રી વિઠ્ઠલ પ્રગટ કૃષ્ણ અવતાર

શય્યામાંથી સફાળા બેઠા થઈ ગયા. આંખો ખોલી, ચારે દિશામાં નજર ઘુમાવવા માંડ્યા. ધીમા પગલે "તાનસેન" ઝૂલતા - ઝૂલતા ખભે તંબૂર સ્થિત કરી અંતઃપુરના દ્વારેથી પ્રવેશી રહ્યા હતા. એને પણ શરીરનું ભાન નહોતું..

"અરે...તાનસેનને બદલે આ તો છીતસ્વામીના કંઠેથી પદ ગુંજતું હતું ને શું!" મનોમન અકબર બાદશાહ બોલી ઊઠ્યા.

"અદ્‌ભુત...અદ્‌ભુત...મથુરાના બીરબલના પુરોહિત - એને ઘરે આવ્યા લાગે છે ને શું!" - બાદશાહ અકબર બોલી ઊઠ્યા.

"તાનસેન..." - આલમપનાહે ધૂણતા તાનસેનને જગાડતાં બૂમ પાડી... "જહાંપનાહ..." - સફાળા જાગી ઊઠેલા - અર્ધ-નિદ્રિત તાનસેન તંબૂર સાથે કુરનિસ બજાવતા બોલી ઊઠ્યા.

"સાંભળ્યું...આપણા બીરબલના પુરોહિત છીતસ્વામીનું પદ? શું કંઠ...શું લહેકો...શું વિચાર...શું જ્ઞાન... *છીતસ્વામી ગિરિધરન શ્રી વિઠ્ઠલ પ્રગટ કૃષ્ણ અવતાર*...ખુદાના સાચા બંદાઓ જ જીવમાત્રમાં - પરવરદિગારમાં ઇન્સાનને અને ઇન્સાનમાં ખુદાને

જોતા રહ્યા છે... અને આ છીતસ્વામી તો ઉસ્તાદ-શાગીર્દ, ગુરુ-ગોવિંદના દિદાર એક સ્વરૂપે જ કરી રહ્યા છે ને શું?"

"જહાંપનાહ...ખૂબ જ ઉત્તમ પદ હતું...હું પણ અહીં આવતાં એ પદમાં, મધુર કંઠમાં, ખોવાઈને...પદ સાંભળવા બીરબલના મહેલ નીચે ઘડીભર થંભી ગયો હતો...અને એના માટે મને આવતાં વિલંબ થયો...આપ જાગી ગયા તો માફી બક્ષો, આલમપનાહ!"

"માફી શેની...તમારી જેવી જ મારી દશા પણ હતી. બંધ આંખનાં પોપચાં ઊઘડવા તૈયાર નહોતાં...રસલીન બની...છીતસ્વામીનું એ પદ...કાન દ્વારા...આંખમાં અને આંખ દ્વારા અંતરમાં ઉતારી રહ્યા હતા." - બાદશાહ અકબર શય્યાસ્થાન છોડતાં બોલ્યા.

"જહાંપનાહ બેઅદબી બદ્દલ ક્ષમા, પરંતુ "છીતસ્વામી"ને દરબારમાં આમંત્રી, એમના સુમધુર કંઠેથી - ઓલિયા કવિની વાણી - પદો સાંભળી - એમનું સન્માન કરીએ તો કેવું?"

તાનસેન કલાકારનો જીવ હતો. સંગીતમર્મજ્ઞ હતો. કલાની શ્રેષ્ઠતમ પળોને નવાજનારો ઝિંદાદિલ ગવૈયો હતો. અકબર બાદશાહના દરબારમાં એ સૂરદાસ, કુંભનદાસ ઇત્યાદિ અષ્ટસખાનાં પદોનું ગાન કરતો - એ પદોના મૂળ અર્કને - એ એના કંઠ દ્વારા - એના રચેલા પદોના ભાવ પ્રગટ કરતો. કલાકારનું ગૌરવ જાણતો..સંગીતપ્રેમી શહેનશાહને અષ્ટસખાનાં પદો સંભળાવવા એ એને વ્રજમાં લઈ જતો...સૂરદાસ, કુંભનદાસની ખફગી રાજધાનીમાં એમને શહેનશાહની તહેનાતમાં પદો ગવડાવવા બોલાવીને વહોરી લીધી હતી. અલખને ઓટલે બેસી ખલકના ખેલ જાણી....સર્વસ્વ ખુદાતાલા - ઈશ્વરને સમર્પીને બેઠેલા આ મસ્ત કવિઓની કલાનો તાનસેન, શહેનશાહ અકબર જેટલો જ પ્રેમી હતો.

"જરૂર, તાનસેન...બીરબલને સંદેશો પહોંચાડો કે છીતસ્વામીને માનસન્માન સાથે દરબારમાં મધ્યાહ્નકાળની બેઠકમાં લઈ આવે." - શહેનશાહ અકબરે ફરમાન કરતાં તાલી વગાડી.

"હુકમ જહાંપનાહ - બાંદી હાજર છે..."

"રાજા બીરબલને આંગણે આવેલા "છીતસ્વામી" ને મધ્યાહ્નકાળની દરબારી બેઠકમાં માનસન્માન સાથે લઈ આવવાનો આલમપનાહનો પૈગામ પહોંચાડો." - બાદશાહ અકબર વતી તાનસેને નતમસ્તકે કુરનિસ બજાવતી ઊભેલી બાંદીને હુકમ કર્યો. બાંદી કુરનિસ બજાવતી પૈગામ પહોંચાડવા ખંડ છોડી ચાલી ગઈ...

બીરબલની મૂંઝવણનો પાર નહોતો.

અકબર બાદશાહનું "છીતસ્વામી"ને લઈને રાજ્યદરબારમાં બપોરે પહોંચવાનું ફરમાન બાંદી પહોંચાડી ગઈ...પરંતુ "છીતસ્વામી" તો એમની તામસ પ્રકૃતિનું પ્રદર્શન કરતા એમનો મહેલ છોડીને મથુરાની વાટે જવા ચાલી નીકળ્યા હતા. "છીત-

સ્વામી” પાછળ અશ્વારૂઢ કાસદ દોડાવવાની બીરબલને ઇચ્છા તો ઘણી થઈ, પરંતુ એ એના દુર્વાસા ગુરુનો સ્વમાની સ્વભાવ જાણતો હતો. “છીતસ્વામી” કોઈ કાળે પાછા આવે તેમ નહોતા.

મધ્યાહ્નકાળની રાજદરબારની બેઠકનો હેલો પડ્યો. બીરબલ એના મહેલમાંથી હતપ્રભ ચહેરે, ચિંતાયુક્ત દશામાં એકલો રાજદરબારમાં પહોંચ્યો અને એનું આસન હજી તો ગ્રહણ કરે ત્યાં તો સિંહાસન પર બેઠેલા અકબર બાદશાહે પૂછ્યું: “છીતસ્વામી” ક્યાં?”

બીરબલનું મસ્તક ઢળી પડ્યું...

“જહાંપનાહ...એ તો વહેલી સવારે જ મથુરા ચાલ્યા ગયા.” - બીરબલ બોલ્યો.

“કેમ...કેમ?” - બાદશાહ સિંહાસન પરથી અર્ધા ઊભા થતાં બોલી ઊઠ્યા.

“જહાંપનાહ...એ રિસાઈને ગયા.”

“કેમ...શું વાંધો વળી પડી ગયો?” - તાનસેને પૂછ્યું.

“જહાંપનાહ...વહેલી સવારે એ તો ઊઠીને પદો મોટા અવાજે ગાવા માંડ્યા. આપની ઊંઘ ન બગડે એટલે મેં એમને ધીમા સાદે ગાવાની વિનંતી કરી, તો તામસી છીતસ્વામી - ગુસ્સો કરતાં - મારી સાથેના પુરોહિત-યજમાનના સંબંધનો છેડો ફાડી ચાલ્યા ગયા.” - બીરબલ બોલ્યો.

“અરે...બીરબલ...તમેય કમાલ કરી...ગમે તેમ તોય તમારા પુરોહિત આપણા વ્રજમંડળના પ્રખર ભક્તકવિ...બીરબલ...તમે વહીવટી જીવ...ક્યારેય કલાકારને...એની કલાને સમજી નહીં શકવાના...” અકબર બોલ્યો.

“જહાંપનાહ... “છીતસ્વામી”નાં પદો આપે સાંભળ્યાં હોત તો તમે પણ એના પર ખોફ ઉતાર્યો હોત...એ પદ કયા ભાવનું ગાતા હતા...એની આપને જાણ છે...નામદાર?”-

“હા...કેમ...કેવો સુંદર વિચાર એણે પદમાં પ્રગટ કર્યો હતો! ગુરુ અને ગોવિંદ. ભક્ત માટે એક જ સ્વરૂપ છે. વિભિન્ન સ્વરૂપોને શ્રદ્ધાળુ જીવો તો એક જ માનતા હોય છે...ગુરુ અને ગોવિંદ એમની નજરે ક્યારેય અલગ હોતા નથી.” બાદશાહ અકબર બોલ્યો.

બીરબલના આશ્ચર્યનો પાર ન રહ્યો. “દીને ઇલાહી” - ધર્મનો સ્થાપનાર અકબર બાદશાહ “સર્વધર્મસમભાવ”ની માન્યતાને “ગુરુ ગોવિંદ એક સમાન” - એક જ સ્વરૂપ છે...એની પુષ્ટિ કરતો હતો.

“જહાંપનાહ...” “બીરબલ કશુંક બોલવા - પ્રતિકાર કરવા જતો હતો ત્યાં જ અડધેથી બાદશાહે એને કહ્યું.

“બીરબલજી...તમને યાદ છે? થોડા સમય પહેલાં મેં તમને એક પ્રૅન કર્યો હતો કે” - અકબર બાદશાહે બીરબલની સ્મૃતિને સરાણે ચઢાવતો પ્રશ્ન કર્યો.

"પ્રશ્ન?" - બીરબલે પૂછ્યું.

"હા, મેં પૂછ્યું હતું કે ખુદા સાથે મિલન ક્યારે થાય?"

"અરે હાં..." કહેતો બીરબલ સ્મૃતિના ઉપવનમાં સરી પડ્યો. એક દિવસ સાંજે જમુનાકિનારે ફરતાં ફરતાં અકબરે એને આ પ્રશ્ન કરી એના જેવા હાજરજવાબીને મૂંઝવી માર્યો હતો.

"ખુદા સાથે મિલન ક્યારે થાય? ખુદા ક્યારે મળે?" - અને મૂંઝાયેલા બીરબલને એ રાત્રે એની દીકરી શોભાવતીએ પૂછ્યું હતું:

"પિતાજી શી વાત છે? તમે કાંઈ મૂંઝાયેલા લાગો છો."

"હોય બેટા, ચાલ્યા કરે."

"ના, પિતાજી મને કહો..."

"દીકરી, આ રાજા, વાજાં ને વાંદરા બધાં જ સરખાં. લોકોને શાંતિથી જીવવા ન દે."

"શી વાત છે, પિતાજી?"

"આ આપણા આલમપનાહને એવો સવાલ થયો છે કે ખુદા સાથે મિલન ક્યારે થાય? ખુદા ક્યારે મળે? હવે એનો જવાબ જડતો નથી."

"અરે પિતાજી...ખૂબ જ સરળ સવાલ છે...કહેતા હો તો હું જ જવાબ આપી દઉં...પરંતુ ગોકુળમાં મારા ગુરુદેવ શ્રી વિઠ્ઠલનાથજી - ગુસાંઈજી છે એમની પાસે જાઓ...એ જવાબ આપી દેશે."

- અને બીરબલને યાદ આવી ગઈ અકબર અને ગોકુલના ફકીર વચ્ચેની એ મુલાકાત...અકબરને લઈને એ શ્રી ગુસાંઈજી પાસે પહોંચી ગયો.

ઠકુરાણીઘાટ પર મંગલ પ્રભાતનો સમય હતો. કોયલના ટહુકાથી વાતાવરણ ગુંજતું હતું. જમુનામૈયાનો અવિરત જલપ્રવાહ પ્રેમસ્વરૂપે વહી રહ્યો હતો. દાદુર, મોર, બપૈયાના વિવિધ કલરવથી વાતાવરણમાં પ્રસન્નતા છવાઈ ગઈ હતી. શ્રી વિઠ્ઠલેશ શ્રી યમુનાજીના વહેતા જલપ્રવાહ સામે દૃષ્ટિ કરતા "માનો મહિમા" પ્રગટ કરતા ધીમા મંજુલરવે શ્રી યમુનાષ્ટકના શ્લોકોનું ગાન કરતા પ્રસન્નતાથી મહોરી ઊઠ્યા હતા.

બરોબર એ જ સમયે ઠકુરાણીઘાટ પર બીરબલ અકબરને લઈને આવી પહોંચ્યો. અકબર અને બીરબલ ધ્યાનસ્થ દશામાં બિરાજમાન થયેલા શ્રી વિઠ્ઠલેશનાં ચરણ પાસે નમ્રભાવે ઊભા રહી ગયા.

શ્રી વિઠ્ઠલેશની આંખો ઠકુરાણીઘાટ પર થયેલો પદસંચાર સંભળાતાં ખૂલી ગઈ.

"અરે દિલ્હીપતિ...આપ અનાયાસે...? બીરબલશાહ, તમે પણ સાથે છો ને શું? ક્ષેમકુશળ તો છો ને?" શ્રી વિઠ્ઠલેશે વિવેક કરતાં પૂછ્યું.

"ખુદાતાલાની મહેરબાની અને આપ જેવા ઓલિયા ફકીરોની રહમદષ્ટિથી બધું જ સારું છે - આજે તો અમે આપની પાસે અમારા હૃદયમાં ઊઠેલા પ્રશ્નોના ઉત્તર સાંભળવા આવ્યા છીએ." - અકબર બાદશાહે વાત માંડતાં કહ્યું.

"હા, કૃપાનાથ...આલમપનાહને સતત એક પ્રશ્ન મૂંઝવે છે.

"અરે, દિલ્હીપતિ તમને વળી કયા પ્રશ્નો મૂંઝવવા માંડ્યા...કહો તો ખરા?"

"મહારાજ મારા અંતરમાં એક જ મૂંઝવણ છે. હું બાદશાહ નથી...આ ખલકનો બાદશાહ...આ સલ્તનતનો શહેનશાહ - તો દુનિયાના બાદશાહોના બાદશાહ ખુદાતાલા છે. પરવરદિગાર છે...એ ખુદાતાલા - પરવરદિગાર ક્યાં છે, કોણ છે, એનો મિલાપ કેમ થાય...ક્યાં થાય?- આવા બધા પ્રશ્નો મને મૂંઝવે છે." અકબર બાદશાહે વિનયભાવે પ્રશ્નો રજૂ કર્યા.

શ્રી વિઠ્ઠલેશજીએ દિલ્હીપતિ જલ્લાલુદ્દીન અકબર સામે એક નજર કરી સર્વધર્મ-સમભાવમાં માનતો "હિંદોસ્તાં" નો આ શહેનશાહ સ્વભાવે, ધાર્મિક વિચારે જ્ઞાની અને વાણીમાં સૌજન્યશીલ હતો. એના દરબારમાં બીરબલ, ટોડરમલ, તાનસેન, અબુલફઝલ એવા અનેક વિદ્વાનો બેસતા. રોજ દરબારમાં જ્ઞાનગોષ્ઠિ કાવ્યગોષ્ઠિ, અને વિવિધ ધર્મોની ચર્ચાઓ ચાલ્યા જ કરતી. બાદશાહ અકબરે એક મુલાકાતમાં અગાઉ શ્રી વિઠ્ઠલેશજી આગળ દિલ ખોલીને કહ્યું હતું કે-

"મહારાજ, આ ભૂતલ પરની વિવિધ જાતિઓ, વિવિધ વિચારધારાઓ, માન્યતાઓ, સંસ્કારો, ધાર્મિક ભાવનાઓ ઇત્યાદિને એક વિશ્વધર્મના તાંતણે - બાંધી સર્વધર્મ-સમભાવનો એક નવો જ પંથ માનવજાતના કલ્યાણ માટે, ધર્મ-ધર્મ વચ્ચેના વિસંવાદો અને ઝઘડાઓથી પર એવી એક ધર્મભાવના સાથેનો નવો જ પંથ - માણસજાતની સુખશાંતિ અને કલ્યાણ માટે ન થાય? આપનું માર્ગદર્શન અને દુઆઓ મળતાં રહે એવી પ્રાર્થના કરવા આવ્યો છું."

- અને બાદશાહ એની ધૂનમાં ને ધૂનમાં આ રીતે એના આંગણે ધર્મચર્ચાઓ કરવા અનેક પંથના મહાનુભાવોને બોલાવતો રહેતો.

આજે શ્રી વિઠ્ઠલેશે જોયું કે સાચા હૃદયથી આ માણસ એના હૈયાની મૂંઝવણોનો ઉકેલ શોધવા એમના શરણે આવ્યો હતો.

"દિલ્હીપતિ, સવાલ ખૂબ જ સરળ છે. જેમ તમે અમને મળવા આવ્યા તેમ તમારો સ્નેહ - તમારો ભાવ - તમને અહીં સુધી ખેંચી લાવ્યો અને પરિણામે જે આ મિલાપ સર્જાયો - તેવી જ રીતે...તમારો ભાવ - તમારો સ્નેહ...તમને ખુદાતાલા પાસે લઈ જઈ મિલાપ કરાવતો હોય છે." શ્રી વલ્લભનંદન બોલ્યા.

અકબર બાદશાહ શ્રી વિઠ્ઠલેશની ગૂઢ વાણી સમજી ન શક્યો. "મહારાજ, વિસ્તારથી આપના વાક્યનો અર્થ સમજાવશો?"

"જુઓ, અમે એટલે તમારી રૈયત, તમે અમારા બાદશાહ. અમે પ્રજા, ગમે

તેટલો પ્રયત્ન કરીએ પરંતુ તમને થોડું જ મળાય છે, મળવું કઠણ છે, પરંતુ તમે પોતે જો રૈયતને - પ્રજાને મળવાનો વિચાર કરો, તો તુરત જ અશ્વારૂઢ થઈને અમને મળવા આવ્યા, તેમ પ્રજા પાસે પહોંચી શકો છો, એવી જ રીતે તમારા આ પ્રશ્નના પરિપ્રેક્ષ્યમાં વિચારીએ તો રૈયત એટલે આ “જીવ” ગમે તેટલી મથામણ કરે તોપણ ખુદાતાલાને - ઈશ્વરને મળી શકતો નથી, પરંતુ પરમ કૃપાળુ પરમાત્મા મળવાનું વિચારે - અનુગ્રહ કરે, તો મળવામાં જરા પણ વાર લાગતી નથી. જીવનું વિચાર્યું કામ આવતું નથી, પરંતુ શિવ જો વિચારે - ખુદાતાલા - ઈશ્વર જો વિચારે તો મિલન થઈ જાય.”

શ્રી વિઠ્ઠલેશજીએ અર્થવિસ્તાર કરતાં બાદશાહ અકબરને ધર્મબોધ આપ્યો હતો એ “છીતસ્વામી”ના આ પ્રસંગમાં યાદ આવી ગયું.

“જહાંપનાહ... આપનો એ મિલનપ્રસંગ બરોબર યાદ છે... પરંતુ...” બીરબલ બોલ્યો

“જુઓ, પરંતુ...જેવું કશું જ નથી... “છીતસ્વામી” સાચા હતા. સાચો ભક્ત ક્યારેય ગુરુ અને ગોવિંદને અલગ સ્વરૂપે જોઈ શકતો નથી. તમે “છીતસ્વામી”ને સમજ્યા નહીં...અને એ નારાજ થઈને ચાલ્યા ગયા...એ સારું નથી થયું. આ ભક્તોની દુનિયા, વિચારધારા, ભક્તિ... દુનિયાના વ્યવહાર, ડહાપણ અને દુનિયાની કહેવાતી સમજણથી સાવ જુદાં જ હોય છે. ખુદાના આ બંદાઓ - ઓલિયાઓને પામવા આપણા જેવા સામાન્ય માણસો માટે ખૂબ જ દુષ્કર છે.”

બીરબલ વિચારમાં પડી ગયો.

૬. મોંકો બલ હૈ દોઉ ઠોરકો

બીરબલનું નિવાસસ્થાન છોડી, છીતસ્વામી મથુરા આવ્યા. અંતરનો ઉકળાટ હજી શમ્યો નહોતો. એનો જીવ દુ:ખી દુ:ખી થઈ ગયો હતો.

"મારો યજમાન આવો અશ્રદ્ધાવાન...હું આવા અશ્રદ્ધાળુ જીવને ત્યાં આવ્યો જ શું કામ? વર્ષાસનના થોડાક દાનના રૂપિયા ખાતર મેં અહીં આવી...મને ભૂખ્યા ઉઠાડનારા - પણ ક્યારેક ભૂખ્યા ન સુવડાવનાર ગોવર્ધનનાથ પર અવિશ્વાસ કર્યો? ધિક્ મને...એક મ્લેચ્છ સમા વિચારો ધરાવનારાને ત્યાં હું જઈ ચડ્યો..."

આગ્રાથી મથુરાની વાટ કપાતી હતી. મનમાં શ્રી હરિના નામને બદલે ભૌતિક હતાશા...અને શોક હૈયામાં જામી ગયાં હતાં, એનું વમન થઈ રહ્યું હતું.

બીરબલે શ્રી મહાપ્રભુજીની વિચારધારા - "અલૌકિક ભાવોને તર્ક સાથે જોડવા નહિ, શ્રદ્ધાથી સ્વીકારી લેવા" - ને અપનાવી નહોતી. એની સમજ એને નહોતી...એનું દુ:ખ છીતસ્વામીને વધુ હતું. બીરબલ જ્ઞાની હતો, ધર્મનો જ્ઞાતા હતો છતાંય ભૌતિક બુદ્ધિવાદના એક એવા ચક્કરમાં ફંગોળાઈ રહ્યો હતો કે અન્ય બુદ્ધિવાદીઓની જેમ અલૌકિક શ્રદ્ધાને પોષી શકતો નહોતો, કારણ કે સમજી શકતો નહોતો.

છીતસ્વામીને થયું કે આવા બુદ્ધિવાદીઓનો તો પડછાયો પણ ન લેવો...એ મથુરાની વાટે ચાલી નીકળ્યા એનો એને રંજ નહોતો, બલકે મનમાં ગર્વ હતો કે એમના ગુરુ શ્રી ગુસાંઈજી અને શ્રી ગોવર્ધનનાથજી પર - એના સ્વરૂપ પર - કેવી અટલ શ્રદ્ધા હતી કે એમણે બીરબલ જેવા બુદ્ધિવાદીને પણ "તેઈ એઈ કછુ ન સંદેહ"ની વાણી સુણાવી દીધી હતી.

"વિશ્રામઘાટ" પર આવી એમણે થોડોક વિરામ લઈ... "જય જમુનામૈયા" કહી જમુનાજીમાં ડૂબકી મારી...યમુનામૈયાના શીતલ જલમાં એમનું ધૂંધવાતું મન - શરીર - બુદ્ધિ બધું જ શાતા અનુભવતું શાંત થવા માંડ્યું. ચિત્ત સ્થિર થવા માંડ્યું...અને કવિના હૃદયમાંથી પદ સરી પડ્યું...

"જિન કોઉ સંદેહ કરો, બાત ચિત્તમેં ધરો
પુષ્ટિપથ અનુસરો, સુખ જુ કારી
પ્રેમ કે પૂંજ મેં રાસ રસ કુંજ મેં
તાહી રાખત, રસ રંગ ભારી ॥

છીતસ્વામીનું હૈયું પુલકિત થઈ ગયું. ચિત્ત સ્થિર થઈ ગયું...સૂરદાસજીની અંતિમ પળોમાં એમણે સાંભળેલી અંતિમ પંક્તિ "દૃઢ ઇન ચરનન કેરો ભરોસો" યાદ આવી ગઈ અને એમના હૈયામાંથી પણ યમુનામૈયાના વહેતા ચરણકમળમાં એવો જ ભાવ પ્રગટ કરતાં પદની પંક્તિ "દૃઢ કરિ ચરન - કમલ જુ ગ્રહિયે" સરી પડી.

સ્નાનાદિક કાર્ય પતાવીને છીતસ્વામી ગોકુળ પહોંચ્યા. ગોકુળ પહોંચી એ શ્રી વિઠ્ઠલેશનાં દર્શન કરવા ખૂબ જ આતુર હતા. એમની હૈયાવરાળ - એમને થયેલો ક્લેશ- એમના ગુરુદેવ એટલે કે શ્રી વિઠ્ઠલેશ અને દેવ શ્રી ગોવર્ધનનાથજીની થયેલી અવહેલના - બન્ને સ્વરૂપની અનંત એકતા પ્રત્યે બીરબલના મનમાં ઊઠેલી શંકાપ્રત્યેના રોષનું મારણ એમને શ્રી વલ્લભનંદન પાસેથી મેળવવું હતું...

શ્રી ગુસાંઈજી શ્રીજીદ્વાર પધાર્યા હતા એવા સમાચાર મળતાં જ ઠકુરાણીઘાટ પર બેસી શ્રી યમુનાજીનું ધ્યાન ધરી, શ્રી વલ્લભના યમુનાષ્ટકનો પાઠ કરી, છીતસ્વામી ગોવર્ધનની દિશામાં જમુના પાર કરી ચાલી નીકળ્યા.

"સંધ્યા આરતી"નાં દર્શનની વેળાએ લાંબી લાંબી ફલાંગ ભરતા - "ગિરિરાજધરણ પ્રભુ તુમ્હારે શરણ"નો જાપ જપતા છીતસ્વામી શ્રી ગિરિરાજજીની દંડવતી શિલા પાસે પહોંચ્યા... ત્યારે શ્રી ગિરિરાજજીની પર્વતમાળાની ગોદમાં સૂર્યદેવ...ધીમે ધીમે મોર, બપૈયા, પોપટ અને કોયલના સૂરીલા કંઠની શય્યામાં અસ્ત થઈ રહ્યા હતા.

"છીતસ્વામી" "શયન"નાં દર્શન કરી ગિરિરાજજીની તળેટીમાં પહોંચ્યા ત્યારે શ્રી ગુસાંઈજી - શ્રી વલ્લભની બેઠકજીમાં થોડાક વૈષ્ણવો સાથે બિરાજેલા હતા.

"છીતસ્વામી, તમે આગ્રાથી ક્યારે આવ્યા? બીરબલજી ક્ષેમકુશળ તો છે ને? "વર્ષાસન"ની ભેટ ગાંઠે બાંધતા આવ્યા કે શું?"

છીતસ્વામીના ચહેરા પર વિષાદ પ્રસરી ગયો. એ નીચું જોઈ ગયા. શ્રીગુસાંઈજીને આશ્ચર્ય થયું. સદાના હસતા રમતા ટીખળી છીતસ્વામી આટલા ગંભીર કેમ થઈ ગયા.

શ્રી વલ્લભનંદને દંડવત્ કરતાં છીતસ્વામીના ખભા પર હાથ મૂક્યો અને ઊભા કર્યા.

"કૃપાનાથ..." - એ આગળ બોલી ન શક્યા. ગળે ડૂમો ભરાઈ આવ્યો.

"અરે...અરે...શું થયું છીતસ્વામી...બીરબલ ન મળ્યા? એણે તમારું અપમાન કર્યું...?" શ્રી ગુસાંઈજીએ પૂછ્યું.

"કૃપાનાથ...કૃષ્ણની ધરતી પર બુદ્ધિનું - તર્કનું સામ્રાજ્ય વધી રહ્યું છે." છીતસ્વામી બોલી ઊઠ્યા.

"કેમ, શું થયું...?" -

"કૃપાનાથ...ભક્તિ અને પ્રેમની સદાય રાસલીલા રચતા...ગોપીઓના હૈયામાંથી જે પ્રદેશમાં સ્નેહની ભક્તિની સરવાણી જ વહેતી રહી છે...એ પ્રદેશ પર બુદ્ધિનું, તર્કનું, અહંમનું સામ્રાજ્ય વિસ્તરી રહ્યું છે" - છીતસ્વામી એકની એક વાત હોઠ પર લાવતા હતા.

"બીના શું બની છે, છીતસ્વામી...કાંઈક ખુલાસો કરો."

"કૃપાનાથ...આજે ગુરુ અને ગોવિંદનાં સ્વરૂપોને જુદી જુદી આંખે જોવાઈ રહ્યાં છે...ભેદ પડાઈ રહ્યો છે." છીતસ્વામી બોલ્યા.

“શી વાત છે?”

છીતસ્વામીએ બીરબલને ત્યાં બનેલા બનાવની ખુલ્લા દિલે શ્રી ગુસાંઈજીને વાત કરી...અને પ્રશ્ન કર્યો:

“કૃપાનાથ...ગુરુ અને ગોવિંદ વચ્ચેનો ભેદ કરતી આ પેઢી ધર્મની આવતી કાલ માટે ભયંકર નહીં બની રહે?”

શ્રીગુસાંઈજી વિચારમાં પડી ગયા.

કહેવાતા બુદ્ધિમાન અહંવાદી બીરબલે ગુરુ અને ગોવિંદ વચ્ચે જે ભેદ રજૂ કર્યો હતો એમાં એનો દોષ નહોતો. સાહજિક રૂપે જ એ ગુરુ અને ઈશ્વર વચ્ચેની જે જ્ઞાન, ધર્મ, ભક્તિની ભેદરેખા વૈદિકકાળથી અંકાયેલી હતી...એની જ એ પુષ્ટિ કરતો હતો.

ઈશ્વરનું સ્વરૂપ, ઈશ્વરનો અનુગ્રહ, ઈશ્વરનું આધિપત્ય, ઈશ્વરની લીલા, ઈશ્વરનો પ્રેમ, ઈશ્વરનું જ્ઞાન...આ બધું જ અલૌકિક હતું...અનોખું હતું. ઈશ્વર સર્વવ્યાપી સર્વપ્રેમી હતો...જગન્નિયંતા હતો... “કર્તુમ્...અકર્તુમ્” બધું જ હતો. એની ઇચ્છા વગર કહેવાય છે એ પ્રમાણે પાંદડું પણ હલી શકતું નહોતું...આવા સર્વસંપન્ન ઈશ્વર...અને ઈશ્વર પ્રત્યે દોરી જતા - ઈશ્વર સાથે મિલન કરાવી દેતા. ગુરુ...એ આખરે તો માનવજગતનું કામ, ક્રોધ, લોભ, મત્સરથી - પંચેન્દ્રિયને આધીન...એવા જ્ઞાની હતા. એને એનાં જ્ઞાનની - મર્યાદાની ખબર હતી...અને આવા જ્ઞાની - માર્ગદર્શક - પ્રેરણારૂપ - ગુરુ - આખરે ગુરુ જ હતા. - સર્વશક્તિમાન - સર્વવ્યાપી ઈશ્વર કેમ હોઈ શકે? ઈશ્વરનું સામર્થ્ય - ગુરુમાં ક્યાં સંભવી શકે? - બીરબલ એ રીતે સાચો હતો... અને આ સત્ય એના ગુરુ છીતસ્વામી પાસે ઉચ્ચારી - એના જ્ઞાનની પામરતાનું પ્રદર્શન કર્યું હતું...એ જ એની ભૂલ હતી...જેનાથી ગુરુ - વિઠ્ઠલ અને ઈશ્વર - શ્રી ગોવર્ધનનાથ વચ્ચેનો ભેદ - શંકારૂપે પ્રગટ કરી, આજન્મ ભક્ત, ફક્ત ભક્ત - એવા એનામાં અને શ્રી ગોવર્ધનધરમાં - અનન્ય આસ્થા સેવનારા છીતસ્વામીને ઘણો ઊંડો આઘાત આપ્યો હતો. છીતસ્વામી ગુસ્સે થઈ, એના વર્ષાસનની ખાસ્સી મોટી રકમને લાત મારી... “ગુરુ-ગોવિંદ”ની એકાત્મતા પર અડગ વિશ્વાસ રાખી - બધું છોડી - એના શરણે આવી પહોંચ્યા હતા. પોતાની આજીવિકાનો - દેહને ટકાવી રાખવા જરૂરિયાત પૂરતા ધનની પણ ચિંતા કર્યા વગર અલખનો આ ઓલિયો જીવ... “દૃઢ ઇન ચરનન કેરો ભરોસો” નો અહાલેક જગાવતો એમના શરણે - આવતી કાલની જ નહીં પણ આવતી ક્ષણની પણ ચિંતા કર્યા વગર આવી પહોંચ્યા હતા. બીરબલના તર્કમાં જો તથ્ય હતું તો છીતસ્વામીની આવતીકાલની આકાર લઈ રહેલી અંધશ્રદ્ધા સુધી પહોંચી જાય તેવી ગુરુભક્તિ - ગુરુ-અવલંબનની સ્થિતિ - પ્રત્યેની ભીતિમાં પણ તથ્ય હતું. બીરબલની વિચારધારા પ્રમાણે સંપ્રદાયની પ્રણાલિકા આગળ વધે તો પરિસ્થિતિ એવી ભવિષ્યમાં સર્જાઈ જવાની કે “ગુરુ” એના જ્ઞાન કરતાં પણ ગાડરિયા વૈષ્ણવોની “આંધળી ભક્તિ”ના આધારે સ્વયં ભગવાન તરીકે પોતાની જાતને જાહેર કરી - ભગવાનના નામે પોતાની ભક્તિ કરાવવામાં પ્રવૃત્તિશીલ થવાનો. ભગવાનને નામે...મનોરથો,

છપ્પનભોગો, ઉત્સવો કરાવી એનો કુબેરભંડાર, એનું અહમ્, એનું છીછરું ભગવાનપણું-છલકતું રાખવાનો..."છીતસ્વામી" જેવા પારદર્શક "ગુરુ-ગોવિંદ"ના એકાત્મ સ્વરૂપને જાણનારા...સંપ્રદાયમાંથી ફેંકાઈ જવાના...ગુરુની આસપાસ ટોળાં જામતાં રહેવાનાં... અને સિંહાસન પર સ્થિર બેઠેલો...એકાકી ભગવાન એ ટોળાના ખેલો - પ્રપંચો જોયા કરવાનો...આજનો, વૈષ્ણવો સાથે તાદાત્મ્ય સાધી - વહાલ કરતો, લાડ કરતો, મિસરી-માખણ માગતો - વાતો કરતો "લાલો" આવતી કાલના પ્રપંચી વૈષ્ણવોથી રિસાઈને મૂંગોમંતર બની જવાનો...સંપ્રદાયની આવતીકાલ આ હતી એવું ગુસાંઈજીને લાગ્યું હતું અને કદાચ એટલે જ એમણે એક વખત શ્રીજીબાવા સાથે થોડાક દિવસ પહેલાં જ આપેલી સલાહ - વિનંતિના શબ્દો યાદ આવી ગયા.

"કૃપાનિધાન, આપે આપના તાદૃશી વૈષ્ણવો સાથે હસીખેલીને લીલા કરી ખૂબ જ મોટો અનુગ્રહ કર્યો છે. દરેક વૈષ્ણવને આપ એમના સખા જેવા - ભવાટવીની વાટના સહપાન્થી જેવા લાગ્યા છો. આપની કૃપાનું ફળ અમાપ છે, પ્રભુ! બાકી ભવાટવીની માયા-જાળમાં ભટકતા આ માનવજંતુની શી હેસિયત કે તમારી સાથે વાતચીત કરી શકે! પરંતુ, નાથ! મને તો કાળ એવો આવતો લાગે છે કે આ માનવજાતમાંથી ગ્વાલબાલ અને ગોપીઓની ભક્તિ, નિર્મળતા, નિર્દોષતા અને અંગના અણુઅણુમાં વ્યાપેલા કૃષ્ણપ્રેમની જગ્યાએ અહમ્, કુટિલતા, રાગદ્વેષ અને બૌદ્ધિક - મુત્સદ્દીગીરી એટલી બધી વધવા માંડી છે કે એ આપને ઈશ્વર કે સખા તરીકે નહીં પણ ખિલૌના તરીકે માનતો થવા માંડ્યો છે...અને તમારા નામની હાટ માંડીને બેસશે ત્યારે તમારી એની સાથેની બોલચાલ, ખેલલીલા...ઇત્યાદિમાં પણ બિકાઉ વૃત્તિનું જ દર્શન ઊપસી આવશે...આપની સ્થિતિ મદારીની ડુગડુગી પર નાચતા મર્કટ જેવી થાય એ પહેલાં આપ માનવ સામે મૌનનો પરિવેશ ધારણ કરી બોલવાનું, રમવાનું બંધ કરી દ્યો. આપ આવતી કાલના યુગમાં માનવજાત સાથે બોલચાલનો સંબંધ રાખશો તો તમારું માહાત્મ્ય, તમારી ભવ્યતા, તમારી કારુણાની એને કિંમત રહેશે નહીં અને આ કળિકાળમાં સમાનતાનો વ્યવહાર થવાથી ભક્તિમાર્ગ - મૈત્રીમાર્ગ બની જશે. ભક્તિમાર્ગ - વ્રજ-ગોપીજનોનો - અણુ અણુમાંથી શ્રીકૃષ્ણને ચાહવાનો - કૃષ્ણભક્તિનો - કૃષ્ણપ્રાપ્તિનો માર્ગ છે. આપે આપનું ગૌરવ જાળવી રાખવા પણ મૌન ધારણ કરવું પડશે. કળિકાળનો માણસ - પછી એ વૈષ્ણવના રૂપમાં હશે - ગુરુના રૂપમાં હશે કે પછી ટ્રસ્ટીના રૂપમાં હશે... પણ એ તમ સમા "હસીખેલ"ના ભગવાનની હાટડીઓ માંડીને ચારે દિશામાં બેસી જશે. એને માટે...જમુના કિનારો, વ્રજભૂમિ, ગોકુળ, ગિરિરાજ કે વૃંદાવન મહત્ત્વનાં નહીં રહે."

"કાકાજી...તમારી વાત શિરોમાન્ય. આજથી હું મૌન ધારણ કરીને કળિકાળના મારા ભક્તોની સેવા સ્વીકારીશ, પરંતુ મને ડર છે કે "મૂંગા ઈશ્વર"ની મૂર્તિઓની પણ મંદિરોના રૂપાળા નામે હાટડીઓ માંડીને બેસશે..."

એ વખતે શ્રી વિઠ્ઠલેશજી પાસે એનો જવાબ નહોતો. એની ધારણા, એનો

ભય...છીતસ્વામીના આજના બીરબલ સાથેના પ્રસંગમાંથી ઊઠેલા - વૈચારિક તિખારા પરથી સાચો પડવા માંડ્યો.

"છીતસ્વામી..." - વિચારમગ્ન શ્રી વિઠ્ઠલેશજી બોલ્યા.

"આજ્ઞા, કૃપાનિધાન!" -

"તમારી ગુરુ-ગોવિંદની એકાત્મતા સ્વરૂપની દૃઢ વિશ્વાસથી સભર એવી ભક્તિ પ્રત્યે માન છે. તમે બન્ને સ્વરૂપનાં એકભાવે દર્શન કરતા હો...અને તમને એ દર્શન થતા હોય...એ તમારું પરમ સદ્ભાગ્ય છે. માટે આ વિષય પર વધુ ચર્ચા - વિચારણા-વાદસંવાદ કરતાં આપણા "ગિરિરાજધરણ"માં દૃઢ વિશ્વાસ રાખી ભક્તિ કરતા રહો.. તમે તો મારા વ્હાલાના અંતરંગના સખા છો..." શ્રીગુસાંઈજી બોલ્યા.

બરોબર એ જ વખતે પંજાબના લાહોર શહેરના વૈષ્ણવોનો કાફલો શ્રી વિઠ્ઠલેશજીના ચરણસ્પર્શ કરવા આવી પહોંચ્યો. દંડવત્ અને ચરણસ્પર્શ કરી વૈષ્ણવો શ્રીજીના ચરણમાં બેસી ગયા.

"છીતસ્વામી... આમ તો તમે લાંબા પ્રવાસેથી પાછા ફર્યા છો. તમે થાકેલા હો તો આરામ કરો, પરંતુ એ પહેલાં હમણાં કેટલાક સમયથી...તમારી આગ્રાની અવરજવરના કારણે તમારા મુખેથી પદો સાંભળવાનો મોકો મળ્યો નથી, તો એકાદ પદ સંભળાવો. આજના ત્રસ્ત, વ્યસ્ત વિષમ સંસારમાં મારા વ્હાલાનાં ગુણગાન અંતરના ક્લેશને દૂર કરશે" -

- અને "છીતસ્વામી" શ્રી ગુસાંઈજીની આજ્ઞા સાંભળતાં જ એમના અસ્સલ રંગમાં આવી ગયા અને એમના મુખમાંથી શબ્દો સરી પડ્યા:

ભઈ ભેંટ અચાનક આય ।
હૌ અપને ગૃહતે ચલી જમુના. વે ઉતતેં ચલે ચરાવન ગાય ।।
નિરખત રૂપ ઠગૌરી લાગી, ઉતકૌ ડગર ચરીચલ્યૌ ન જાય ।।

"છીતસ્વામી" એ રંગમાં આવી બીજું પદ ઉપાડ્યું.

રાધિકા સ્યામ સુન્દર કી પ્યારી...

વાતાવરણમાં ભક્તિભાવનો માહોલ જામતો જતો હતો. લાહોરના વૈષ્ણવો છીતસ્વામીના મધુર પદમાં ઝૂમી ઊઠ્યા.

"વાહ...છીતુ...વાહ..." શ્રીગુસાંઈજી પ્રસન્નચિત્તે બોલી ઊઠ્યા.

શ્રીગુસાંઈજીને આ ક્ષણોમાં ફક્ત છીતસ્વામીની થોડીક ચિંતા થતી હતી. બીરબલના વર્ષાસન પર છીતસ્વામીનો જીવનનિર્વાહ ચાલતો હતો. એ વર્ષાસનને ઠુકરાવીને આવેલા છીતસ્વામી સામે એમણે જોયું...તો એ તો એમની મસ્તીમાં પદ લલકાર્યે જતા હતા. છીતસ્વામી વિદાય થયા એટલે શ્રી ગુસાંઈજીએ લાહોરના વૈષ્ણવો આગળ - છીતસ્વામીની વાત મૂકી...

"કૃપાનાથ...આજથી છીતસ્વામીનું વર્ષાસન અમારા શિરે રહેશે. હાલમાં તો વ્રજયાત્રામાં નીકળ્યા છીએ એટલે ખરચ પૂરતી જ રકમ લાવ્યા છીએ, પરંતુ આપ છીતસ્વામીને લાહોર મોકલશો તો અમે એમની વિવેકપૂર્ણ આગતાસ્વાગતા કરી એમને સારી એવી રકમ વર્ષાસન રૂપે આપીશું."

લાહોરના વૈષ્ણવો વ્રજયાત્રા પૂરી કરી લાહોર પહોંચ્યા એટલે શ્રી ગુસાંઈજીએ છીતસ્વામીને એમના મુકામે બોલાવ્યા.

"છીતસ્વામી...તમારે આ પત્ર લઈ લાહોર જવાનું છે."

"કેમ શાના કાજે?"

"બધું જ પત્રમાં લખ્યું છે."

"પત્ર આપની આજ્ઞા હોય તો વાંચી શકું કે જેથી મારે શું કાર્ય કરવાનું છે તેની સમજ પડે?"

જવાબમાં શ્રી ગુસાંઈજી મર્મીલું હાસ્ય વેરતા નેત્રસંકેતથી પત્ર વાંચવાની આજ્ઞા આપી.

છીતસ્વામીએ પત્ર વાંચ્યો. એમાં છીતસ્વામી કેવા દૈવી જીવ છે, કેવા સરસ કવિ છે અને શ્રીજીબાવાને સર્વસ્વ સમર્પણ કરી ચૂકેલા વૈષ્ણવ છે એની વાતો લખી - એમનું સન્માન કરવાની લાહોરના વૈષ્ણવબંધુઓને આજ્ઞા કરી હતી.

"કૃપાનાથ...આપે...આ ઠગ છીતાની આટલી પ્રશંસા કરી! આ દુષ્ટ પતિત જીવની આપે વર્ણવેલી કોઈ જ હેસિયત નથી. હું તો આ કાગળ વાંચી રિક્તતા અનુભવું છું...કૃપાનાથ...કયા મોઢે આ ઠગ, પતિત છીતો લાહોરના પરમ કૃપાળુ વૈષ્ણવો પાસે જઈને ઊભો રહેશે? એમને મારા ભૂતકાળની ખબર પડશે...તો એ વૈષ્ણવો આપને માટે શું ધારશે? ના..ના..કૃપાનાથ...હું માન, સન્માન કે ભેટ લેવા નહીં જાઉં...કારણ કે હું એને લાયક નથી."

- છીતસ્વામી હઠ કરીને લાહોર ન ગયા એટલે શ્રી ગુસાંઈજીએ ખાસ કાસદ લાહોર મોકલ્યો. ચિઠ્ઠી વાંચી લાહોરના વૈષ્ણવો ગદ્‌ગદિત થઈ ગયા. છીતસ્વામીના અંગે શ્રી વલ્લભનંદન પર કાસદ સાથે પત્ર તેમજ રૂા. ૧૦૦ની હૂંડી મોકલતાં વૈષ્ણવોએ લખ્યું :

"ગુરુદેવ..."

છીતસ્વામી જેવા સંતકવિની નિઃસ્પૃહતા બદલ એમને ધન્યવાદ. અમારી ફૂલપાંખડી - પ્રસાદરૂપે પણ સ્વીકારી લેવા અમારી વિનંતિ સ્વીકારવાનું કહેશો. દર વર્ષે રૂપિયા સોની હૂંડી અમે મોકલતા રહેશું."

શ્રી ગુસાંઈજીએ છીતસ્વામીને બોલાવ્યા અને ખૂબ આગ્રહ કરી રૂપિયા સોની હૂંડી એમને આપી ત્યારે ગળગળા થતા છીતસ્વામી ગાઈ ઊઠ્યા :

“મોંકો બલ હૈ દોઉ ઠૌર કો
ઈક બલ મોંકો હરિભક્તન કો, દૂજો નંદકિસોર કો
મનસા વાચા ઔર કર્મણા, નાહિ ભરોસો ઔર કો
“છીતસ્વામી” ગિરિધરન શ્રી વિઠ્ઠલ વલ્લભ કુલસિર મોરકો”

ગુરુ-ગોવિંદમાં અનન્ય આશ્રય - દૃઢ ભક્તિભાવ રાખનારા છીતસ્વામી પદ પૂરું થતાં જ એમના નિવાસસ્થાન પૂંછરી તરફ ચાલી નીકળ્યા.

૭. ભઈ અબ ગિરિધર સોં પહચાન

“છીતસ્વામી” પૂંછરીના એમના નિવાસસ્થાને પહોંચ્યા. હૃદય ભરાઈ આવ્યું હતું. મનોમન એ શ્રી વલ્લભનંદનની એમના પરની કૃપા પર જ વિચારતા હતા…

બીરબલનો ત્યાગ કર્યા પછી એમની આજીવિકા માટે ગુસાંઈજી કેવા ચિંતિત હતા! છીતસ્વામીએ એમની કુટિરમાં આવી ખભા પરના તંબૂરને યથાસ્થાને મૂક્યો. મનમાં શ્રી વલ્લભનું ધ્યાન ધર્યું. ધ્યાનસ્થ દશામાં જ એમને નિદ્રા આવી ગઈ…

“અરે, છીતસ્વામી, જાગો…”

વહેલી સવારે એમની કુટિરનાં કમાડ પર ટકોરા સાથે કોઈકનો અવાજ સંભળાયો…

છીતસ્વામી ઝબકીને જાગી ગયા.

“કૌન હો, ભૈયા…” - આળસ મરડતાં, દર્ભાસન પરથી ઊભા થતાં છીતસ્વામી કંટાળેલા અવાજે બોલ્યા.

કુટિરની નાની બારીમાંથી પૂર્વના આકાશમાં ગિરિરાજજીના શિખર પાછળથી ઉદિત થતો સૂરજ બાલકિરણોની માળાથી શ્રી ગોવર્ધન પર્વતને આભૂષિત કરી રહ્યો હતો. કોકિલાના ટહુકા, કૂકડે કૂકનો કૂકડાનો અવાજ…વહેતા પવનની મર્મર અને ગિરિરાજજીના વક્ષઃસ્થળ પર ઝૂલતી, શોભતી લીલીછમ ઘટાની વનરાજિની ચૂંદડી પર ઠમક ઠમક ચાલે ગળામાં લટકતી નાનકડી ઘંટડીનો મીઠો રણકાર કરી વાતાવરણને ગુંજતું કરતાં ગૌચારણ માટે નીકળેલાં ગાયોનાં ધણનાં દર્શન થતાં જ છીતસ્વામીના મુખમાંથી પદ સરી પડ્યું:

આગે ગાય પાછે ગાય ઈત ગાય ઉત ગાય
ગોવિંદ કો ગાયન મેં બસ બોહી પાવે ।
ગાયન કે સંગ ધાવે, ગાયન મેં સચુ પાવે
ગાયન કી ખુરરેન અંગ જુ લાવે ॥
ગાયનસોં બ્રજ છાયો બૈકુંઠ હું બિસરાયો
ગાયન કે હેત ગિરિકર લે ઉઠાવે ।
“છીતસ્વામી” ગિરધારી વિઠ્ઠલેશ વપુધારી
ગ્વારિયાકો ભેષ કિયે ગાયન મેં આવે ॥

“અરે ભૈયા, ગાવન કો ગીત કોં ગાવોં…મંદિર જલ્દી પધારિયોં…આજ તો પલના હૈ…ગોસાંઈજીને જલ્દી બુલાયોં હૈ, છીત…જરા જલ્દી આઈઓ…”

છીતસ્વામીના કાને એના સખા અને ગુસાંઈજીના પ્યારા સેવક ગોવિંદાનો અવાજ કાને પડ્યો.

"પલના...ઔર આજ...ધન ભાગ ધન ઘડી..." કહેતાં છીતસ્વામીએ એમની કુટિરનાં દ્વાર ખોલ્યાં.

"અરે ગોવિંદા...શું વાત છે? કુટિરમાં તો આવ..."

"નારે...હજી તો સૂરદાસજીને પરાસોલીમાં, ગોવિંદસ્વામીને કદમખંડીમાં, કુંભનદાસજીને જમનાવતામાં, કૃષ્ણદાસને બિલછુકુંડમાં, પરમાણંદદાસજીને સુરભિકુંડમાં, નંદદાસજીને માનસી ગંગામાં અને ચતુર્ભુજદાસજીને રુદ્રકુંડમાં કહેવા જવાનું છે...આજના પલનાની અલૌકિક ઝાંખી કરવાની ખૂબ મજા આવશે...અને તમારાં અષ્ટસખાનાં પદોથી આખુંય વાતાવરણ "નંદાલય"નું થઈ રહેવાનું છે..." કહેતો ગોવિંદો લાંબી ફલાંગ ભરતો ચાલ્યો ગયો.

છીતસ્વામીની આગલા દિવસની વિહ્વળતા, વ્યથા અને વ્યસ્તતા પલનાના સમાચાર સાંભળી દૂર થઈ ગઈ. નજીકના અપ્સરાકુંડમાં જઈ છીતસ્વામી સ્નાન કરી આવ્યા. કુટિરમાં આવી પેટીમાંથી નવુંનકોર કેસરી કિનારવાળું ધોતિયું કાઢી પહેરી લીધું. સફેદ રંગની કફની, કેસરી રંગનો ઉપરણો - માથે કેસરિયાળો સાફો...બધું જ "કેસરી કેસરી" શરીર પર, મન પર અને બુદ્ધિ પર ચડાવી નવનીતપ્રિયાજીના પલનાનાં દર્શન કરવા ખભે તંબૂર નાંખી ગિરિરાજની તળેટીમાં આવેલી દંડવતી શિલાની દિશામાં આગળ વધ્યા ત્યારે હૃદય આનંદવિભોર બની ઊછળતું હતું.

ગિરિરાજજીની તળેટીમાં મસ્તીથી ચાલતા છીતસ્વામીની આંખો...શ્રી ગોવર્ધન પર છવાયેલી વનશ્રી પર વિહરતી હતી...અંતરમાં વ્રજભૂમિની ગલીઓ, વૃક્ષ, કુંજો, કુંડો, ઝરણાંઓ, વહેતાં જમુનાજલ, સ્પર્શ - માત્રથી તન અને મન પાવન કરી વહ્યા કરતો પવન...ભૂરું ભૂરું આકાશ, કલરવથી કદમખંડીઓને ભરી દેતાં પંખીઓ, કૂદાકૂદ કરતાં હરણાંઓ પર પડતાં જ હૈયું ગાઈ ઊઠ્યું. આ પદ નહોતું, અંતરની આરજૂ હતી - ઝંખના હતી - વ્રજભૂમિ પ્રત્યેની આસક્તિનું એ પદ છીતસ્વામીના મુખેથી સરી પડ્યું:

"અહો બિધના તો પૈ અંચરા પસારિ માંગૌ ।
જન્મ જન્મ દીજૈ મોહિ યાહી બ્રજ બસિવૌ
અહિરન કી જાતિ સમીપ નંદ ઘર
ઘરી ઘરી ઘનશ્યામ હેરિ હેરિ હંસિવૌ ।
દધિકે દાન મિષ બ્રજકી બિથનિમૈં
ઝકઝોર ન અંગ અંગ - કો પરસવૌ
"છીતસ્વામી" ગિરિધરન શ્રી વિઠ્ઠલ
સરદ રૈન રસરાસકો બિલસવૌ ।

હે વિધાતા, તારી પાસે પાલવ ફેલાવીને હું એટલું માગું છું કે જન્મ જન્મ મને આ જ વ્રજમાં વાસ આપજો. તેમાંય ગોકુળમાં નંદાલયની નજીકમાં આહીર જાતિમાં

જન્મ આપજો, જેથી વારંવાર શ્રી ઘનશ્યામ સાથે હળવામળવાનું અને હસવાનું થાય. વ્રજની ગલીઓમાં દહીંના દાનના બહાને ખેંચતાણમાં શ્રીકૃષ્ણના શ્રીઅંગનો સ્પર્શ થાય. શરદની રાત્રીએ રાસવિલાસનો રસ પ્રાપ્ત થાય.

"છીતસ્વામી"ને એમના પૂર્વસૂરિ ઉદ્ધવજી યાદ આવી ગયા:

"આજ્ઞામહો ચરણરેણુજુષામહં સ્યામ્ ।
વૃંદાવને કિમપિ ગુલ્મલતૌષધિનામ્ ॥

ઉદ્ધવજીની પણ આરત વ્રજામાટે કેવી હતી !

ગોપીજનોના ચરણારવિંદની રજ જેમને નિત્ય મળ્યા કરે એવા આ વ્રજ-વૃંદાવનમાં હું ઘાસ, છોડ, વેલરૂપે રહું!

છીતસ્વામી એક પછી એક વ્રજભૂમિની લીલાદર્શનનાં પદો યાદ કરતા દંડવતી શિલાની તરફ જઈ રહ્યા હતા...ત્યાં જ સૂરદાસજીનું પદ -

"ઐસે બસિયે બ્રજકી બિથિનિ...
ગ્વારનિ કે પનવારે ચુનિ ચુનિ..."

યાદ આવી ગયું અને છીતસ્વામીના આશ્ચર્ય વચ્ચે પરમાણંદદાસજી પણ બની-ઠનીને મંદિરની દિશામાં જતાં જતાં

"બ્રજ બસી બોલ સબન કો સહીયે" - ગાતા ગાતા ગિરિરાજજીની લીલીછમ ભોમકામાં ઊગેલાં વૃક્ષો અને પર્ણોમાં "વૃક્ષે વૃક્ષે વેણુધારી, પત્રે પત્રે ચતુર્ભુજ"નાં દર્શન કરતા મસ્તીમાં ચાલ્યા જતા હતા.

સમગ્ર વ્રજમંડળ પર વસંતઋતુનું સામ્રાજ્ય છવાઈ ગયું હતું. રંગબેરંગી પુષ્પોની સૃષ્ટિથી ગિરિરાજજીનો વનપ્રદેશ મહેકી ઊઠ્યો હતો...યમુનાજીનાં ખળખળ વહેતાં નીરની બન્ને બાજુની કદમખંડીઓ લીલીછમ બની લહેરી ઊઠી હતી...મોર, બપૈયા, પોપટ, કોયલના મધુર ટહુકા વસંતના આગમનને વધાવી રહ્યા હતા.

છીતસ્વામીની દૃષ્ટિ ગિરિરાજજી પર ફૂલી-ફાલેલી વનશ્રી પર પડી...અને હૈયું ફૂલ્યું ન સમાયું ગાઈ ઊઠ્યું :

"ગોવર્ધન કી સિખર ચારૂ પર ફૂલી નવ માધુરી જાઈ ।
મુકુલિત ફલ દલ સઘન મંજરી સુમન - સોભા બહુતૈ ભાઈ ॥
કુસુમિત કુંજ-પુંજ દ્રોણી દ્રુમ નિર્ઝર ઝરત અને કૈ ઠાંઈ ।
"છીતસ્વામી" બ્રજ-જુવતિ જૂથ મેં બિહરત તહાં ગોકુલ કે રાઈ ॥

અને વસંતપંચમીનો મહેકતો દિવસ...લાડલેલાલના પલનાની તૈયારી, સુગંધિત વાતાવરણની એ બલિહારી ગાતાં છીતસ્વામીએ લલકાર્યું :

આયૌ રિતુ - રાજ સાજ, પંચમી વસંત આજ ।
મૌરે દ્રુમ અતિ અનુપ, અંબ રહે ફૂલી ॥

વેલી લપટી તમાલ, સેત પીત કુસુમ લાલ ।
ઉડવત રંગ સ્યામ ભામ ભંવર રહે ઝૂલી ॥

ગિરિરાજજી એમના માખણશા મૃદુ દેહ પર - ગોવર્ધનનાથજી અને શ્રી નવનીતપ્રિયાજીના લાડલા ભક્તકવિઓ સૂરદાસ, કુંભનદાસ અને હવે પરમાણંદદાસ અને છીતસ્વામીનાં આરોહણનાં પગલાંએ ચરણોની વ્રજરજ ઝીલતાં આનંદ આનંદ અનુભવતા હતા. આ બાળકને એની ગોદમાં ઝુલાવતી - બાલશિશુના નાનકડા હાથ પકડી માતા પર્વતારોહણ કરાવતી હોય એમ શ્રી ગિરિરાજજી આ ક્ષણોમાં એમના વ્હાલા કવિઓને - શ્રી ગોવર્ધનનાથજીના મંદિરે - શ્રીજીદ્વારે લઈ જતા હોય એવો આનંદ અનુભવતા હતા.

"છીતસ્વામી" એમની મસ્તીમાં વસંતઋતુનાં વધામણાનાં આમ એક પછી એક પદ ગાતા - નાચતા શ્રી ગોવર્ધનનાથજીના મંદિર તરફ પ્રયાણ કરી રહ્યા હતા. હૈયે આનંદ અપાર હતો.

છીતસ્વામીએ એમની મસ્તીમાં ચાલ્યા જતા પરમાણંદદાસજીને આગળ જવા દીધા...રસ્તામાં ખળખળ વહેતાં ઝરણાંને જોતાં જ...થોડા સમય પહેલાં ગોકુલની કુંજગલીમાંથી - ઠકરાણીઘાટના તટ પર આવી ચઢેલા...ભક્તિના બધા જ રંગે રંગાઈ ગયેલા રસખાનજીના મુખેથી સાંભળેલું "વ્રજભૂમિ"ની દીવાનગીનું પદ "માનુષ હૌં તો વહી રસખાનિ, બસૌં બ્રજ ગોકુલ ગાંવ કે ગંવારન..." યાદ આવી ગયું...અને આ ગોકુલ ગાંવની સાંવરી ગોપીઓ પર "તાહિ અહીર કી છોહરિયાં ઓ.... છછિયા ભરી છાછ" કનૈયાને ધરી કેવો નાચ નચાવતી હતી...એ યાદ આવી ગયું.

વ્રજની ભૂમિ, વ્રજની ગોપી, વ્રજનો કનૈયો...બધું જ...કેટલું મધુર છે એ અનુભૂતિ છીતસ્વામી એમના "ગુરુના ગુરુ" શ્રી વલ્લભની મધુર વાણી..." "અધુરમ્ મધુરમ્"ના રટણ સાથે દંડવતી શિલાની પરિક્રમા કરતાં અનુભવી. છીતસ્વામી મંદિરમાં પહોંચ્યા ત્યારે "પલના"નાં દર્શનની તૈયારી થઈ રહી હતી.

"આવો...આવો, છીતસ્વામી!"

મંદિરના એક ખૂણામાં કીર્તનમંડળી બેઠી હતી. એમાંથી કોઈકે છીતસ્વામીને આવકાર્યા. આદરપૂર્વક સૂરદાસ, કુંભનદાસ, પરમાણંદદાસની બાજુમાં એમણે એમનું સ્થાન લીધું...અને...

"લાડલે લાલકી જે"

"નવનીતલાલ પ્યારે કી જે"

"આજ કે આનંદ કી જે"

"શ્રી વલ્લભાધીશ કી જે..."

ના જયઘોષ સાથે જ દર્શન ખૂલ્યાં. વાતાવરણમાં આનંદમંગલ સ્થપાઈ ગયું.

છેલ્લા કેટલાક સમયથી ગોકુલથી શ્રી ગુસાંઈજી નવનીતપ્રિયાજીની આજ્ઞાથી - લાલનના સ્વરૂપને ગિરિરાજજી પર શ્રી ગોવર્ધનનાથજીની નિશ્રામાં પધરાવી લાવ્યા હતા. આજે વસંતપંચમીનો ઓચ્છવ ધામધૂમથી "પલના"ના મનોરથ સાથે ગિરિરાજજીના ઉન્નત, ભવ્ય શિખર બિરાજતા શ્રી ગોવર્ધનનાથજીની નિશ્રામાં ઊજવાઈ રહ્યો હતો. વ્રજમંડળના ગામેગામના ગોપ, ગોપી અને વ્રજવાસીઓ "પલના" ના દર્શનાર્થે ચારે દિશામાંથી આવી રહ્યાં હતાં.

"શ્રી ગોવર્ધનનાથ કી જે"

"શ્રી લાડલે લાલ કી જે"

"શ્રી નવનીતલાલ પ્યારે કી જે"

"શ્રી ગિરિરાજધરણ કી જે"

"શ્રી વલ્લભાધીશ કી જે"

"શ્રી ગોસાંઈજી મહારાજ કી જે"

ના જયઘોષ ઝીલતા ગિરિરાજજી પણ આજ ફૂલ્યા નહોતા સમાતા...આજે સમગ્ર વ્રજભૂમિના એના હૈયે બિરાજતા - એના હૈયાની ગિરિકંદરામાં વિધવિધ બાળલીલા કરતા - કુંભનદાસ, ગોવિંદસ્વામી, સૂરદાસ, રસખાન ઇત્યાદિ કવિભક્તો સાથે ખેલ ખેલતા શ્રી ગોવર્ધનનાથજીનાં દર્શન કરવા એમના ભક્તો - વૈષ્ણવો એમના શ્રીઅંગને પાવન કરતા મંદિરની દિશામાં આરોહણ કરી રહ્યા હતા. ગિરિરાજજી, જે ખુદ શ્રીજીબાવાના જ અંશ સમા હતા - એમના હૈયે - વૈષ્ણવોના ચરણની વ્રજરજથી એમનું શ્રીઅંગ પવિત્ર થતું હતું એનો આનંદ અનોખો હતો.

છીતસ્વામીએ ખભેથી તંબૂરને ખોળામાં લીધો. ભક્તકવિ સૂરદાસનું "જસોદા હરિ પાલનૈ ઝુલાવે" પદ પૂરું થતાં જ ગુસાંઈજીએ છીતસ્વામીને પદનો આરંભ કરવાની આજ્ઞા આપતાં કહ્યું:

"છીતસ્વામી, તમે આપણા "લાડલેલાલ"નું એકાદ પલનાનું પદ સંભળાવો."

"છીતસ્વામી"એ એક નજર શ્રી ગોવર્ધનનાથજી પર કરી...શ્રીજીબાવાના ચહેરા પર પ્રસન્નતાની એક લહર ફરકતી હતી...બીજી જ ક્ષણે "ગોકુલ" ગામના નંદદુલારા નવનીતલાલને ગુલાબ, ચમેલી, મોગરો, કેસૂડો, પારિજાત ઇત્યાદિ સુગંધિત પુષ્પોની સજાવટથી શોભતા પલનામાં શ્રી વલ્લભનંદનના હાથમાં રહેલી હીરની દોરીએ ઝૂલતા જોઈ, છીતસ્વામીના હૈયામાંથી પદ સરી પડ્યું

"પ્રિય નવનીત પાલને ઝૂલે, શ્રી વિઠ્ઠલનાથ ઝુલાવે" અને હજી તો પદની બીજી પંક્તિ હૃદયમાંથી સરી પડે ત્યાં તો છીતસ્વામીને કૌતુક થયું....

"અરે...આ શું... હોય નહીં!" - પદ અધૂરું મૂકતા એ મનોમન બોલી ઊઠ્યા. શ્રી વલ્લભનંદન...પલનામાં બિરાજતા હતા અને નાનકડા નવનીતલાલજી હસતા

હસતા શ્રી ગુસાંઈજીને પલનામાં ઝુલાવતા હતા. એમના મુખમાંથી આવા અલૌકિક...ભક્ત અને ભગવાનના એકાત્મક સ્વરૂપનાં દર્શનની ઝાંખી થતાં પંક્તિ સરી પડી:

“કબહુક આપ સંગ મિલે, ઝૂલે કબહુક ઉતર ઝુલાવે
કબહુક સુરંગ ખિલૌના લીને, નાના ભાંતિ ઝૂ ખિલાવૈ
ચકઈ બંકી ફિરકની લહેરૂ, ઝૂન ઝૂન હાથ બજાવૈ
ભોજન કરત થાર એક ધારી, દોઉં જન ખાય ખવાવૈ
બનધન ભાગ્ય દાસ નિજ જનકે જો હય દરસન પાવે
છીતસ્વામી ગિરિધરન શ્રી વિઠ્ઠલ નિગમ એક કરી ગાયે”

છીતસ્વામી તો “પલના”માં શ્રી વલ્લભનંદન અને શ્રી નંદનંદન વચ્ચેની અદલાબદલીનાં દર્શન થતાં ખુશખુશ થઈ ગયા અને એક વાતની શાંતિ થઈ ગઈ - નિરાંત થઈ ગઈ છે કે શ્રી ગુસાંઈજી અને શ્રી ગોવર્ધનનાથજીના સ્વરૂપમાં એમને માટે ક્યાંય ભિન્નતા નથી રહી.

“પલના”નાં આનંદમંગલ દર્શન કરી ધીમે ધીમે સૌ વીખરાવા લાગ્યા. ગિરિરાજજીના આકાશમાંથી ધોમ તડકો પડતો હતો. છીતસ્વામી પૂંછરી મુકામે ગયા... તંબૂરને યથાસ્થાને ગોઠવી એકલા “જીવ” નિરાંતે આસને બેઠા. શરીરને થાક લાગવા માંડ્યો હતો. લગભગ સિત્તેર વર્ષની ઉંમરે છીતસ્વામી આંબી ગયા હતા, પરંતુ એમના જીવનમાં-કવનમાં ક્યારેય ભક્તિની પાનખર - અશ્રદ્ધાનો અંધકાર ક્યારેય આવ્યાં નહોતાં.

“એરિ યહ નટવર નંદલાલ કુંવર મોરન સંગ નાચે” જેવી પરિસ્થિતિમાં એમના “ગિરિધરન વિઠ્ઠલ” સાથે ભક્તિના તાલે ભવાટવીની વાટે નર્તન કરતા રહ્યા હતા.

ગિરિરાજજીના શિખર પર શ્રીનાથજીના મંદિરની સાત ધજાઓ પવનની પાંખે ફડફડતી હતી. આથમતા સૂરજનાં કિરણો એના રતુંબડા રંગની ધજાથી શોભા વધારી રહ્યાં હતાં. સમગ્ર આકાશ ગુલાબી રંગની છાંટથી શોભતું હતું. મયૂરના ટહુકા, કોકિલના કૂજન, ચકલીની ચીંચીં, કબૂતરોનું ઘૂઘૂ અને મઘમઘતાં ફૂલોની સુગંધથી આખીય વ્રજભૂમિ મહેકી ઊઠી હતી...

“અરે, છીતસ્વામી...જલ્દી મુખારવિંદ પર પહોંચો” - છીતસ્વામી શયનનાં દર્શન કરી ધીમા ડગલે પૂંછરીની દિશા તરફ એમના નિવાસસ્થાને જઈ રહ્યા હતા ત્યાં જ ગુસાંઈજીનો સેવક ગોવિંદા...હાંફળોફાંફળો છીતસ્વામી પાસે પહોંચતો બોલી ઊઠ્યો.

“કેમ...શું છે, ગોવિંદા...આટલો બધો હાંફે છે કેમ?”

- જવાબમાં ગોવિંદો છીતસ્વામીના ખભે માથું ઢાળી દેતો ધ્રૂસકે ધ્રૂસકે રડી પડ્યો...

“ગોવિંદા, વાત શી છે?” - અકળાઈ ઊઠેલા છીતસ્વામી બોલી ઊઠ્યા.

"છીતસ્વામી, શ્રી વિઠ્ઠલેશજીને શ્રી ગિરિધરજી અને શ્રી ગોકુલનાથજી બન્ને ખભે એમના હાથ મૂકી મુખારવિંદ" તરફ લઈ જાય છે...આપણા...આપણા ગુસાંઈજીની તબિયત...બરાબર નથી...છીતસ્વામી, બરાબર નથી." અને ગોવિંદો ફરી રડી પડ્યો...

ગોવિંદાના શબ્દો કાને પડતાં જ છીતસ્વામીના હાથમાંથી તંબૂર પડી ગયો. ગાત્રો ઢીલાં થઈ ગયાં, શરીર કંપવા લાગ્યું...આંખે અંધારાં આવવા માંડ્યાં, ધરતી ડોલતી લાગી...

"ગોવિંદા...ચાલ...ચાલ...મારા ભાઈ..." - કહેતા યુવાન ગોવિંદાના ખભે હાથ મૂકતા વૃદ્ધ છીતસ્વામી ઝડપી પગલાં ભરતા "મુખારવિંદ"ની દિશામાં ચાલવા માંડ્યા...

આંખો સામે...જિંદગીની રણરેત પર ઊપસી આવેલા...એકએક સ્મૃતિદૃશ્યને એ વિહ્વળ આંખે નિહાળતા રહ્યા...

"અરે, છીતસ્વામી...આવો...આવો..."

પ્રથમ મિલને જ છલ કરવા આવેલા એ છીતાને આનંદઘનસ્વરૂપ શ્રી વિઠ્ઠલેશે...એને બોલાવ્યો હતો...એના "માંયલા"ના "હીર"ને પારખી ગયેલા એ શ્રી "વલ્લભનંદન" સાથે પ્રથમ મિલને જ થઈ ગયેલી પેલી "ભઈ અબ ગિરિધર સૌં પહચાન."

અને આ પહચાન - ભવભવની પહચાન થઈ ગઈ...એ પહચાન ગુરુકૃપાથી ગોવિંદ સુધી પાંગરી...શ્રી નવનીતલાલ અને શ્રી ગોવર્ધનનાથ સુધી પાંગરી...અને એ "શ્રી વિઠ્ઠલનાથ ઉપાસી" સદા માટેના બની ગયા હતા...એક ક્ષણ શ્રી વિઠ્ઠલ વગર - જતી નહોતી...જિંદગીભર ભારે ઉમળકા સાથે...એણે "ગો વલ્લભ ગોવર્ધન વલ્લભ"નાં ગુણગાન જ ગાયા કર્યાં હતાં અને ગુરુ અને ગોવિંદના એકાત્મ સ્વરૂપમાં એમને "તેઈ એઈ કછુ ન સંદેશ" રહ્યો હતો.

આવા ગુરુદેવ...શ્રી વલ્લભનંદન શ્રી વિઠ્ઠલ...આ ભૂતલ છોડી પરમધામના પંથે પળી રહ્યા હતા..."જ્યોતિર્મય" પ્રકાશનો પુંજ અનંત બ્રહ્માંડમાં વિલીન થઈ...અંધકારમય બની જવાનો હતો.

છીતસ્વામી ગોવિંદાના સહારે લથડતા પગલે ભાંગેલા હૈયે સજળનયને "મુખારવિંદ" પાસે પહોંચ્યા ત્યારે શ્રીગુસાંઈજીના એક પછી એક બાળક પિતાના વૃદ્ધ શરીરને પોતાના ખભાનો સહારો આપતા "મુખારવિંદ" પાસે શ્રી વિઠ્ઠલેશને એમના ખોળામાં પોઢાડતા હતા.

છીતસ્વામીએ જોયું તો ગોવિંદસ્વામી, ચતુર્ભુજદાસજી, નંદદાસજી અને અન્ય ભક્તજનો શ્રી વિઠ્ઠલેશજીનાં અંતિમ દર્શન કરવા આવી પહોંચ્યા હતા. સૌના ચહેરા પર અસહ્ય વેદનાની - વિરહની રેખાઓ વિસ્તરી રહી હતી. આંખોમાંથી અશ્રુજલ વહેતાં હતાં...

શ્રી વિઠ્ઠલેશ અર્ધાપર્ધા ગોકુલનાથજીના ખોળામાં બેસીને એમના બન્ને હાથ જોડતા...ગિરિરાજજીના શિખરે બિરાજતા શ્રી ગોવર્ધનનાથજીને પગે લાગતા - દંડવત્ કરતા મંદ અવાજે બોલી રહ્યા હતા.

"કૃપાનિધાન...મારા વ્હાલા ગોવર્ધનનાથ...આપની બાજુમાં બિરાજેલા શ્રી નવનીતલાલ...આજ્ઞા આપો...આપના પરમધામમાં પ્રવેશવાની અનુજ્ઞા ચાહું છું. આપણા સૂરદાસજીના શબ્દોમાં દાયકાઓના દાયકા સુધી "બહુત નાચ્યો" મારા નાથ...હવે જીવને આપના શરણમાં સ્થાન આપો મારા વ્હાલા...આપની લીલામાં આ જીવને સ્થાન આપો...મારા ગોવર્ધનધર...મારા લાડલે લાલ..."

શ્રી વિઠ્ઠલેશજીને બંધ નેત્રે - આર્દ્ર ભાવે...ગદ્‌ગદિત સ્વરે શ્રીજીબાવાને પ્રાર્થના કરતા 'છીતસ્વામી' જોઈ રહ્યા..

ધીમે ધીમે પ્રાર્થનાશબ્દો મંદ થતા ગયા.

શ્રી વિઠ્ઠલેશ પ્રભુ સફાળા ગોકુલનાથજીના ખોળામાંથી ઊભા થઈ ગયા અને ધીમે ધીમે...મંદ અવાજે...

"ગિરિરાજધરણ શ્રીજી તમારે શરણ"નું રટણ કરતાં કરતાં મુખારવિંદની બાજુમાં આવેલી ગિરિકંદરામાં પ્રવેશી...અંતર્ધાન થઈ ગયા...વિરહી ગોવિંદસ્વામી...આવેગ પૂર્વક શ્રી ગુસાંઈજી પાછળ પાછળ કદમખંડીમાં ગિરિકંદરામાં પ્રવેશી અંતર્ધાન થઈ ગયા...

"કૃપાનાથ..." કહેતા છીતસ્વામી પણ ગિરિકંદરાની દિશામાં દોડ્યા, પરંતુ નિર્બળ, અસ્વસ્થ શરીરે દગો દીધો...અને મુખારવિંદ નજીક ઢળી પડ્યા...

શ્રી ગિરિધરજી, ગોકુલનાથજી...નંદદાસજી, ચતુર્ભુજદાસજી...છીતસ્વામીને ઘેરી વળ્યા...અર્ધબેભાનાવસ્થામાં વિરહી જીવ... "શ્રી વિઠ્ઠલ...શ્રી વિઠ્ઠલ..."નું રટણ કરતો રહ્યો...

"છીતસ્વામી... ધરપત રાખો...શાંત થાઓ...આપણા શ્રીજીબાવાનું સ્મરણ કરો...શ્રી વિઠ્ઠલેશજીનું સ્મરણ કરો..." - શ્રી ગોકુલનાથજી બોલી ઊઠ્યા અને છીતસ્વામીના તંદ્રાવસ્થ દેહમાંથી - મુખમાંથી આયખાનું અંતિમ પદ સરી પડ્યું:

"વિહરત સાતોં રૂપ ધરે
સદા પ્રગટ શ્રી વલ્લભનંદન દ્વિજ કુલ ભક્તિ વરે
શ્રી ગિરિધર રાજાધિરાજ, વ્રજ રાજત ઉદય કરે,
શ્રી ગોવિંદ ઈન્દુ જગ કિરનન, સિંચત સુધા ખરે
શ્રી બાલકૃષ્ણ લોચન વિસાલ, દેખિ મન્મથ કોટિ ટરે
ગુન લાવન્ય દયા કરુણાનિધિ, શ્રી ગોકુલનાથ ભરે
શ્રી રઘુપતિ, જદુપતિ, ધન સાંવલ, ધનિ જન સરન પરે
"છીતસ્વામી" ગિરિધરન શ્રી વિઠ્ઠલ જિંહિ ભજ અખિલ તરે...

"જિંહિ ભજ અખિલ તરે"ની પંક્તિ સાથે જ છીતસ્વામીની આંખો સદાને માટે બંધ થઈ ગઈ...

જિંદગીની અંતિમ ક્ષણો સુધી ગુરુદેવ શ્રી ગુસાંઈજીના સ્વરૂપમાં આસક્તિ રાખી..."ગિરિધર"ને પામવાવાળા છીતસ્વામી...ભવસાગર તરી ગયા...ત્યારે વાતાવરણમાંથી તો એક જ પંક્તિની ધૂમ્રસેર ઊપસી રહી હતી..

"જય જય શ્રી વલ્લભ રાજકુમાર."

(સમાપ્ત)

ભક્તકવિશ્રી છીતસ્વામીનાં કેટલાંક શ્રેષ્ઠ પદો

પ્રાત ભયૌ, જાગો બલ મોહન સુખદાઈ ।
જનની કહૈ બાર-બાર, ઉઠો પ્રાન કે અધાર,
મેરે દુખહાર, સ્યામસુંદર કનહાઈ ॥
દૂધ દહી, માખન, ઘૃત મિશ્રી, મેવા, બદામ,
પકવાન ભાઁતિ-ભાઁતિ વિવિધ રસ મલાઈ ।
'છીતસ્વામી' ગોવરધન-ધર, લાલ ભોજન કર,
ગ્વાલન કે સંગ બન, ગોચારન જાઈ ॥

* * *

કરત કલેઊ મોહન લાલ ।
માખન, મિશ્રી, દૂધ, મલાઈ, ફલ-મેવા પરમ રસાલ ॥
દધિ ઓદન પકવાન મિઠાઈ, ખાત ખવાવત ગ્વાલ ।
'છીતસ્વામી' બન ગાય ચરાવન, ચલે લટકિ પસુપાલ ॥

* * *

ખિરક ખિલાવત ગાયન ઠાઢે ।
ઇત નંદલાલ લલિત લરિકન સઁગ, ઉનૈ ગોપ મહાબલ ઠાઢે ॥
સુનિ નિજ નામ નેંચુકી નિકસી, ચલિ બછરા જબ કાઢે ।
અપની જનની જાનિ લાગિ યે, પીવત નવલ અષાઢે ॥
નિર્તત, ગાવત, બસન ફિરાવત, ગિરિહિં સિખરિ પર આઢે ।
'છીતસ્વામી' હમહી બસે જબ તેં, ઇનહિ મેલિ સકલ સુખ બાઢે ॥

* * *

મેરી અઁખિયન કે ભૂષન ગિરિધારી ।
વલિ-વલિ જાઉઁ છબીલી છવિ પર, અતિ આનંદ સુખકારી ॥
પરમ ઉદાર ચતુર ચિંતામનિ, દરસ-પરસ દુખહારી ।
અતુલ સુભાવ તનક તુલસી દલ, માનત સેવા ભારી ॥
'છીતસ્વામી' ગિરિધરન બિસદ જસ, ગાવત હૈં કુલ-નારી ।
કહા બરન ગુન-ગાથ નાથ કે, શ્રી વિઠ્ઠલ હૃદય વિહારી ॥

○ ○ ○

મેરી અઁખિયન દેખો ગિરિધર ભાવૈ ।
કહા કહૌં તોસોં સુનિ સજની, ઉતહીં કોં ઉઠિ ધાવૈ ॥
મોર મુકુટ કાનન કુંડલ લલિ, તન-ગતિ સબ બિસરાવૈ ।
બાજૂબંદ, કંઠ મનિ-ભૂષન, નિરખિ-નિરખિ સચુ પાવૈ ॥
'છીતસ્વામી' કટિ છુદ્ર ઘંટિકા, નૂપુર પદહી સુનાવૈ ।
ઇહિં છવિ સદા શ્રી વિઠ્ઠલ ઉર, મો મન મોદ બઢાવૈ ॥

○ ○ ○

મેરે નૈનન ઇહૈ બાન પરી ।
ગિરિધરલાલ મુખારવિંદ-છવિ, છિન-છિન પિવત ખરી ॥
પાગ સુદેસ લાલ અતિ સોહત, મોતિન કી દુલરી ।
હરિ-નખ ઉરહિં બિરાજત, મનિ-ગન જટિત કંઠસિરી ॥
'છીતસ્વામી' ગોવરધન-ધર પર, વારૌં તન-મન રી ।
વિઠ્ઠલનાથ નિરખિ કૈ ફૂલત, તન-સુધિ સબ બિસરી ॥

○ ○ ○

લાલ લલિત લલિતાદિક સંગ લિઓં,
બહરૈ રી બન બસંત રિતુ કલા સુજાન ।
ફૂલન કી ગેંદ, કલી ટપકત પટ ઉર છિએઁ,
હઁસત લસત હિલ-મિલિ સબ, સકલ ગુન-નિધાન ॥
ખેલત અતિ રસ જુ રહ્યૌ, રસના હૂ પરૈ ન કહ્યૌ,
નિરખિ-પરખિ થકિત ભયૌ, સઘન ગગન-યાન ।
'છીતસ્વામી' ગિરિધર શ્રી વિઠ્ઠલ-પદ-પદમ-રેંનુ,
વર પ્રતાપ મહિમા તેં, કીયૌ કીરતિ-ગાન ॥

○ ○ ○

મરગંજી ઔર કુંદ માલ, લોચન અલસાત લાલ,
ડગમગાત ચરન ધરન ધરત, રૈન જાગે ।
ભાલ તેં ખસ મોર મુકુટ ભૃકુટી કે આયૌ નિકટ,
સિથિલ ચપલ ચંદ્રિકા સોં બાઁધી પાગ તાગે ॥
અતિસય કુસુમ તન સુહાતિ, કહૂઁ-કહૂઁ કુમકુમ કી કાઁતિ,
મદન નૃપતિ પીક છાપ જુગ કપોલન લાગે ।
'છીતસ્વામી' ગિરિવર-ધર સોભિત ચહુઁ ઓર ભ્રમર,
સંગ મેં ગુન-ગાન કરત ફિરત આગૈ-આગૈ ॥

○ ○ ○

સુમરિ મન ગોપાલ લાલ, સુંદર અતિ રૂપ-જાલ,
મિટિ હૈ જંજાલ સકલ, નિરખત સંગ ગોપ-બાલ ।
મોર-મુકુટ સીસ ધરૈ, બન-માલ સુભગ ગરૈં,
સબકૌ મન હરૈં દેખિ, કુંડલ કી ઝલક ગાલ ॥
આભૂષન સંગ સોહૈં, ભોતિન કે હાર પોહૈં,
કંઠશ્રી સોહૈ દગ, ગોપી નિરખત નિહાલ ।
'છીતસ્વામી' ગોવરધન ધારી કુઁવર નંદ-સુવન,
ગાયન કે પાછે-પાછે, ધરત હૈ લટકીલી ચાલ ॥

○ ○ ○

ભોગ સિંગાર જસોદા મૈયા, શ્રી વિઠ્ઠલનાથ કે હાથ કૌ ભાવૈ ।
નીકે ન્હવાય સિંગાર કરત હૈ, આછી રુચિ સોં મોહિ પાગ બઁધાવૈ ॥
તાતેં સદાઁ હૌં વાહીં રહત હોં, તૂ ડર મોહિ માખન-દૂધ છિપાવૈ ।
'છીતસ્વામી' ગિરિધરન શ્રી વિઠ્ઠલ, નિરખત નૈના અનત ન જાવૈ ॥

○ ○ ○

ગોવરધન ગિરિ પર ઠાઢે લસત ।
ચહુઁ દિસિ ધેનુ ધરનિ ધાવત, તબ નવ મુરલી મુખ લસત ॥
મોર મુકુટ બનમાલ મરગજી, કછુક ફૂલ સિર ખસત ।
નવ ઉપહાર લિઐં સબ ગ્વાલિન, નિરખિ દગંચલ હસત ॥
'છીતસ્વામી' બસ કિયૌ ચાહત હૈં, સંગ સખા ગુન ગ્રસત ।
ઝૂઠેહિં મિસ કરિ ઇત-ઉત ચાહત, શ્રી વિઠ્ઠલ મન બસત ॥

○ ○ ○

રાધે રૂપ નિધાન ગુન-આગરી, નંદનંદન રસિક સંગ ખેલી ।
કુંજ કે સદન અતિ ચતુર વર નાગરી, ચતુર નાગર સોં કરતિ કેલી ॥
નીલ પટ તન લસૈ, પીત કંચુકી કસૈ, સકલ અંગ ભુવનનિ રૂપ રેલી ।
પરમ આનંદ સોં લાલ ગિરિધરન, હદૈ સૌ લાગિ-લાગિ ભુજન કરિ મેલી ॥
'છીતસ્વામી' નવલ વૃષભાનુ-નંદની કરતિ, સુખ-રાસિ પીય સંગ નવેલી ।
સહચરી મુદિત સબ જામ રંધ્રનિ નિરખિ, માનૈં અપનૌ ભાગ કરત કેલી ॥

○ ○ ○

અતિ હી કઠિન કુચ ઊઁચે દોઉ નિતંબનિ સોં,
ગાઢે ઉર લાયકૈં સો મેટી કામ-હૂક ।
ખેલત મેં લર ટૂટી, ઉર પર પીક પરી,
ઉપમા કો બરનત ભઈ મતિ મૂક ॥
અધર અમૃત-રસ ઉપર તેં અઁચવાયૌ,
અંગ-અંગ સુખ પાયૌ, ગયૌ દુખ-દૂક ।
'છીતસ્વામી' ગિરિવર-ધર રાય લૂટ્યૌ મનમથ,
વૃંદાવન-કુંજન મેં, મૈં હૂ સુની કૂક ॥

○ ○ ○

શ્રી કૃષ્ન કૃપાલુ કૃપાનિધિ, દીનબંધુ દયાલ ।
દામોદર બનવારી મોહન, ગોપીનાથ ગુપાલ ॥
રાધારમન બિહારી નટવર, સુંદર જસુમતિ બાલ ।
માખન ચોર ગિરિધર મનહારી, સુખકારી નંદલાલ ॥
ગોચારી ગોવિંદ ગોપપતિ, ભાવન મંજુલ ગ્વાલ ।
'છીતસ્વામી' સોઈ અબ પ્રગટે, કલિ મેં વલ્લભ-લાલ ॥

○ ○ ○

ગાઊઁ શ્રીવલ્લભનંદન કે ગુન, લાઊઁ સદા મન અંગ-સરોજન ।
પાઊઁ પ્રેમ-પ્રસાદ તિતચ્છન, ગાઊઁ ગોપાલ ગહેં ચિત ચોજન ॥
નવાઊઁ સીસ, લડાઊઁ લાલૈ, આયૌ સરન ઇહૈ પ્રયોજન ।
'છીતસ્વામી' ગિરિધરન શ્રીવિઠ્ઠલ, ઊપરવારૌ કોટિ મનોજન ॥

○ ○ ○

મોહિ બલ હૈ દોઊઁ ઠૌર કૌ ।
એક ભરોસૌ હરિ-ભક્તન કૌ, દૂજૌ નંદકિસોર કૌ ॥
મનસા વાચા કરમના, વર નાહિં ભરોસો ઔર કૌ ।
'છીતસ્વામી' ગિરિધરન શ્રી વિઠ્ઠલ, વલ્લભ-કુલ સિરમૌર કૌ ॥

○ ○ ○

જે બસુદેવ કિયે પૂરન તપ, તેઈ ફલ ફલિત શ્રી વિઠ્ઠલ દેવ ।
જે ગોપાલ હુતે ગોકુલ મેં, સોઈ અબ આનિ બસે નિજ ગેહ ॥
જે વે ગોપ-વધૂ હીં વ્રજ મેં, સો અબ વેદ-ઋચા ભઈ યેહ ।
'છીતસ્વામી' ગિરિધરન શ્રી વિઠ્ઠલ, તેઈ એઈ, એઈ તેઈ, કછુ ન સંદેહ ॥

○ ○ ○

મહાપ્રભુજીની

૮૪ બેઠકોનું ચરિત્ર

પ્રો. શાંતિલાલ મહેતા

મહાપ્રભુજીની ૮૪ બેઠકોનું સુંદર ચરિત્રવર્ણન, બેઠકજીના પ્રાકટ્ય અને સ્વરૂપની સમજ, દરેક બેઠકની વિસ્તૃત માહિતી અને તેનું કથાચરિત્ર સુંદર ભાષામાં આપેલ છે. ઉપરાંત ગુંસાઇજીની ૨૮ બેઠકો, ગોકુલનાથજીની ૧૩, હરિરાયજીની ૭, ગિરધરજીની ૪ તથા અન્ય ગોસ્વામી બાળકોની બેઠકો અને ચરણચોકીઓના ચરિત્રો છે.

વૈષ્ણવોને પ્રિય બને અને દરરોજ દર્શન કરી શકે તેવા મંગળા, સિંગાર, રાજભોગ, ઉત્થાપન, સંધ્યા, આરતી અને શયનનાં સુંદર ભાવવાહી રંગીન ચિત્રો ઉપરાંત વૈષ્ણવ આચાર્યોનાં અસલ રંગીન ચિત્રો

૪૦૦ પાનાનો ગ્રંથ

પ્રવીણ પુસ્તક ભંડાર

લાભ ચેમ્બર્સ, મ્યુ. કૉર્પો. સામે, ઢેબર રોડ, રાજકોટ.
ફોન : ૨૩૨૪૬૦/૨૩૪૬૦૨

પ્રવીણ પ્રકાશનના શ્રેષ્ઠ પ્રકાશનો

ભગવદ્ગોમંડલ ભા. ૧ થી ૯	ગુજરાતીનો મહાન જ્ઞાનકોશ	૪૦૦૦/-
ચંન્દ્રકાન્ત ૧-૨-૩	ઇચ્છારામ સૂ. દેસાઈ	૪૭૫/-
દ્વાદશ જ્યોતિર્લિંગ	(બાર જ્યોતિર્લિંગનો સચિત્ર મહાન ગ્રંથ)	૬૦૦/-
પ્રવીણ સાગર	મહેરામણજી	૫૦૦/-
સિંહ દર્શન	ચંદ્રકાન્ત પટેલ	૪૫૦/-
વનસ્પતિશાસ્ત્ર	જયકૃષ્ણ ઇન્દ્રજી	૭૦૦/-
મેઘદૂતમ્ (પાંચ ભાષામાં)	મહાકવિ કાલિદાસ	૫૦૦/-
ભારતના આધ્યાત્મિક રહસ્યોની ખોજમાં	પોલ બ્રન્ટન	૧૩૫/-
આપણા પ્રતિનિધિ સારસ્વતો	ડૉ. રમેશ શુક્લ	૨૦૦/-
વિશ્વના મહાન વૈજ્ઞાનિકો	ડૉ. ભાયાણી	૩૦૦/-
ભારતના મહાન વૈજ્ઞાનિકો	ડૉ. ભાયાણી	૨૫૦/-
વિશ્વના મહાન ગણિતશાસ્ત્રીઓ	ડૉ. ભાયાણી	૩૫૦/-
ધર્મસિન્ધુ	(કર્મકાંડનો મહાન ગ્રંથ)	૨૦૦/-
સૌરાષ્ટ્રનો ઇતિહાસ	શંભુપ્રસાદ દેસાઈ	૨૦૦/-
પ્રાચીન ભૃગુસંહિતા	મહર્ષિ ભૃગુ	૩૦૦/-
પ્રભાતના પુષ્પો	વજુ કોટક	૧૨૫/-
શ્રીકાંત ૧ થી ૪	શરદબાબુ	૧૩૫/-
ગોરા ૧-૨	ટાગોર	૯૦/-
ગોદાન	પ્રેમચંદ	૭૨/-
દિવ્ય મંદિર મારા દેવના રે	જોરાવરસિંહ જાદવ	૨૦૦/-
પ્રવાસ-ભારતી	(પ્રવાસ માટે ખૂબ ઉપયોગી ગ્રંથ)	—
કલા-પાથેય (ચિત્રકલાનો ગ્રંથ)	કનુ નાયક	૧૫૦/-
નાચ્યો બહુત ગોપાલ	અમૃતલાલ નાગર	૧૨૭/-
ભારતનાં નારીરત્નો ભાગ ૧ થી ૪	શાંતિલાલ જાની	૨૧૫/-
આયુર્વેદની સોનેરી સિદ્ધિઓ	કાંતિભાઈ વૈદ્ય	૧૧૫/-
આઠોં જામ ખુમારી	અમૃત ઘાયલ	૩૫૦/-
યોગવિદ્યા	ભાણદેવ	૨૫૦/-
હોંકારો આપો તો કહું	રમેશ પારેખ	૧૫૦/-

પ્રવીણ પ્રકાશન, લાભ ચૅમ્બર્સ, મ્યુ. કૉર્પો. સામે, રાજકોટ.